
વર્ષ : ૨૦
અંક : ૭
સપ્ટેમ્બર ૧૯૬૩
ભાદ્રપદ ૨૦૧૯



શ્રી કચ્છ દેશના પ્રાચીન અને પ્રભાવક
શ્રી ભદ્રેશ્વરજી મહાતીર્થનું ભવ્ય દૃશ્ય

વાર્ષિક લવાજમ
રૂા. ૫-૫૦

માનદસંપાદક:
કીરચંદ જે. શેઠ

છુટક કિંમત
૬૨ ન. પૈ.

# કલ્યાણ

# વિષય દર્શન


લેખ : લેખક : પૃષ્ઠ

ઉઘડતે પાને : સં. ૫૮૩

વિશેષાંકને આવકાર : ૫૮૪

ત્યાગનું પહેલું કદમ : શ્રી મો. ચુ. ધામી ૫૮૫

કહો, ભાઈ આ કોણ હશે ? :
શ્રી પન્નાલાલ મશાલીઆ ૫૮૭

નવા સભ્યોની શુભ નામાવલી : ૫૮૮

નારી તીક્ષ્ણ કૃપાણ : શ્રી કલકંઠ ૫૯૧

જૈન શાસનની આધાર શીલા : શ્રી સૌમ્ય ૫૯૫

જીવ માત્રની રક્ષા કરો :
શ્રી બ્રહ્મક્ષત્રિય ડૉ. યોગી ૬૦૦

ઉપકારી સૂરિજીને કોટિકોટિ વંદન :
શ્રી નવીનચંદ્ર મ. શાહ ૬૦૪

પ્રકૃતિનું અદ્દહાસ્ય :
શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ ૬૦૯

ધ્યાનનો પ્રભાવ : પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી મ. ૬૦૭

લેબલ અને ઢાંકણ : શ્રી પ્રભાકર રાચ્છ ૬૧૧

બાલ જગત : શ્રી નવિન ૬૧૫

આત્માની ઓળખ કરી લો
શ્રી ઉજમશી જુઠાલાલ શાહ ૬૨૦

જ્ઞાનવિજ્ઞાનની તેજછાયા : શ્રી કિરણ ૬૨૩

રામાયણની રત્નપ્રભા : શ્રી પ્રિયદર્શન ૬૨૭

મંત્ર પ્રભાવ : શ્રી મો. ચુ. ધામી ૬૩૩

પ્રશ્નોત્તર કર્ણિકા : શ્રી ધર્મરુચિ ૬૩૯

પૂ. પ્રભાવકસૂરિદેવશ્રીને ભાવભરી વંદના : સં. ૬૪૧

સમાચારસાર : સંકલિત ૬૪૪



## પ્રાચીન જિનાલયના જીર્ણોદ્ધારમાં

# અવશ્ય સહાય કરો !

ઉત્તર ગૂજરાતમાં પાટણથી ૮ ગાઉ ઉપર વાંસા ગામમાં પ્રાચીન શ્રી શાંતિનાથજી ભ.નું ભવ્ય જિનાલય છે, શ્રાવકોના ૮ ઘરો છે, શ્રી શંખેશ્વરજી તથા શ્રી ભીલડીયાજીના વિહારમાં આવતું આ ગામ છે. જિનાલય જીર્ણ થયેલ છે, તેના જીર્ણોદ્ધારની આવશ્યકતા હોવાથી તે કાર્ય અમે શરૂ કરેલ છે, રૂા. ૧૦ થી ૧૨ હજારનું કામ છે, તો સમસ્ત ભારતના જૈન સંઘોને તથા પૂ. પાદ આચાર્યાદિ મુનિવરોને નમ્ર વિનંતિ કે, વાંસા ગામનાં જિનાલયનાં જીર્ણોદ્ધારના શુભ કાર્યમાં અમને દેરાસરજીના દેવદ્રવ્યમાંથી સારી રકમની સહાય મળે તેમ કરવા કૃપા કરો !

—: સહાય મોકલવાનાં સ્થળો :—

[૧] **શાહ પુનમચંદ વીરચંદ**
(વા.-પાટણ) મુ. વાંસા
(ઉ. ગૂ.) (જી. મહેસાણા)

[૨] **શાહ ચુનીલાલ ઘેલચંદભાઈ**
કાપડના વ્યાપારી, ઠે. ત્રણ દરવાજા
પાટણ (ઉ. ગૂ.)


## શ્રી શ્રાવણચંદ્ર કે. ધરોડ હૈદ્રાબાદ



જેઓ કલ્યાણના માનદ પ્રચારક છે, 'કલ્યાણ'નું પ્રચાર કાર્ય તન, મન, ધનથી હૈદ્રાબાદ ખાતે શરૂ કર્યું છે, શાસન સેવાની તેમને મન ખૂબ જ તમન્ના છે.

# ઉઘડતે પાને

### ॐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વના મંગલ અવસરે 'કલ્યાણે' ૨૫૬ પેજ ૩૨ ફર્માનો દળદાર વિશેષાંક પ્રસિદ્ધ કરી વાચકોના કરકમલમાં મૂકેલ; જે માટે સંખ્યાબંધ શુભેચ્છકો તરફથી અમને આવકારદાયક શુભેચ્છા–સંદેશાઓ પ્રાપ્ત થયા છે, જે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ.

કેવલ જૈનશાસનની સેવા કાજે તેમજ સાહિત્ય અને સંસ્કૃતિના પ્રચાર કાજે અમે પ્રયત્નશીલ છીએ. તેમાં અમને પ્રોત્સાહન આપનારા તથા પ્રેરણા આપનારા સર્વ કોઈના અમે ઋણી છીએ વિવિધ વિષયોથી યુક્ત તેમજ મનનીય સાહિત્યથી સમૃદ્ધ તે વિશેષાંકની પાછળ અમે લીધેલી મહેનત સફળ થઇ છે, તેથી અમે અતીવ આનંદ અનુભવીએ છીએ.

જીવમાત્ર કેવલ સુખને ઇચ્છે છે; સુખની પ્રાપ્તિ જ સર્વ કોઇનો ઉદ્દેશ છે; પણ સુખ ધર્મની આરાધનાથી પ્રાપ્ત થાય છે, આ હકીકત વિવેકી આત્માઓ જ જાણી–સમજી શકે છે. સુખનો મુખ્ય માર્ગ પ્રાણીમાત્રને સુખ આપવા માટે પ્રયત્ન કરવો તે છે; દુઃખ ન જોઇતું હોય તો કોઇને પણ મન, વાણી કે કાયાથી દુખ ન આપો! આ સર્વમાન્ય હકીકત આજે ભારત જેવા સંસ્કૃતિપ્રધાન દેશમાં ભૂલાતી જાય છે, એ કેવી કમનશીબી!

દેવનારના યાંત્રિક કતલખાનાની વિઘાતક યોજના કેંદ્ર સરકાર તથા મહારાષ્ટ્ર રાજ્યના સહકારથી મૂર્તરૂપ લઇ રહી છે; તે ખરેખર સંસ્કૃતિનું કાળું કલંક છે; ભારતીય પ્રજા પરનો અત્યાચાર જ છે. માંસાહારમાં માનનારી પ્રજાના ભોગે જીવદયા પ્રેમી જનતા પરનો આ જુલમ કોઈપણ રીતે અટકવો જોઇએ. 'જીવોને જીવવા દો'નો ભારતીય આદર્શ પર છીણી મૂકનારી આવી યોજના કોઈ રીતે અટકવી જ જોઇએ.

માટે જ અમારો સર્વ કોઈને નમ્ર અનુરોધ છે કે, ભારતીય સંસ્કૃતિના કાળા કલંકરૂપ તથા જીવદયા પ્રેમી પ્રજાની ધાર્મિક લાગણીને દુભવનારી આ સંસ્કૃતિની શરમરૂપ યોજનાનો સર્વ કોઈ તન, મન, ધનથી વિરોધ કરે! ને જ્યાં સુધી આ યોજના સદંતર બંધ ન થાય ત્યાં સુધી કોઈપણ સંસ્કૃતિ પ્રેમી ઝંપીને બેસે નહિ.

'કલ્યાણ' પણ દેવનાર કતલખાનાની યોજનાની સામે મક્કમ દિલે પોતાનો વિરોધ નોંધાવે છે, ને યાંત્રિક કતલખાનાના વિરોધમાં પોતાના કોલમો હવેથી આગામી અંકથી ખૂલ્લા મૂકે છે. સર્વ કોઈ જીવદયા પ્રેમી મહાનુભાવો 'કલ્યાણ' દ્વારા કતલખાનાની યોજના સામે પોતપોતાનો ઉગ્ર વિરોધ જાહેર કરતા રહો!

---

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ ** માનદ સહ સંપાદક : નવીનચંદ્ર ર. શાહ

# પર્યુંષણાપર્વ વિશેષાંકને આવકાર

'કલ્યાણ' નો વિશેષાંક ઘણોજ સુંદર નીકળ્યો છે. કામ ઘણું જ સુંદર કર્યું છે. ખરેખર તમારો અથાગ પરિશ્રમ લેખે લાગ્યો છે. શ્રી શંખેશ્વર દાદાની મહેર તમારા પર અવિચળ રહે! નિસ્વાર્થભાવે આવું સુંદર કામ અન્ય કોઇ કરી શકે નહિ. સમાજમાં ઘણાં વિશેષાંકો નીકળ્યા છે, પણ વિવિધ વાંચન તેમજ સુંદર સાહિત્ય સામગ્રીમાં તથા સુઘડ છાપકામમાં કલ્યાણ વધી જાય છે. આ વિશેષાંક અત્યાર સુધીના વીસ વરસના અંકમાં ખરેખર યશસ્વી બની રહેશે

તા. ૧૭-૮-૬૩ મનસુખભાઇ દીપચંદ મુંબઈ
('કલ્યાણ' ના માનદ પ્રચારક)

પર્યુષણાપર્વનો વિશેષાંક મળ્યો. આવો [redacted] વિશેષાંક પ્રસિદ્ધ કરવા માટે ધન્યવાદ.

તા. ૧૯-૮-૬૩ **શ્રી ખુબચંદ કેશવલાલ-શિરોહી**

કલ્યાણનો પર્યુષણાંક મળ્યો. આજસુધીના 'કલ્યાણ' ના ઇતિહાસમાં આ અંક બેનમૂન બન્યો છે. પ્રીન્ટીંગ અને સાહિત્ય બન્ને સુંદર બન્યું છે

ભા. શુદિ ૧; **પૂ. મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ.-બ્યાવર**

'વિશેષાંક' નું કામ દરેક દૃષ્ટિયે સુંદર બન્યું છે.

તા. ૨૩-૮-૬૩ **શ્રી નવીનચંદ્ર મગનલાલ શાહ-ભુજ**

આ વખતનો કલ્યાણનો વિશેષાંક જોઇ ઘણો જ હર્ષ થયો છે અંક ઘણો જ સુંદર છે.

ભા. શુદિ ૨ **શ્રી દીપચંદ ટી શાહ-દુવડ**

પર્યુષણાંક મળ્યો તમારો પુરુષાર્થ પ્રશંસનીય છે. કલ્યાણ માસિકમાં દિનપ્રતિદિન વિવિધતા જોવા મળે છે, તેથી આનંદ થાય છે

તા. ૧૯-૮-૬૩ **પૂ મુનિરાજ શ્રી કસ્તુરસાગરજી મ.-પાલીતાણા**

'વિશેષાંકની આપની મહેનત બદલ અભિનંદન.'

તા. ૨૬-૮-૬૩ **શ્રી સેવંતીલાલ જૈન-મુંબઇ**

આ ખાસ અંકના પ્રકાશનથી આપે ભારે સાહસ ખેડીને સુંદર અને પ્રશંસનીય કાર્ય કર્યું છે આમ 'કલ્યાણ' પ્રગતિના પંથે ધપી રહ્યું છે, તેથી આપને ધન્યવાદ. શાસન સેવા આ રીતે કરતા રહો!

તા. ૨૬-૮-૬૩ **શ્રી પ્રવીણકુમાર કુંવરજી-ધરોડ** (હૈદ્રાબાદ)

'કલ્યાણ' નો પર્યુષણાંક બેનમૂન બન્યો છે. જૈન સમાજમાં નીકળતાં પર્યુષણાંકોમાં કલ્યાણ આગળ છે. અજોડ ધાર્મિક વાંચન પુરૂં પાડે છે. રંગભરી ખીલવણી પણ ઘણી જ આકર્ષક નીવડી છે, મહેનત સફળ નીવડી છે.'

તા. ૨૪-૮-૬૩ **વૈદ્યરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ-ઝીંઝુવાડા**

પર્યુષણાપર્વ વિશેષાંક-કલ્યાણને આવકારતા સંદેશા માટે અમે સહુ શુભેચ્છકોના ઋણી છીએ! આવકારના વધુ સંદેશા આગામી અંકે પ્રસિદ્ધ કરીશું. —સંપાદક.

# કલ્યાણ

વર્ષ ૨૦ : અંક ૭ : ભાદરવા ૨૦૧૯ : સપ્ટેમ્બર ૧૯૬૩

## ત્યાગનું પહેલું કદમ!

વૈદ્યરાજ શ્રી
મોહનલાલ ચુ. ધામી.

જીવનનું અમૃત ત્યાગમાં છૂપાયેલું છે; રાગમાં નહિ. જે લોકો રાગમાં રહીને અમૃત શોધવાનો પુરુષાર્થ કરે છે તે લોકો કદી પણ અમૃતનાં સ્વામી બની શકતા નથી. જે લોકો સર્વ ત્યાગની આરાધના કરીને અમૃત મેળવવાનો પુરુષાર્થ કરે છે, તે લોકો અમૃત રૂપ બની જતા હોય છે.

અમૃતમય બની જવું એ નાનીસૂની વાત નથી. ત્યાગની આરાધનામાં જરા સ્ખલન થયું કે તરત અમૃત દૂર ચાલ્યું જવાનું. એટલે ત્યાગનો માર્ગ જરાયે સહેલો નથી.... અતિ દુષ્કર છે...એથી જ ઇચ્છા હોવા છતાં દરેક લોકો તે માર્ગે ચાલી શકતા નથી.

દાન એ પણ ત્યાગનું જ એક પ્રાથમિક સોપાન છે. કોઇપણ પ્રકારની અપેક્ષા રાખ્યા વગર દાન કરવું એ ત્યાગ માફક સહજ-સરલ નથી.

પોતાની પાસે અઢળક સંપત્તિ હોય કે મર્યાદિત સંપત્તિ હોય....એને જે માનવી પોતાની માનતો નથી તે જ અનાસક્તભાવે દાન કરી શકે છે.

આજે દાન તો ઘણા લોકો કરે છે. કોઇ મોટું દાન કરે છે, કોઇ સર્વસ્વ સમર્પણ કરે છે, કોઈ અમુક અંશ આપે છે. પરંતુ આ રીતે પરિગ્રહનો બોજ હળવો કરનાર માનવી જો દાન પાછળ નામની, કીર્તિની કે ઉપકાર કર્યાની ભાવના રાખવા માંડે છે તો એ દાન કેવળ એક ઔપચારિક ક્રિયા બની જાય છે.

દાન આપનારે એક વાત લક્ષ્યમાં રાખવી જોઈએ કે દાન એ પોતાની શાહુકારીનો

પરિચય આપનારી જાહેરાત નથી....પરંતુ પોતાના મસ્તક પર પડેલો પરિગ્રહનો બોજો હળવો કરવાનું એક સહજ કર્તવ્ય છે!

દાન આપનારે એ પણ સમજી લેવું જોઇએ કે કીર્તિના બદલા રૂપે અપાતું દાન એ કેવલ એક સોદો છે!

પોતાના સ્નેહી સ્વજનોના નામને ચમકાવવા ખાતર અપાતું દાન એ પણ એક પ્રકારનું વિજ્ઞાપન છે. જેમ ધંધાની જાહેરાત કરવા પાછળ ધન ખર્ચવું પડે છે તેમ.

દાન લેનારને પણ કલ્પના ન આવે કે દાન આપનાર કોણ છે? ત્યારે જ દાન આપનારને દાનનું આધ્યાત્મિક ફળ મળે છે.

આપણા દેશમાં દાનનો મહિમા ખૂબ જ છે. દાન આપનારાઓએ કેવલ રાજપાટ નહિ, પોતાના પ્રાણ પણ આપી દીધા છે....અને આવા અર્પણ ભાવ પાછળ કોઈ પ્રકારની તમન્ના સરખીયે રાખી નથી. ઇતિહાસમાંથી આવા અનેક દૃષ્ટાંતો મળી શકે છે.

પરંતુ જ્યારથી આપણા જીવન પર પશ્ચિમની સંસ્કૃતિની વિષાક્ત છાયા પડવી શરૂ થઇ છે, ત્યારથી આપણાં હૈયામાં દાનનો બદલો મેળવવાની ભાવના જાગી પડી છે.

કોઇ માનવી એમ કહે કે દાન આપનારની કીર્તિ પ્રત્યે જોઇને બીજાઓનાં અંતરમાં દાન ભાવના જાગે છે. અર્થાત્ દાન આપનારનો જયનાદ ગજવવામાં આવે તો બીજાઓને પ્રેરણા મળે છે!

દાન એ ત્યાગ નથી પણ એક સોદો છે એવું માનનારાઓ માટે આ પ્રકારનો જયનાદ ભલે આવશ્યક ગણાતો હોય....પરંતુ પરિગ્રહનો બોજ હળવો કરવાની ભાવના સાથે આવી કોઈ દલિલ સુસંગત થઇ શકે નહિં, કારણ કે દાન એ ત્યાગનું સોપાન છે. ત્યાગની મર્યાદા જેટલી કાળજીથી જાળવવી જોઈએ, તેટલી જ કાળજી દાન આપનારે પણ રાખવી જોઈએ. જેમ ધ્યાનમાં બેઠેલો માનવી માત્ર આંખો બંધ કરીને બેધ્યાન રહે છે, તેમ દાન આપનાર માનવી દાનનું મૂલ્યાંકન મેળવવાની ઇચ્છા રાખે તે આધ્યાત્મિક ફળ આપનારી વસ્તુ નથી.

દાન એ કેવળ વ્યવહારની વસ્તુ નથી. એને વ્યવહારની વસ્તુ બનાવનારાઓ કાં તો દાનના તેજથી અજ્ઞાન હોય છે, અથવા કીર્તિ દ્વારા ખ્યાતિ પ્રાપ્ત કરવાની છૂપી તૃષા રાખતા હોય છે.

દાન એ કેવળ જીવનને અમૃતમય બનાવનારા ત્યાગમાર્ગનું પહેલું સોપાન છે.

આવી ભવ્ય વસ્તુને કીર્તિ, નામ કે વિજ્ઞાપન વડે વેડફી નાખવાથી તેનાં શુભ ફળો દેનારને નથી મળતાં....લેનારને તો મળે જ ક્યાંથી?

# કહો, આ ભાઈ કોણ હશે ?



તમને કહું નહિ ત્યાં સુધી તમે માનશો નહિ; આ ભાઇ કોણ હશે એનો તમને ખ્યાલ નહિ હોય અને એના વિષે તમને કોઇપણ જાતની કલ્પના પણ નહિ આવે. હવે જ્યારે કહું છું ત્યારે તમે સાંભળી લ્યો કે આ એક કોળી-ઠાકોરભાઈ છે. જન્મથી કંઇ જૈન નથી, પણ છતાં જૈનધર્મના સુસંસ્કારોથી એનો આત્મા ખુબ વાસિત છે. જૈનધર્મને એ ઘણા આદર અને સંમનથી માને છે. એટલું જ બસ નથી, એની ક્રિયા અને અનુષ્ઠાનોમાં પણ તે સુખની અજબ મસ્તી અને લાગણી અનુભવે છે. ક્યારેક તે આઠમ-ચૌદશ આયંબિલ પણ કરે છે. આ પહેલાં એણે ચાર ઉપવાસ પણ કરેલા. આ પર્યુષણ પર્વમાં પણ એણે ચોસઠ પ્રહોરી પૌષધની સાથે અઠ્ઠાઇ-તપ પણ ઘણી સુંદર રીતે કર્યો હતો, ત્યારે આ ભાઇ ઉપાશ્રયમાં સૌનું પ્રિયપાત્ર બની ગયા હતા.

આ ભાઇને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ ઉપર પણ અનન્ય શ્રદ્ધા છે. ઘણી વખત એમનાં દર્શન અને પૂજનનો તેણે અપૂર્વ લાભ લીધો છે. પૂ. પં. શ્રી કનકવિજયજી મ. સાહેબનો પણ તેને સારી રીતે પરિચય છે. ભાઇશ્રી ચીમનલાલ ભુરાલાલે ભારે વ્હાલપથી એનામાં સાત્ત્વિકતા અને સંસ્કારોની મીઠી સૌરભ પ્રસરાવી છે.

એનું નામ છે રામા ધના. ઉ. વર્ષ ૨૨ જ્ઞાતિએ તે કોળી-ઠાકોર છે. પણ જીવદયાના કાર્યમાં એ ખુબ સક્રિય રસ લે છે. એક દિવસ તળાવમાં માછલાં મરાતાં જોઈ એનો આત્મા કકળી ઉઠયો ત્યારે ચોમાસાના દિવસો હતા. રાતના બાર વાગી ગયા હતા આકાશ વાદળાંથી ઘટાટોપ બની ગયું હતું. સર્વત્ર અંધકાર વ્યાપી ગયો હતો. સામે પાંચ સાત આદમી હતા અને છતાં નહિ ડરતાં તે પોતાના એક ભેરુ સાથે તળાવ ઉપર પહોંચી ગયો. અહીં ખાલી વાતો જ કરવાની ન હતી. અહીં તો જાનની બાજી જ લગાવવાની હતી. ત્યાં જઇ ભારે જહેમતે તેણે માછીમારોને એમના ઘર સુધી હાંકી કાઢયાં.

શું આ એનો મોટામાં મોટો ગુણ નથી?

પન્નાલાલ જ. મસાલીઆ-રાધનપુર.

# નવા સભ્યોની શુભ નામાવલી

'કલ્યાણ' પ્રત્યેની આત્મીયભાવ પૂર્વકની શુભલાગણીથી પ્રેરાઈને જેઓએ સભ્ય તરીકે નામ નોંધાવીને તેમજ આર્થિક સહાયક બનીને અમને પ્રોત્સાહન આપેલ છે, તે તે સભ્યો તથા સહાયકોના તથા તેમને પ્રેરણા કરનાર પૂ. મુનિવરો તેમજ સાધ્વીજી મહારાજના કૃતજ્ઞભાવે અમે ઋણી છીએ. નવા સભ્યોની શુભ નામાવલી નીચે પ્રસિદ્ધ કરીએ છીએ.

⊙

**શ્રી મયાભાઇ મોહનલાલ (અમદાવાદ)ની શુભ પ્રેરણાથી થયેલા ચાર સભ્યો.**

૧૧) શ્રી રમણુલાલ ચુનીલાલ — અમદાવાદ
૧૧) શ્રી વીરચંદભાઇ છોટાલાલ — અમદાવાદ
૧૧) શ્રી રમણુલાલ છોટાલાલ — અમદાવાદ
૧૧) શ્રી પોપટલાલ રવચંદભાઇ — અમદાવાદ

**શ્રી જયંતિલાલ ગાંડાલાલ (નવસારી)ની શુભ પ્રેરણાથી થયેલા પાંચ સભ્યો.**

૧૧) શ્રી કુંદનમલ જસરાજ — નવસારી
૧૧) શ્રી ગોવીંદજી ગાંડાલાલ — નવસારી
૧૧) શ્રી ગાંડાલાલ પ્રેમચંદ — નવસારી
૧૧) શ્રી લાલચંદ ભીખાજી — નવસારી
૧૧) શ્રી ગાંડાલાલ લલ્લુભાઈ — નવસારી
૧૧) શ્રી નાગજીભાઇ ભીમશીભાઇ મુંબઇ પૂ. મુ. શ્રી જયપદ્મવિજયજી મ. ની શુભ પ્રેરણાથી
૧૫) શ્રી ધાનેરા જૈન તપગચ્છ સંઘ ધાનેરા પૂ. પ્રવર્તક શ્રી ચન્દ્રવિજયજી મ. ના સદુપદેશથી ભેટ
૧૩) શ્રી રસીકલાલ દેવરાજ કસાલા શ્રી નવયુગ પુસ્તક ભંડાર (રાજકોટ) ની શુભ પ્રેરણાથી

**શ્રી રતીલાલ હ. શાહની શુભ પ્રેરણાથી થયેલા ત્રણ સભ્યો.**

૧૧) શ્રી વીરચંદ મગનલાલ બગડીયા — ઇન્દ્રાડ
૧૧) શ્રી અનોપચંદ બાબુલાલ — મુંબઈ
૧૧) શ્રી છોટાલાલ મોતીચંદ મહેતા — મુંબઈ
૧૧) શ્રી શાંતિલાલ પરસોતદાસ મુંબઇ શ્રી શાંતિલાલ ઓધવજીની શુભ પ્રેરણાથી.
૧૧) શ્રી સેવંતીલાલ લીલાચંદ મુંબઇ શ્રી બાબુલાલ પી. ઝવેરીની શુભ પ્રેરણાથી.
૧૧) શ્રી હીમતમલજી કાનાજીભાઇ કોશીલાવ શ્રી સરદારમલ હસ્તીમલની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી જૈન પાઠશાળા લાયબ્રેરી — આંતરોલી
૧૧) શ્રી ધનરાજજી વીરચંદ જગરૂપજી વાપી. શ્રી શાંતિલાલ કે. શાહની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી જામનગર વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ પૂ. સા. શ્રી કનકપ્રભાશ્રીજી મ. ના સદુપદેશથી ભેટ
૧૧) શ્રી હરગોવનદાસ લીલાચંદ — ધીણોજ
૧૧) શ્રી બાબુલાલ છગનલાલ — નવસારી
૧૧) શ્રી રાજેન્દ્રકુમાર બબલદાસ — મહેસાણા
૧૧) શ્રી પ્રકાશ કેમીકલ્સ — સુરત
૧૧) શ્રી ચમનલાલ માણેકચંદ — મોરબી
૧૧) શ્રી અનંતરાય ભાયચંદ — કોચીન
૧૧) શ્રી અંબાલાલ ચંદુલાલ — મહેસાણા
૧૧) શ્રી લહેરચંદ ધનજીભાઇ સીરપુર પૂ. સા. શ્રી પદ્મલતાશ્રીજી મ. ની શુભપ્રેરણાથી
૧૧) શ્રી નવીનચંદ્ર જે. કોઠારી — અમૃતસર
૧૧) શ્રી કાંતીલાલ કાળીદાસ — કલકત્તા
૧૧) શ્રી સામજીભાઇ વેલજીભાઈ — મુંબઇ
૧૧) શ્રી પ્રેમચંદ તારાચંદ — અમદાવાદ

**શ્રી માણેકચંદ દયાભાઇ (સુરત)ની શુભ પ્રેરણાથી થયેલા બે સભ્યો.**

૧૧) શ્રી બાલુભાઇ કસ્તુરચંદ — સુરત
૧૧) શ્રી નાનચંદ રણછોડભાઇ — સુરત
૧૧) શ્રી દીલીપકુમાર હીરાચંદ જલગામ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ની શુભ પ્રેરણાથી.
૧૧) શ્રી ગગુશી પેથાભાઇ મુંબઇ શ્રીચંદ્રસેન મગનલાલની શુભ પ્રેરણાથી

૧૦) શ્રી જૈનસંઘ બાલાશીનાર પૂ. આ. મ. શ્રી જંબૂસૂરીશ્વરજી મ. ના સદુપદેશથી. ભેટ

૧૧) શ્રી શ્વે મૂર્તિપૂજક સંઘ ગાંધીધામ પૂ. મુનિરાજ શ્રી કલાપૂર્ણવિજયજી મ. ની શુભપ્રેરણાથી ભેટ

૧૧) શ્રી જૈન ઉપાશ્રય લણવા

૧૧) શ્રી રસીકલાલ ત્રિભોવનદાસ સરદારપુરા

૧૧) શ્રી ચમનલાલ મોહનલાલ અમદાવાદ

૧૧) શ્રી જયંતિલાલ કપુરચંદ મેતા મુંબઇ શ્રી બાબુલાલ ભગવાનજી (મુંબઇ)ની શુભપ્રેરણાથી.

૫) શ્રી જલગામ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ જલગામ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ની શુભપ્રેરણાથી ભેટ

૧૧) શ્રી પોપટલાલ અમૃતલાલ ખેરાણુ પૂ. મુ.શ્રી સુપ્રભવિજયજી મ ની શુભપ્રેરણાથી

૧૧) શ્રી વાઘજીભાઇ ચમનલાલ વીરવાડીયા ભાટવર શ્રી અમૃતલાલ એચ. દોશીની શુભપ્રેરણાથી

૧૧) શ્રી નરોતમદાસ જેઠાલાલ મુંબઈ શ્રી રમણીકલાલ મણીલાલની શુભપ્રેરણાથી

૧૧) શ્રી સ્થંભન તીર્થ તપગચ્છ સંઘ ખંભાત પૂ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી મ. ના શુભ પ્રેરણાથી ભેટ

૧૧) શ્રી અમૃતલાલ મણીલાલ અમદાવાદ

૧૧) શ્રી મોહનલાલ કોદરદાસ બાયડ

૧૧) શ્રી હઠીચંદ મેઘજીભાઇ ઠળીયા

૧૧) શ્રી અંબાલાલ ખીમચંદ નડીયાદ

૧૧) શ્રી બાબુલાલ ચુનીલાલ સમસેરપુર

૧૧) શ્રી કાનજી હીરજીની કું. જામનગર પૂ. મુ. શ્રી પ્રદ્યોતનવિજયજી મ. ની શુભ પ્રેરણાથી.

૧૧) શ્રી પૂ. સા. મ. શ્રી સુલોચનાશ્રીજી મ. ની શુભપ્રેરણાથી એક શ્રાવિકા બહેને તેમના સિદ્ધિતપ નિમિત્તે ભેટ પાલીતાણા

પૂ સા. શ્રી દર્શનશ્રીજી મ. ના શિષ્યા પૂ સા. શ્રી જયોતિપ્રભાશ્રીજી મ. ની શુભપ્રેરણાથી

૨૫) શ્રી શ્રાવિકાના ઉપાશ્રય તરફથી ભેટ સાવરકુંડલા

૧૧) શ્રી ધર્મદાસ શાંતિદાસ પેઢી સાવરકુંડલા

શ્રી રસીકલાલ રામચંદ્ર અમદાવાદની શુભપ્રેરણાથી થયેલા પાંચ સભ્યો

૧૧) શ્રી શાંતિલાલ મોહનલાલ અમદાવાદ

૧૧) શ્રી રૂપચંદભાઇ ખેંગારભાઈ અમદાવાદ

૧૧) શ્રી મફતલાલ મણીલાલ અમદાવાદ

૧૧) શ્રી ભીખાલાલ ચુનીલાલ અમદાવાદ

૧૧) શ્રી ચુનીલાલ લાલચંદ સણવાળ

૧૧) શ્રી વિનોદરાય હીરાચંદ ચોકસી રાજકોટ શ્રી શાંતિલાલ પોપટલાલની શુભપ્રેરણાથી

શ્રી પ્રવીણચંદ્ર કે. ધરોડ (હૈદ્રાબાદ)ની શુભ પ્રેરણાથી થયેલા ચાર સભ્યો.

૧૧) શ્રી મનુભાઇ વોરા હૈદ્રાબાદ

૧૧) શ્રી તરલાબેન ભીમશીભાઈ સાવલા હૈદ્રાબાદ

૧૧) શ્રી ખીમજી વેલજી ગાલા હૈદ્રાબાદ

૧૧) શ્રી વાલજી મુલજી હુંડેકાર હૈદ્રાબાદ

શ્રી મનસુખલાલ દીપચંદભાઇ મુંબઇની શુભ પ્રેરણાથી થયેલા વીસ સભ્યો

૨૫) શ્રી હીમતલાલ કું. મુંબઇ

૧૧) શ્રી શાંતિલાલ છોટાલાલ ,,

૧૧) શ્રી હરીલાલ કરસનજી ,,

૧૧) શ્રી જે. એલ. ઝવેરી. ,,

૧૧) શ્રી પોપટલાલ દેવશીભાઇ ,,

૧૧) શ્રી શાંતિલાલ ત્રીભોવનદાસ ,,

૧૧) શ્રી એસ. આર. શાહ ,,

૧૧) શ્રી ચુનીલાલ ઝવેરચંદ ,,

૧૧) શ્રી નારણદાસ જગજીવનદાસ ,,

૧૧) શ્રી ફતેચંદ વાલજીભાઇ વારૈયા ,,

૧૧) શ્રી કસ્તુરચંદ તારાચંદ ઝવેરી ,,

૧૧) શ્રી છોટાલાલ જમનાદાસ ,,

૧૧) શ્રી વૃજલાલ ખુશાલદાસ મહેતા ,,

૧૧) શ્રી રાજાભાઇ અખાભાઈ ,,

૧૧) શ્રી જીવરાજ રૂગનાથ લાખાણી ,,

૧૧) શ્રી નેણશી રાઘવજી લોડાયા ,,

૧૧) શ્રી કાંતીલાલ વનમાલીદાસ ,,

૧૧) શ્રી નવીચંદ્ર ગીરધરલાલ ,,

૧૧) શ્રી પ્રાગજીભાઈ અચરતલાલ અજમેરા ,,

૧૧) શ્રી ચદુલાલ ચત્રભુજ ,,

પૂ. મુનિરાજશ્રી સ્વયંપ્રભવિજયજી મહારાજની (પાળીયાદ) શુભપ્રેરણાથી થયેલ સાત સભ્યો

૧૧) શ્રી ગોરધનદાસ કાલીદાસ પાળીયાદ
૧૧) કોઠારી કાળીદાસ પોપટલાલ પાળીયાદ
૧૧) શ્રી હીરાલાલ હીમતલાલ ધંધૂકીયા ભાવનગર
૧૧) શ્રી શાંતિલાલ મોહનલાલ પાળીયાદ
૧૧) શ્રી વૃજલાલ લક્ષ્મીચંદ બગડીયા પાળીયાદ
૧૧) શ્રી અમુલખ કસ્તુરચંદ ભાવનગર
૧૧) શ્રી ચુનીલાલ ભાયચંદ પાળીયાદ
૧૧) શ્રી કાંતિલાલ ઓ. શાહ પાળીયાદ
૧૧) શ્રી બાબુભાઇ ફકીરચંદ મુંબઈ પૂ. પં. શ્રી કીર્તિવિજયજી મ. ની શુભપ્રેરણાથી બેન વર્ષાબેનની અઠ્ઠાઈ તપનિમિત્તે ભેટ
૧૧) શ્રી રમણીકલાલ એચ. શાહ મુંબઈ
૧૫) શ્રી માલીયા (મીંયાણા) જૈન સંઘ માલીયા પૂ. પં. શ્રી ભુવનવિજયજી મ. ની શુભ પ્રેરણાથી ભેટ.
૧૦) શ્રી નગીનદાસ જૈન પોષધશાળા પાટણ પૂ. પં શ્રી જયંતવિજયજી મ. ની શુભ પ્રેરણાથી ભેટ.
૧૧) શ્રી રમણલાલ વાડીલાલ અમદાવાદ
૧૧) શ્રી કપુરચંદ માનચંદ ભાભેર
૧૧) શ્રી બાબુલાલ કકલચંદ ઉંબરી

શ્રી નગીનદાસ દલીચંદ (બારડોલી)ની શુભ પ્રેરણાથી થયેલ ત્રણ સભ્યો.

૧૧) શ્રી બાબુલાલ રૂપચંદ બારડોલી
૧૧) શ્રી હરખચંદ જેતાજી બારડોલી
૧૧) શ્રી નાથાલાલ લલ્લુભાઇ બારડોલી
૧૧) શ્રી તલસાજી લાલાજી શાહ વલાદર
૧૧) પૂ. સા શ્રી દર્શનશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી એક શ્રાવિકા બહેન તરફથી ભેટ પાલીતાણા
૨૫) પૂ. સા. શ્રી ત્રિલોચનાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી શ્રાવિકા સંઘ તરફથી ગારીયાધાર
૧૧) શ્રી ચંદુલાલ અમૃતલાલ ધંધુકા પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. ની શુભ પ્રેરણાથી

પૂ. મુનિરાજ શ્રી કિરણવિજયજી મ. શ્રી ની શુભ પ્રેરણાથી.

૧૧) શ્રી ખાખરેચી જૈન સંઘ
૧૧) નવલચંદ હરખચંદ ખાખરેચી

શ્રી ચંપકલાલ કેશવલાલ (મુંબઈ) ની શુભ પ્રેરણાથી થયેલ બે સભ્યો.

૧૧) શ્રી રમેશ એમ. શાહ મુંબઈ
૧૧) શ્રી સેવંતિલાલ મફતલાલ મુંબઈ
૧૧) શ્રી પોષધ મંડળ તખતગઢ
૧૧) શ્રી જયંતિલાલ પુરૂષોત્તમદાસ વલાદર
૧૧) શ્રી છગનલાલ ભીમાજી બીલીમોરા
૧૧) શ્રી શાંતિલાલ ભાયલાલ ”
૧૧) શ્રી દલીચંદ વનેચંદ વાઘપર
૧૧) પૂ. સા. મ. શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી શ્રાવિકાબેનના ઉપાશ્રય તરફથી ભેટ. અમદાવાદ
૨૫) શ્રી ચુડા જૈન શ્વે. મૂ. સંઘ પૂ. મુ. શ્રી જયાનંદવિજયજી મ. ની શુભ પ્રેરણાથી ભેટ.
૧૫) શ્રી જૈન સંઘ લુણાવા પૂ. ઉપાધ્યાયજી મ શ્રી ધર્મવિજયજી મ. ના ઉપદેશથી ભેટ.
૧૫) શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાનખાતુ જામનગર પૂ આ. મ. શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી તથા પૂ. મુ. શ્રી ભુવનવિજયજી મ. ની શુભ પ્રેરણાથી ભેટ.
૧૦) શ્રી હરીપુરા જૈન ઉપાશ્રય જ્ઞાનખાતુ સુરત. પૂ. મુ શ્રી લલિતમુનિ મ. ની શુભ પ્રેરણાથી ભેટ.


**શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને —**

## ભેટ મળે છે.

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠ શ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે. સીરનામુ પુરેપુરૂં લખશો. પુસ્તક મંગાવવાનુ સ્થળ: **કલ્યાણ પ્રકાશન મંદિર** વઢવાણ-શહેર

રાવણ સરખા રાજાનું પણ નથી રહ્યું અભિમાન :

# નારી તીક્ષ્ણ કૃપાણ

**શ્રી કલકંઠ**

ઉત્તર ગૂજરાતના એક ગામમાં બની ગયેલી સત્ય ઘટના અહિં શબ્દદેહ પામે છે. સારી સંખ્યા ધરાવતા શ્રાવકોની વસતિવાળા આ ગામમાં ૬૩ વર્ષ પૂર્વે બની ગયેલી ઘટના સ્હેજપણ અતિશયોકિત વિના અહિં લેખક દ્વારા પોતાની આગવી વિશિષ્ટ શૈલીમાં 'કલ્યાણ' માટે રજૂ થાય છે. આ કથાની મૂળ વસ્તુ એ છે કે, એક અતિપવિત્ર મહાત્મા, સાધનાપંથે ચઢતાં પ્રમાદના કારણે કેવું કરૂણ પતન પામે છે; તે હકીકતના પૂર્વાર્ધમાં આ પ્રકરણ જૈનોની તે કાલે જીવદયા માટે તેમજ જીવરક્ષા માટે કેટલી કાળજી હતી તે દર્શાવે છે. ફક્ત ૧૭ વર્ષની ઉગતી વયે લેખકનો આ કથા આલેખવાનો પ્રથમ પ્રયાસ છે, છતાં તેઓની શૈલી અને લેખિની લેખક માટે આશાસ્પદ લેખક તરીકેની પ્રતીતિ કરાવી જાય છે, 'કલ્યાણ' માટે તેઓ નિયમિત કથા મોકલતા રહેશે! આ કથાનો વિશેષ ભાગ આગામી અંકે પ્રસિદ્ધ થશે.

વિક્રમ સંવત ૧૯૫૬ની સાલ.

એ સાલમાં કારમો દુકાળ પડયો હતો. લોકો અન્નજળ વગર ટળવળતા હતા.

પૃથ્વી સંતપ્ત હતી.

વર્ષાઋતુનું પ્રથમ ચરણ ચાલતું હતું, છતાંય નીરનું એક બુંદ પણ વરસ્યુ ન હતું.

આકાશમાં શુભ્ર વાદળીઓ દેખાતી હતી અને પવનને ઝપાટે ચાલી જતી હતી.

આકાશમાં જલથી ભરેલી કાજલઘેરી ઘનઘટાને બદલે ધૂળના વાદળના ગોટે ગોટા ઊંચે ચડતા હતા.

જે સમયે સમગ્ર પૃથ્વી લીલીકુંજાર શસ્યશ્યામલા થઇ જતી હતી, શીતલ થઈ જતી હતી તે સમયે જ્યાં દૃષ્ટિ નાખીએ ત્યાં સૂકા ભુંઠ ખેતરો નજરે આવતા હતા.

....કાળી કાળી મટોડી બપોરે અંગારા જેવી તપતી હતી.

મધરાતનો પવન પણ ઠંડો લાગતો ન હતો.

ગામનું તળાવ પણ લગભગ સૂકાઇ ગયું હતું. એના એક ભાગમાં થોડું પાણી હતું. એમાં શહસ્ત્રશઃ જલજંતુઓ તરફડતા હતાં.

નાના નાના દેડકા હતા.

મોટા મોટા કાચબા હતા.

બબ્બે હાથ લાંબા માછલાં હતાં.

ગામના જૈનોને એમનો તરફડાટ જોયો ન ગયો. એમણે તળાવના એક ભાગમાં મોટો હોજ બનાવડાવ્યો.

કૂવાના નીરથી એને ભરાવી નાંખ્યો–દીધો.

બધા જલજંતુઓ એમા મૂકાવી દીધા.

સવારે અને સાંજે એ હોજમાં પાણી ભરાવતા હતા.

પરગામના માથાભારે ઠાકરડાઓની આ નિર્દોષ જલ–જીવો ઉપર નજર બગડી. એ લોકો હોજમાંથી માછલાં પકડી જવા લાગ્યા.

જૈનોને આ વાતની ખબર પડતાં એમણે જલ–જીવોની રક્ષા માટે બે ચાર ચોકીદારોને હોજ ઉપર રાખ્યા....પરંતુ....ઠાકરડાઓ તો ચોકીદારોને પણ મારી મારી માછલા પકડી જવા લાગ્યાં.

જૈનોએ એ લોકોને સમજાવ્યા, પણ એ

લોકો ન સમજ્યા. અપમાન કર્યું.

એ વર્ષે ગામમાં એક મુનિમહારાજ ચાતુર્માસ રહ્યા હતા.

શ્રી મયાવિજયજી એમનું નામ.

બ્રહ્મનાં તેજ તેમના લલાટ પર તગતગે. નયનોમાં કોઇ અગમ્ય સિદ્ધિની દીપ્તિ ઝગમગે.

સાધુતા સુરનદીના જલ સમી વિમલ.

ચારિત્ર પાલન અતિ કઠોર.

એમની પાસે જૈનો ગયા. બધી વાત કરી, અને આ ઘોર હિંસા અટકાવવા માટે કંઈ ઉપાય કરવા વિનંતિ કરી કરગર્યા.

મહારાજે થોડાં ગાભા મંગાવ્યા અને તેનો અશ્વ બનાવ્યો. પછી એ અશ્વ ઉપર મંત્ર ભણીને વાસક્ષેપ કર્યો.

દેવાધિષ્ઠિત એ ચિવરતુરગને આપતા એમણે જણાવ્યું કે-

આ અશ્વને હોજના કાંઠે રહેલા પીંપળના વૃક્ષ ઉપર બાંધજો, અને નીચે બે ચાર જણા સૂઇ રહેજો.

શ્રાવકોએ એ બધી વિધિ કરી અને ચોકીદારોને ત્યાં સુવાડ્યા.

મધરાત શાંત ધબકતી હતી.

પવન કોઈનીય રોકટોક વગર શાંતપણે વહી રહ્યો હતો.

તળાવનાં કાંઠે ઊભેલા સૂકા વૃક્ષો અંધારામાં કાળાં કાળાં પ્રેત જેવા લાગતા હતા.

હોજની અંદર જલ-જંતુઓનાં અવાજ વચ્ચે વચ્ચે નીરવતાનો ભંગ કરતાં હતાં. બાકી બધે નીરવ શાંતિ પથરાઇ ગઇ હતી.

સચરાચર જગત મને કે કમને નીંદરમાં પડયું હતું.

એ સમયે તળાવમાં બે કાળા ઓળા ઊતર્યા એ પેલા ઠાકરડાઓ હતા. એ 'હરામખોરો' માછલાં પકડવા આવ્યા હતા.

ધીમે ધીમે બેય આગળ વધ્યા અને હોજ પાસે આવી પહોંચ્યા. જાળ તૈયાર કરી. જ્યાં હોજમાં નાંખવા ગયા ત્યાં સામેથી અવાજ ગાજ્યો:

'ખબરદાર! એમ ને એમ ઊભા રહો!'

આ અવાજ સાંભળીને બંને જણ એક પળ (માટે) થંભી ગયા.

....અને વળતી જ પળે નખશીખ શાસ્ત્રોથી સજ્જ પાંચ-સાત ઘોડે સવારો સામેથી ધસી આવતા દેખાયા.

'એલ્યા સગના! આતો ભારે થઇ!' બે માંથી એક જણે કહ્યું.

'એલ્યા! હવે બોલ્યા સાલ્યા વગર નાહવા માંડ આ તારો બાપ હાવ પાહે આઈ પોંકયા! નઇ ભાજીએ ચાંક જીવના જાહુ" બીજો બોલ્યો.

....ને બેય જણા જાળ ત્યાં જ પડતી મૂકીને મૂઠી વાળીને પોતાના ગામ તરફ નાઠા, કે વહેલું આવજો ઘરનું બાર!

બારણું ઊઘાડી બેય જણા ઘરમાં ઘુસી ગયા અને શાંતિનો શ્વાસ લીધો. ઘરનાં બારણા બંધ કર્યા.

થોડીવાર બેઉ જણા મૂકપણે બેસી રહ્યા, થાક ઊતાર્યો, પછી બની ગયેલા પ્રસંગ ઉપર ગુફતેગો-ગુસપુસ કરવા લાગ્યા.

'સગના! મારા બેટા વાણીયાઓએ ભારે કરી! સપઇડા રાસ્યા લાગેસે' પહેલો બોલ્યો.

'હારા મૂરખા! તારામાં બુદ્ધિનો સાંટો ય નહી. સપઇડા ચાં હતા? સપઈડાને તો બે અડબોથ મારી નહાડી મેલીએ. આ તો મારા હાડરના ઘોડેસવારો હતાં!'

દીવેલ પીધા જેવું મોં કરીને-બગાડીને પોંચાએ કહ્યું:

'તો પસે સગના! કાલે ચમ કર હું? આજે તો પાસા આયા, પણ આ સવારે આવહે તો કાલેય પાસા આવવું પડહે. માટે કંઇ ઉપાય કરવો જોવે. મારી બુદ્ધિ તો બેર મારી જેસે. તું કંઈ બુદ્ધિ સલાવ!

'જો પાંસા! મને તો ઇમ સૂઝે સે કે

કાલે દન ઊગ્યે આપણા સંધાય સાથીદારુંને ભેગા કરીએ. પસે ઇમને આ વાત કરીએ, અને એ બધાયનો મત પડે ઇમ કરહું. મારી યે બુધ્ધિ આમાં સાલતી નથી. બોલ, તારો સો વચાર? છગનાએ કહ્યું.

'મારે તો કંઇ વચાર નથી. હું તો તું કે એમ કરું. તો પસે હવારે બધા ભેગા થાય ત્યારે વાત. અત્યારે તો એક મઝાની ઊંઝ ખેંસી કાઢીએ' મનનું સમાધાન કરતો પાંચો બોલ્યો.

'હા. એમ જ કરીએ. થાક ઉતરી જાહે એટલે હવારે કંઇ બુધ્ધિએ સાલશે.' છગનાએ પૂર્ણવિરામ કરતાં ખાટલામાં દેહ લંબાવી દીધી.

સવાર પડી.

કૂકડાઓએ સૂરજ મહારાજાના આગમનની છડી પોકારી.

ઉષાનાં અજવાળા પૃથ્વી ઉપર પથરાઇ ગયાં.

સમગ્ર પૃથ્વી જાણે કુંકુંમમય થઇ ગઇ.

બાલ-સૂર્ય પોતાના મૃદુ મૃદુ કિરણોરૂપી સહસ્ર કર વડે વિશ્વના જંતુઓને જાગૃત કરવા માંડ્યો.

પ્રહર દિવસ ચઢ્યો-ત્યારે પેલા ઊંઘણસી જાગ્યા. જલ્દી જલ્દી દંતધાવનાદિક કાર્ય પતાવી એ લોકોએ બધા ઠાકરડાઓને 'છાની જગાએ' ભેગા કર્યા.

રાત્રીની બધી વાત કહી.

એ વાત સાંભળી બધા હેબતાઇ ગયા,

અને મનમાં બોલી ઊઠ્યાં કે, વાણીયાએએ જબરી હિંમત કરી!

થોડી ચર્ચા-વિચારણાને અંતે બધાએ એમ નક્કી કર્યું કે હમણાં (ચાર-પાંચ દિવસ સુધી) કોઈએ માછલાં પકડવા જવું નહીં. ચાર-પાંચ દિવસ પછી પંદર-વીસ જણાએ ભેગા થઇ જવું અને ત્યાં શું બને છે તેની તપાસ કરવી.

ચાર-પાંચ દિવસ વીતી ગયા બાદ એક મધરાતે સરખે સરખા પંદર-વીસ જણા ભેગા થઈ હોજ ઉપર જવા ઊપડ્યા.

આ લોકો, કોઈને ખબર ન પડે તેમ ધીમે પગલે હોજ પાસે ગયા-પહોંચ્યા.

જેવા બધા માંછલાં પકડવા માટે હોજમાં પડવા ગયા તેવા જ સામેથી 'મારો! મારો!' કરતાં ચાલીસથી પચાસ ઘોડેસવારો છટ્યા.

બધા ઠાકરડાઓ નાઠા, અને માંડ માંડ ગામના ગોંદરે પહોંચ્યા.

ભયના કારણે તેમના શ્વાસની ધમણ જોરથી ધબકતી હતી.

પંદર-વીસમાંથી બે ચાર જણા તો ત્યાં જ ઢળી પડયા.

સવારના પહોરમાં જ બધા ઠાકરડાઓ ત્યાં ભેગા થયા. આ બનાવથી એ બધા ખૂબ ક્રુદ્ધ થઈ ગયા હતા.

આજે એમના અભિમાન ઉપર જબ્બર થપ્પડ પડી હતી.

અભિમાની માનવો મદથી મત્ત થઇને કરેલા અવિચારી કાર્ય પર હંમેશા થપ્પડ જ ખાતા આવ્યા છે.

થપ્પડ ખાધા પછી પણ એમનું અભિમાન ઉતરતું નથી. એ એટલું પણ સમજી શકતા નથી કે અભિમાન તો ભલભલા ચક્રવર્તી સમ્રાટોનું પણ રહ્યું નથી, તો અમારા જેવા સામાન્ય માનવોની શી ગણત્રી?

અત્યારસુધી એ મદમત્ત ઠાકરડાઓ એમ માનતા હતા કે એમને કોઇ કહેનાર જ નથી. પોતાની ઇચ્છા પ્રમાણે કરવા એ-તેઓ સ્વતંત્ર છે, પણ આજે એમનો ભ્રમ ભાંગી ગયો. એમને પડકાર ફેંકનાર કોઇક માડી જાયા નીકળ્યા હતા.

એમનો ક્રોધ શરીરમાં માતો ન હતો. નેત્રો મરચાં જેવાં લાલ ઘૂમ થઇ ગયા હતા. કંઇનું કંઇ કરવા એ તત્પર થઇ રહ્યા હતા. મોટેરાઓએ એમને શાંત કર્યા. વિચારીને

આગળ પગલું ભરવાનું સૂચન કર્યું. બધાને એ વાત ગમી.

સર્વએ વિચાર કરીને એમ નક્કી કર્યું વાણીયાઓ પોતાની ઘોડે સ્વારોની ટુકડીઓ ક્યાં રાખે છે અને કેટલી છે એની તપાસ કરી, આગળ પગલું ભરીશું.

ઘોડે સવારો વિશે કંઇ છગનાને અને પોંચાને કંઇ ખ્યાલ-ખબર હોય, તો પ્રથમ તેમને પૂછીએ એમ મોટેરાઓએ જણાવ્યું.

પછી તેમણે છગનાને પૂછયું; પણ એ બાબતનો પોતે અજાણ છે એમ તેણે કહ્યું-જણાવ્યું.

છેવટે મોટેરાઓએ સર્વને ઉદ્દેશીને કહ્યું: 'સગડીઆ જુવાનો! તપાસ કરવા જાઓ. એ વાતની જાણ મળે પછી શું કરવું તેનો વિચાર કરીશું. તપાસ કરીને ચાર દિવસ પછી આ સમયે તમે બધા અહીં આવજો અને ત્યાં સુધી કોઇ પણ ઠાકરડાઓએ માછલા પકડવા જવું નહીં.'

વાત પૂરી થતાં બધા વિખરાઇ ગયાં. ઘોડા અને ઘોડેસ્વારોની તપાસ કરવા સૌ મચી પડ્યા.

વન જોયાં, વગડા જોયાં, ગામ જોયાં, વાડા જોયાં અને ગામના ખંડેરો પણ જોયાં; કોઇએ તો તળાવના કાંઠે ઊભેલા વૃક્ષો ઉપર, રાતના છુપાઇને હોજની ચોકીયે કરી, પણ ઘોડા અને ઘોડેસ્વારોનો પત્તો ન મળ્યો.

ઘોડાના સગડ પણ ન મળ્યા, જેના આધારે ઘોડેસ્વારો ક્યાંથી આવે છે તેની તપાસ કરી શકાય.

આસપાસના જુદા જુદા ગામના લોકોને પૂછી જોયું પણ બધાય આ વાતથી અજાણ હતા.

ઘોડે સવારો કયા અગમ્ય પ્રદેશમાંથી આવે છે તેની તેમને સમજણ ન પડી.

વાતવાતમાં ચાર દિવસ વીતી ગયાં.

પાંચમાં દિવસનું પ્રભાત થયું.

નિરાશાના ભારથી ખૂબ થાકી ગયેલા સગડીયા જુવાનો લથડતે પગે સંકેતને સ્થળે પહોંચ્યા.

આમે ગામના સેંકડો ઠાકરડાઓ ત્યાં ભેગા થયા હતા.

મોટેરાઓએ સગડીયા જુવાનોને બધી વાત પૂછી 'કંઇપણ વાવડ-પત્તો' નથી એવો એ બધાનો નિરાશાભર્યો ઉત્તર મળ્યો.

આ ઉત્તર સાંભળીને ભેગા થયેલા સૌ લોકો આશ્ચર્યના જલધિમાં ડૂબી ગયા.

'આટલાં બધાં ઘોડાં અને સૈનિકો વાણિયાઓએ ક્યાં છુપાવ્યાં હશે' એ પ્રશ્ન સૌને મૂંઝવી રહ્યો.

....અને એકદમ આશ્ચર્યની વાત તો એ હતી કે 'આટલા બધા ઘોડેસ્વારો આવતા હતા છતાંય આસપાસના પંથકના કોઈ ગામજનોને એની ગંધ પણ ન હતી. હોજના જલ-જતુંઓની રક્ષા માટે સેંકડો ઘોડેસ્વારો આવે છે' એ વાત હોજના ચોકીદારો પણ જાણતા ન હતા.

બધા મોટેરાંઓને પણ આમાં કંઇ સમજણ પડતી ન હતી.

જુવાન ઠાકરડાઓ હવે ખૂબ ઉશ્કેરાયા. મોટેરાઓ હવે તેમને શાંત પાડી શકે તેમ ન હતા.

પાતાળમાંથી પણ વસ્તુને શોધી કાઢનારી એમની ચૌર્યકલાનું એમનું અભિમાન ઊતરી ગયું હતું. ઘોડા અને ઘોડેસ્વારો જેવી છુપી ન રહી શકે એવી વસ્તુ શોધવામાં એ નીષ્ફળ નીવડી હતી. એ લોકો જેમને કંઇ ગણતા ન હતા એવા ભાજીખાઉ વાણિયાઓ તેમને છક્કડ ખવડાવતા હતા. એમનાથી આ અપમાન સહ્યું જાય તેમ ન હતું.

(ક્રમશ:)

# જૈનશાસનની આધાર શીલા

**શ્રી સૌમ્ય**

કેટલાક સમય અગાઉ અમદાવાદના દૈનિક 'જનસત્તા'માં તથા અન્યાન્ય સામયિકોમાં બાલદીક્ષા માટે યથેચ્છ પ્રલાપો થયેલ ને તે દ્વારા જાહેર પ્રજા તથા જૈનસમાજને અવળાં પાટાં બંધાવવાની તરફીઓ થયેલ. તે સામે સચોટ તથા સ્પષ્ટ પ્રતિકાર કરતો આ લેખ શ્રી સૌમ્ય, પોતાની સારગ્રાહી મર્મસ્પર્શી શૈલીયે અહિં રજૂ કરે છે. સહુ કોઇ મધ્યસ્થભાવે ધ્યાનપૂર્વક આ લેખની વિચારધારાને જરૂર અવગાહે તેવો અમારો નમ્ર આગ્રહ છે.

જૈન શાસનની જ્વલંત પ્રતિભા ટકે છે જ્ઞાન અને ત્યાગના અક્ષય તેજના કારણે. એ તેજના દીવડાઓ આજ સુધી અનેકોએ પેટાવ્યા. જ્ઞાન, ત્યાગ, અને વૈરાગ્યની ત્રિવેણીનો સ્રોત જૈન શાસનમાં અવિરત વહી રહ્યો છે. શાસનની આધારશીલા ત્યાગપ્રધાન શ્રમણસંસ્થા જ છે. શ્રમણો શાસનના અણમોલ જવાહર જેવા છે. શાસનના વિકાસમાં, પ્રકાશમાં, ત્યાગપુત શ્રમણ ભગવાનો સદાને માટે સક્રિય પ્રયત્ન કરતા જ રહ્યા છે.

શ્રમણ જીવનની સાધનામાં મશગુલ સાધક આત્માઓ જ શાસનની સુંદર સેવા આજ સુધી બજાવી રહ્યા છે. પ્રવ્રજ્યાના પંથે પુનિત પ્રયાણ કરનાર ભાગ્યશાલી આત્માઓ સાર્થક્તાના સોપાને ચઢી જીવન કલ્યાણ સાધી શકે છે.

જૈન શાશનની આધારશીલા છે દીક્ષા. દીક્ષા માટે શાસ્ત્રીય વિધાનો બાંધેલાં જ છે. પ્રવ્રજ્યા જેવી પવિત્ર ચીજોને 'અયોગ્ય'-ના નામે સંબોધવી એ એક જાતની બાલિશતા છે. દીક્ષા કોને આપવી? કોને ન આપવી? એ માટે કોઇનાય મનઘડંત વિચારો કદી કામિયાબ નીવડી શકતા નથી.

धर्माऽधर्मव्यवस्थायाम, शास्त्रमेव नियामकः।
तदुक्तासेवनाद्धर्म-स्त्वधर्मस्तद् विपर्ययात्।

'ધર્મ અને અધર્મની વ્યવસ્થામાં, યોગ્ય અને અયોગ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ નિયામક છે. શાસ્ત્રે કહેલા વચનોનું આરાધન કરવું તે જ ધર્મ છે. શાસ્ત્ર વિરુદ્ધ પ્રલાપ કરવો તે જ અધર્મ છે.'

સંસારમાં વિષય અને કષાયની આંધી જ્યારે ઝડપભેર ચાલતી હોય, સમસ્ત સંસાર વિષય–કષાયની નાગચૂડમાં જીવન યાપન કરતો હોય, તે સમયે આવી દીક્ષાઓ સંસારમાં વ્યાપેલા શયતાનને દૂર ભગાવવા 'એલાન' આપે છે.

જગત મોહની માયામાં મૂંઝાઈ રહ્યું હોય, વિવેકની ચક્ષુઓ નષ્ટપ્રાયઃ થઇ હોય, ત્યારે ત્યાગપ્રધાન પ્રવ્રજ્યા પર પણ પ્રહાર કરવાની બાલિશતા કેળવે, એનાથી શાસનપ્રેમી કોઇ પણ વ્યક્તિએ ઝંખવાણા પડવાની જરૂર જ નથી.

ભગવાન મહાવીરની હૈયાતીમાં પણ 'અઇમુત્તા' જેવા નાના બાળકોને દીક્ષા અપાઇ છે. બાલદીક્ષિતો જ શાસનની શાનને વધારી શકે છે એ સર્વ જન વિદિત હકીકત છે.... હકીકતમાં બાલદીક્ષા ઉપર પ્રહાર કરનારા વસ્તુ સ્થિતિ જરા પણ સમજતા નથી, પોતાની ક્ષુદ્રતા પ્રગટ કરવાનો એક તરીકો અજમાવી શાસનના હજારે કિરણોથી ખીલતા સૂરજ સામે કાદવ ઉડાડવાનો પ્રયત્ન સેવે એનાથી શાસ-

નની પ્રણાલિકા સદાની ચાલી આવે છે તે કદી બંધ થવાની નથી.

બાલદીક્ષાના નામે ત્યાગ પ્રધાન શ્રમણ સંસ્થા સામે પણ ચેડાં કરવાની ઘણા હીમાયતો કરી રહ્યા છે. એનું મુખ્ય કારણ એમને 'ત્યાગ' જોઈતો નથી. જીવંત ત્યાગી સંસ્થા એમને આંખના કણાની જેમ ખટકી રહી છે. એમની મનઘડંત પ્રરૂપણાની સામે પવિત્ર સાધુસંસ્થા ચેલેન્જ ફેંકી રહી છે, શાસ્ત્રના નામે બણગાં ફુંકનારાઓને સાધુ ભગવન્તો સન્માર્ગ ચીંધવાનું સદાને માટે ચાલુ જ રાખે છે. તેથી જ આવા સુધારકોનું કંઇપણ ચાલતું હોય તો ત્યાગ પ્રધાન સંસ્થા સામે કાદવ ઉડાડવામાં જરાપણ ખામી રહેવા દે નહિ.

કલમ અને કાગળ હાથમાં છે, પેપરોનાં પાનાં તેટલાં તૈયાર છે. પછી વિરોધી તત્વો પોતાની યુકિતઓ સમાજ સામે ધરતાં શાના સંકોચાય?

બાલદીક્ષા એ તો જૈન શાસનની આધારશીલા છે. બાલકો સંસારના જ્ઞાનથી અનભિજ્ઞ હોય છે. એવુ બોલનારા પોતે જ અજ્ઞાનીઓ છે, બાલકની બુધ્ધિ જેટલી તીવ્ર હોય છે, જેટલી વસ્તુને જલ્દી ગ્રહણ કરી શકે છે, તેટલી મોટી વયવાળા માણસો ગ્રહણ કરી શકતા નથી.

બાલકને નાની વયમાં જ સુસંસ્કારો આપવામાં આવે તો એ બાલક ભાવીમાં સુંદર સંસ્કારી અને સમાજને સન્માર્ગે લઈ જવાવાળો બને છે.

સુધારકો જો પોતાની રીતેજ વિચારવા જાય તો તેમને સહેજે સમજાઈ જાય તેમ છે કે, બાલદીક્ષાને અયોગ્ય કહી તેઓ પોતાની બુદ્ધિનું પ્રદર્શન ભરે છે. પહેલાં જરા બહારના દાખલા જોઇ આપણે 'બાલકો' વિશે વિચાર કરી લઇએ.

૧. શ્રી શંકરાચાર્ય ૮ વર્ષની ઉંમરે સંસાર છોડી ત્યાગી બન્યા હતા. એમણે ૧૬ વર્ષની ઉંમરે ભારતના પંડિતો સાથે શાસ્ત્રાર્થ પ્રારંભ્યો હતો.

૨. સંત જ્ઞાનેશ્વરે ૧૨ વર્ષની ઉંમરે ભગવદ્ગીતા પર મરાઠી છંદોમાં જ્ઞાનેશ્વરી ટીકા લખી હતી.

૩. કવિવર ટાગોરે ઈંગ્લેન્ડના મહાકવિ 'શેકસપિયર'ના 'મેકબેથ' નામના નાટકોનો બંગાળી અનુવાદ ૧૪ વર્ષની નાની વયે કર્યો હતો.

૪. ભારત કોકિલા શ્રીમતી સરોજિની નાયડુએ માત્ર ૧૩ વર્ષની ઉંમરે ૧૩૦૦ લીટીની એક અંગ્રેજી કવિતા લખી હતી.

૫. વિશ્વવિખ્યાત બંગાળી નાટયકાર શ્રી હરિશ્ચન્દ્ર ચટ્ટોપાધ્યાયે પોતાનું પ્રસિધ્ધ નાટક 'અબુહસન' માત્ર ૧૪ વર્ષની ઉંમરે લખ્યું હતું.

ઉપરના દાખેલાથી સહેજે સમજાઈ જાય છે કે, બાલકોને 'અનભિજ્ઞ' કહેવા એ એક બુધ્ધિનું પ્રદર્શન ભરવા જેવું છે.

નાની ઉંમરમાં ત્યાગ માર્ગે બાળક વળે એટલે એને આત્મિક વિકાસની સંપૂર્ણ સામગ્રી મળી જાય છે. બુધ્ધિની નિર્મલતા, નિર્મમત્વભાવ, જ્ઞાનસાધના આદિ બાળકમાં જેટલા અંશે તમને જોવા મળશે તેટલુ વયનું પ્રમાણ વધતું જાય તેમ ઓછું જોવા મળશે.

સંસારના રંગ રાગ જોયા પછી જ ત્યાગ પંથ અપનાવવો એમ કહેવું પણ યુક્તિથી શૂન્ય છે? પારખાં ઝેરનાં ન હોય. મમત્વભાવને મારતાં શીખવું જોઇએ. મમત્વભાવને કેળવવાનું કહેવું એ કઇ જાતની વિશેષતા છે?

ઝેરખાઇને જીવવાની આશા રાખવા જેવાં વિચાર શૂન્ય, બુદ્ધિહીન વચનો બોલતાં કે લખતાં જરા પણ વિચાર નહિ કરનારાઓને વિશેષ શું કહેવું?

સમાજનાં સ્થાપિત હીતો સામે જેમને ચેડાં કરવાની હંમેશની આદત છે. એ વર્ગના વિચાર વિહીન બાલિશ પ્રયત્નો તો હંમેશના ચાલુ જ છે. છતાં પણ પોતાના કદાગ્રહને એક બાજુ મૂકી જો વિચાર કરવામાં આવે,

તો જ સત્ય સમજાશે.

૧. છ મહિનાના વજસ્વામી ગુરુની પાસે આવતાં જ રડતા બંધ થઇ ગયા હતા? ત્રણ વર્ષની નાની વયમાં જ અગીયાર અંગ એમણે મુખપાઠ કર્યાં હતાં. રાજસભામાં પણ મોહક ચીજોથી નહિ લોભાનાર વજસ્વામીને ભૂલવા ન જ જોઇએ.

૨. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, આમહારાજાને પ્રતિબોધ કરનાર આચાર્ય બપ્પભટ્ટિ સૂરિ, ઉપાધ્યાયજી યશોવિજયજી મ. વગેરે પણ બાલદીક્ષિતો જ હતા.

શાસનમાં ધર્મધુરંધરો પાકયા છે. શાસનની વફાદારીને કેળવી શકયા છે. તેમાંથી ઘણા તો બાલદીક્ષિતો જ હતા.

બાલદીક્ષાની પ્રણાલિકા આધુનિક છે જ નહિ, વયનું પ્રમાણ આજના આધુનિક પોતાની મનસ્વી રીતે ઘડે તે કદી ચાલવાનું જ નથી.

સુધારાના નામે કુધારા ચલાવી; મનસ્વી બકવાદો કરતા આજના સુધારકો બાલક કોને ગણે છે? તે જ સમજાતું નથી. ચૌદ વર્ષના બાલક-બાલિકાએ તાજેતરમાં દિલ્હીમાં આપઘાત કર્યાના સમાચારો એ સુધારકોએ વાંચ્યા જ હશે?

એ ચૌદ વર્ષના બાલક-બાલિકોને કહેવાતા પ્રેમ પ્રકરણમાં નિષ્ફલતાના કારણે આપઘાત કેળવવો પડયો? બાલક-બાલિકાઓમાં આટલી સમજ આવી કયાંથી? કુસંસ્કારોની સમજ હોય તો સુસંસ્કારોની સમજ ન આવે, એવું કહેવાને એમને કયું પ્રબલ કારણે સાંપડે છે. એ જાહેર જનતાને તેઓ સમજાવી શકશે ખરા?

વિષૈલી હવામાં બાલક-બાલિકામાં કુસંસ્કાર પેદા થાય છે. પરિણામે નાની ઉંમરથી બાલક-બાલિકાઓ જીવન ધનને ગુમાવી બેસે છે. એ તરફ ઉપેક્ષા ભાવ સેવી, ત્યાગ પંથે સીધાવતા સુકુમાર સંસ્કારી બાલક, બાલિકા માટે ઉહાપોહ કરનારને તે કુમારો પ્રત્યે વાત્સલ્ય ભાવ છે, એમ કહેવું એ દિવસને રાત કહેવા બરાબર છે.

ભારતીય પ્રજાની ગળથૂથીમાં જ ત્યાગના સંસ્કારો હોવા જ જોઇએ. માત-પિતાએ પણ પોતાની પ્રજાને ત્યાગમય બનાવવા કટિબધ્ધ રહેવું. એ અત્યન્ત આવશ્યક છે.

'यदहरेव विरज्येत्, तदहरेव प्रव्रज्येत्', 'જે દિવસે વૈરાગ્ય ઉત્પન્ન થાય એ જ દિવસે સર્વસ્વ ત્યાગના પંથે વિચરવું જોઇએ.' આવો છે ત્યાગની જ પ્રણાલી સ્વીકારતો ભારત વર્ષનો ઉત્તમોત્તમ નિયમ.

છતાંય છેલ્લા કેટલાક વર્ષોથી પાશ્ચાત્ય કેળવણીના રંગે રંગાયેલા માનસવાળા, મોજ-શોખને જીવનનું સર્વસ્વ માનતા; 'Modern Philosophy' આધુનિક ફિલોસોફીની રૂએ ધર્મના અબ્યાબાધ સિધ્ધાન્તોને પણ ફેરવવા માગતા વિચારકો પાયાની વાતને ભૂલી જઇ, પોતાની જ કલ્પનાને આગળ ધરતા થઇ ગયા છે. પોતાને ત્યાગ ન ગમતો હોય એ બીજા ત્યાગીને જોઇ પણ કયાંથી શકે?

જૈન નામ ધારણ કરવાથી કે, ગ્રંથોનું પોપટ 'રામરામ' જેવું શૂન્યજ્ઞાન મેળવવાથી કંઈ સરવાનું નથી.

ભારત વર્ષની કંઈપણ આબાદી રહી હોય તો તે ત્યાગ પ્રધાન સંસ્કૃતિના કારણે જ. ત્યાગના બદલે રાગમાં જ જીવન યાપન કરનારાઓને આવી ઉત્તમ વાતો પણ અવળી જ લાગવાની છે, તે અમે સારી રીતે સમજીએ છીએ.

આધુનિકોની દલીલો લગભગ પાયા વગરની હોય છે. ઘણી વખત એ દલીલોની સામે પ્રત્યુત્તર આપવા બેસીએ તો એ ઉત્તર પણ સાંભળવા જેટલી એ લોકો તસ્દી લેતા નથી. દલીલ ખાતર એક વાત સાંભળી લઇએ કે, 'બાળકો દીક્ષા લે છે, ત્યારે પૂરૂં જ્ઞાન નથી હોતું, જયારે તે યુવાન થાય છે ત્યારે

સંસારની વાસના જોર કરે તે વખતે ત્યાગના માર્ગથી મન બીજી તરફ વળી જાય છે. ચ્યુત પણ થઇ જાય છે માટે બાલદીક્ષા યોગ્ય નથી.'

આ વાત પણ કેટલી હાસ્યાસ્પદ છે કે, દુનિયામાં કહેવત છે કે ચડે તે પડે પણ ખરો! રેલ્વે અકસ્માતો ઘણા સર્જાય છે. જેથી રેલ્વે પર્યટનો બંધન કરો, અથવા રેલ્વે તંત્રને જ બહિષ્કાર આપી દો.

એસ. ટી. ઓના પ્રાણઘાતક એકસીડંડો થાય છે, જેથી મોટરોમાં ફરવા જવાનું માંડી વાળજો. વિમાની અકસ્માતો ઘણા વધી ગયા છે, તો પ્લેનમાં આકાશમાં ઉડતાઓને કાયદો કરી ઘેર બેસાડી દેજો. સ્ટીમરો સમુદ્રમાં ડુબી ગયાનું તમે સાંભળ્યું હશે તો સ્ટીમર ખાતું જ બંધ થાય તેવા ઉપાય યોજવા આપ બુદ્ધિથી જરૂર પ્રયત્ન સેવજો.

ચૅારીમાં પરણતાં જ ઘણાંને રંડાપો પણ આવી જાય છે, તો હવે પરણવા-પરણાવવાની પ્રથા સદંતર નાબૂદ કરજો.

કેમ? આ બધું કરી શકશો ખરા?

કદી જ નહિ.

તો ત્યાગના પંથે વિચારતા બાલકોની રોકવાની હિમાયત કરી શું કરવા માગો છો? તે સમજાય છે ખરું?

વધતા જતા વિલાસમય વાતાવરણની સામે ત્યાગની હવા ફેલાવવા માટે જે સમયે ત્યાગીઓની ખૂબ ખૂબ જરૂર હોય, તે સમયે ત્યાગીની સામે કાદવ ઉડાવવા બાલીશ પ્રયત્નો કરનારને કઇ ઉપમા આપવી એ જ ન સમજાય તેવું છે.

દીક્ષાને અયોગ્ય કોણ છે, એ સમજ્યા વગર બૂમો પાડનારાઓને અયોગ્ય કોને કહેવાય છે; એ જ સમજાયું નહિ હોય.

શાસ્ત્રકારોએ પાત્રની વિવક્ષા કરતા જણાવ્યું છે કે, અઢાર દોષરહિત યોગ્ય પાત્રને દીક્ષિત બનાવવો....દીક્ષા અયોગ્ય કદી છે જ નહિ દીક્ષાને અયોગ્ય કહેનાર પોતાની અયોગ્યતાને જ જગજાહેર કરે છે. દીક્ષાને અયોગ્ય જીવોના વર્ણનમાં બતાવવામાં આવ્યું છે, એ અઢાર દોષોનું વર્ણન પણ પૂર્વગ્રહને છોડીને સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક વિચારવું યોગ્ય છે.

કોને દીક્ષા આપવી એના માટે થોડાં શાસ્ત્ર પ્રમાણ ઉપર વિચાર કરીએ.

अट्ठाहिअवासाणं, बालाण इत्थ तेण अहिगारो ।
भणिओ अेवं तित्थे, अवुच्छित्ति कया होइ ॥

વસ્તુતઃ 'બીજાધાન' રુપ હેતુથી આઠ વર્ષથી અધિક વયવાળા બાળકોને દીક્ષા આપવાનો સ્પષ્ટ અધિકાર સૂત્રમાં આપેલો છે. પંચવસ્તુક, આદિ ગ્રંથોમાં તથા બીજા સિધ્ધાન્તોમાં સ્પષ્ટપણે પ્રતિપાદિત છે.

માટે પ્રતિમાદિ ધારણ કરી તૈયાર થયેલાને જ દીક્ષા આપવી એવો કોઈ નિયત સિદ્ધાન્ત શ્રી જૈન શાસનમાં જોવા નહિ મળે. યોગ્યતા દેખાતી હોય તો આઠ વર્ષથી અધિક વયવાળા બાલક-બાલિકાઓને દીક્ષા આપવી વ્યાજબી છે.

આઠ વર્ષની વયનાને દીક્ષા આપવાનું વિધાન કર્યા બાદ એ જ શાસ્ત્રકારો બાલદીક્ષાની મહત્તાને પણ સુંદર રીતે સમજાવતાં જણાવે છે કે—

आबालभावओ जे. गुरुपामूलाउ लद्धसिक्खायुगा ।
णिच्छयववहारविउ, ते वहावंति तित्थठिइं ॥

જે આત્માઓ બાલ ભાવથી આરંભીને દીક્ષિત થઇને ગુરુના ચરણોની ઉપાસના કરતા તે સદ્ગુરુઓ પાસેથી ગ્રહણ અને આ સેવન રૂપ બે પ્રકારની શિક્ષા ગ્રહણ કરીને તથા નિશ્ચય અને વ્યવહાર એ બન્નેય નયોના પરમાર્થને જાણનારા બને છે. આવા પરમર્ષિઓ જ (બાલ સાધુ બની જ્ઞાની બનેલાઓ જ) તીર્થની સ્થિતિને સુચારુ રુપે પ્રવર્તાવે છે.

શાસન પ્રભાવકો બાલદીક્ષિતો જ પાકે છે. એ વાત આ સિદ્ધાન્તથી જ સિધ્ધ થઇ જાય છે. સંયમ પામવા માટે બાલકોને અયોગ્ય

ગણુવા એ ખરેખર! એક કદાગ્રહ પૂર્ણ વચન છે....

एएसिं वयपमाणं, अठसमाउत्ति वीअरागेहिं।
भणिअं जहन्नयं खलु; उक्कोसं अणवगल्लोत्ति ॥

પંચ વસ્તુક પ્રકરણમાં પ્રકાંડ વિદ્વાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સ્પષ્ટ ફરમાવે છે કે— 'શ્રી વીતરાગ દેવોએ દીક્ષિત થનારની વયનું પ્રમાણ ઓછામાં ઓછું આઠ વર્ષનું તો હોવું જ જોઇએ. એવું ફરમાવ્યું છે. ઉત્કૃષ્ટથી અત્યન્ત વૃદ્ધ થાય ત્યાં સુધી દીક્ષાને યોગ્ય તે ગણાય.'

આગળ ઉપર એજ મહાપુરૂષ આઠ વર્ષથી નાની વયનાને દીક્ષા આપવાની સાફ મના ફરમાવે છે,

तदहो परिभवखित्तं,
ण चरणभावो वि पायमेएसिं।

આઠ વર્ષથી નાની ઉંમરનો બાલક પરિભવનું ભાજન બને છે, અને આઠ વર્ષની અંદરના બાલકને પ્રાય: કરીને દીક્ષાના ભાવ પણ નથી થતા.

આ વસ્તુ તદ્દન સ્પષ્ટ કરી બતાવે છે કે, બાલકોને દીક્ષા આપવી એ શાસ્ત્રવિહિત છે. યોગ્ય છે. બાલદીક્ષાના વિરોધીઓ જૈનત્વની જવાબદારીને ભૂલી જઇ કેવળ કદાગ્રહને વશ બનેલા છે. એમણે સ્પષ્ટ રીતે, બુદ્ધિપૂર્વક વિચારવું જોઇએ કે, 'બાલદીક્ષા'નો વિરોધ એ જૈનશાસનનો વિરોધ કરવા બરાબર છે.

જૈનશાસન રૂચ્યું ન હોય, પચ્યું ન હોય, શાસનની મહત્તા નહિ સમજેલા અજ્ઞાનીઓ બેફામ જૈનશાસનના નિર્મલ સિધ્ધાન્ત પર કુઠારાઘાત કરવા તત્પર બને, એનાથી વધુ શાસન પ્રત્યે દુર્ભાવ બીજો કોઇ હોઇ શકે?

આજે જૈન નામધારીઓ જૈનત્વને બેવફા નીવડી શાસનની મલિનતાના પાપભાગી બની રહ્યા છે. ભોળી પ્રજા એમના બકવાદો પાછળ અંજાઇ જઈ સૂરમાં સૂર મીલાવી દે. માટે શાસન હિતપ્રેમીઓએ આવા પ્રોપેગેન્ડા સામે સજાગ રહેવું જરૂરી જ છે.

મનોવિજ્ઞાનની દૃષ્ટિએ પણ એક સંસ્કારનું ચોકઠું–Pattern of culture તૈયાર છે. એ સંસ્કારના ચોકઠામાં બાળક આબાદ રીતે ઘડાઇ શકે. બીજા મોટા માણસને એ સંસ્કારના ચોકઠામાં ગોઠવવા માગો તો કદી ન ગોઠવી શકો.

જ્ઞાનશક્તિ, ઉર્મિશક્તિ, સંસ્કારશક્તિનો વિકાસ બાળકમાં જેટલો ઝડપી થશે, તેટલો બીજામાં થાય નહિ. બાલકના જીવન ઘડતરનું સાધન ચારિત્ર્ય છે. ચૌદ વર્ષની ઉંમર પહેલાં બાલકમાં (Sex) જાતીયવૃત્તિનો જરાપણ અંશ હોતો નથી. જાતીયવૃત્તિએ સનાતન હોવા છતાં એનો જો વિકાસ ન થાય તો એ વૃત્તિ પોતાનો ભાગ ભજવી શકતી નથી....બાળકને એવા સંસ્કારોમાં ઉછેરો કે જેથી તેનું જીવન ઘડતર સુંદર થાય.

જીવનનાં ઘડતરનું ઉત્તમોત્તમ સાધન દીક્ષા છે. તીર્થંકર દેવોએ સુવિહિત ગીતાર્થોએ, પરમર્ષિઓએ, માટે જ બાલકોને દીક્ષા આપવાનો કદી જ ઇનકાર કર્યો નથી.

એટલી વાત જરૂર છે કે, બાલકને દીક્ષા આપ્યા પછી આપ્તજનોના સંસર્ગમાં રહી, શાસ્ત્ર અધ્યયન ખૂબ કરાવવું જોઇએ, શાસ્ત્રીય તત્ત્વજ્ઞાનના અખૂટ ખજાનાનો અધિકાર સંપૂર્ણતઃ બાલસાધુ બને, એના માટે વડિલોએ પૂર્ણતયા જાગૃત રહેવું.

જીવન ઘડતરમાં જરા પણ ઉણપ ન આવે, એના માટે શાસ્ત્રનિર્દિષ્ટ માર્ગ પર પૂ. શ્રમણ ભગવંતોએ બાલ શ્રમણોને ગીતાર્થ બનાવવા હંમેશા પ્રયત્ન સેવવો જાઇએ. શાસનના સાચા રક્ષકો, શાસ્ત્રાર્થના પારગામીઓ બાલ સાધુઓને બનાવવા જોઇએ.

આવા પૂજ્ય બાલશ્રમણો જ્ઞાન, દર્શન અને ચારિત્રની ત્રિવેણીમાં સ્નાન કરી સ્વ–પર કલ્યાણ સાધવા–સધાવવમાં સહાયક બને. એ ઇચ્છવા જોગ છે.

સાથે સાથે બાલદીક્ષાના વિરોધીઓ એટલી નોંધ રાખે કે, એમના આક્ષેપમય આરોપોથી

( અનુસંધાન પાન ૬૦૦ )

# જીવ માત્રની રક્ષા કરો !

શ્રી બ્રહ્મક્ષત્રિય ડૉ. યોગી કચ્છી ( મુંબઈ )

માનવનું કર્તવ્ય પ્રત્યેક પ્રાણીને અભયદાન આપવાનું છે, કોઇપણ પ્રાણી નિરૂપયોગી નથી, તે હકીકત સમજાવી આ લેખના લેખક કહે છે કે, જીવમાત્ર કાંઇને કાંઈ માનવને સાવચેતી આપી જાય છે, માટે આવા ચેતવણીનો સૂર આપનાર પ્રાણીનો નાશ કરવો ને મહામૂર્ખાઈ છે.

ભારત આજે રામાયણ જેવા ધાર્મિક સપ્તાહને બદલે માખી માર સપ્તાહ ઉજવે છે. વિદ્વાનો કહી ગયા છે કે " જામે જીતની બુદ્ધ હૈ, વો તે તો દેત બતાય; વાંકો બુરો ન માનીયે, બ્હોત કહાંસે લાય."

જેને જેટલી સમજ તેનું તેવું કાર્ય હોય છે માટે એનો કાંઇ દોષ થાય તે ક્ષમા કરવા યોગ્ય છે કારણ કે એનામાં વધારે સમજ ન હોય તો એ બિચારો કયાંથી લાવે ?"

માખી, મચ્છ, માંકડ, એ કોઇનું ખરાબ કરવા ઈચ્છતા નથી તેમ પોતાના હલન ચલન કે વહેવારથી ઘણાનું બુરૂં થઈ જાય છે એ વાત પણ એ જીવો જાણતા હોતા નથી માટે એમના દોષ ક્ષમ્ય કરવા એ જ માનવતા છે. વળી માંકડ, મચ્છર કે માખીને દાબી મારી નાખવી એ કંઇ બહાદુરીનું કામ નથી, બાળક પણ મારી શકે છે. પણ એને મારી નાખવાનો આપણને જરાએ અધિકાર નથી એને પણ જીવન છે, આનંદ છે. કોઇના આનંદને ખૂંચવી લેવાનો કે તેનું ખૂન કરવાનો કોઇ મહાન સત્તાને પણ અધિકાર નથી. બધાને જીવવાનો હક્ક છે, અને એને જીવવા–જીવાડવામાં સગવડ આપવી એ જ ખરી માનવતા છે. માનવીમાં માનવતા અને પાશવતા બંને સમાયેલા છે. માનવતાનો ઉપયોગ આશીર્વાદોના અજવાળા પાથરી જાય છે જયારે પાશવતાનો ઉપયોગ ધિક્કારની લાગણી જન્માવી હાયકારાની હોળીમાં માનવીને ભસ્મીભૂત કરે છે. માટે જ હૃદયમાં ઉત્પન્ન થતો સત્યનો ઝબકારો ઓળખો અને માનવતા પ્રગટાવો, જો એ ઓળખતાં જરા તમે ભૂલ્યા તો પાશવતાની પરાકાષ્ટાએ એ તમને ખેંચી જશે એ વાત રખે કોઇ ભૂલે !

માખી, મચ્છર, માંકડ, ઉંદર, કુતરા, વાંદરા, દેડકા, માછલા, કુકડા અને તમામ જાતના પશુ પક્ષી પ્રાણીઓ છે. એ બધાય દ્વારા પણ માનવોની જાત પર કાંઇ ને કાંઇ ઉપકાર થાય છે. એની ઉત્પત્તિના કારણો ન સમજનાર આજનો સુધરેલો મૂર્ખ માનવી ભીંત ભૂલે છે, કેમકે, માનવીની દીર્ઘ વિચાર કરવાની વૃત્તિ ને શક્તિ આજના વિલાસી જીવનમાં તદન હણાઈ ગઇ છે. વીર્ય એ જ જીવન છે, વીર્ય એ જ આયુષ્ય છે. વીર્ય

---

( અનુસંધાન પાન ૫૯૯ નું ચાલુ )

બાલદીક્ષા કદી અટકી નથી, અટકવાની નથી. જગતના કલ્યાણનો સનાતન માર્ગ અટકાવનાર સદાને માટે અધોગામી જ બનવાના છે. બાલદીક્ષાનો પ્રતિબંધ એ જૈનશાસનનો મહાદ્રોહ, તીર્થંકરોની ઘોર આશાતના સમાન છે.

સ્વ–પર કલ્યાણ ઈચ્છતા મહાનુભાવો આવા કુકાર્યોથી નિવૃત્ત થઇ શાસનહિત ચિન્તામાં જીવન યાપન કરે એ જ ઇચ્છવા જોગ છે.... બાકી તો શાસન જ્યાં સુધી હૈયાત હશે ત્યાં સુધી બાલદીક્ષા, અને દીક્ષિતો રહેવાના જ છે, રહેશે.

ખોટા ઉહાપોહથી બચવું હોય, એના માટે ત્યાગ માર્ગ સ્વીકારવો, સ્વીકારતા હોય એની અનુમોદના કરવી એ જ ઉત્તમ માર્ગ છે.

ઇતિ શુભમ્

એ જ તાકાત છે વીર્ય એ જ બળ છે, વીર્ય એ જ કાંતિ છે, વીર્ય એ જ બુદ્ધિ છે, વીર્ય એ જ ડહાપણ છે. વીર્યની ઉત્પતિ કરતાં દશ ગણો નીકાસ કરનાર આજનો યુવાન વીર્યની બાબતમાં દેવાળીઓ જ છે અને એ કારણે જ એની સાત્વિક વૃત્તિ ને બુદ્ધિ મરી પરવારી છે. સુખ આપી સુખ લેવાના ન્યાયી કાયદાનો અનાદર કરનારો આજનો મૂર્ખ માનવ બીજાનું સુખ આંચકી લેવામાં અગર બીજાના નાશ પાછળ પોતાનું સુખ જોઇ રહ્યો છે એ ભારોભાર અજ્ઞાનતા છે. શાસ્ત્રોએ કહ્યું છે કે " સુખ દુઃખ બધું આપવાથી જ મળે છે, તમામ પ્રકારની વનસ્પતિ અને તમામ પ્રકારના પ્રાણીઓ માનવોના મિત્ર ભાવે સહાયક છે માનવના સુખ સગવડતા માટે જ નિમિત્ત પણ બધા બને છે. માંકડ મચ્છર, ચાંચડ, માખી, કીડી, મંકોડો, ઉંદર, કુકડા, કુતરા, ગીધ, સમડી, સીંહ, સાપ, વાઘ, શીયાળ, ગાય, ભેંસ, બકરી, ઘોડા, ગધેડા, ઉંટ, તમામે તમામ નાના-મોટા પ્રાણીઓ અને ઝીણા જાડા જંતુઓ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારતા માનવ જાત માટે ઉપકારક છે, એ વાતનો ઉલ્લેખ આ લેખમાં કરવામાં આવ્યો છે, એ બધા અનાદિ કાળથી છે અને રહેવાના છે, એનો નાશ ઇચ્છનાર પામર છે, ગમાર છે, છીછરી મનોવૃત્તિ-વાળા છે, વેરવૃત્તિવાળા છે.

## જંતુઓની ઉત્પત્તીના કારણ

માખી છ છ મહીને એમ બે વાર પ્રજનન કરે છે અને અસાડ અને પોશમાં માખીઓ પુષ્કળ વધી પડે છે. એની આવરદા ટુંકી છે પોતાની મેળે ઘટી જાય છે. જેઠ અસાડમાં વરસાદના કારણે યા ગરમીના કારણે રોગચાળો વધવાનો પુરો સંભવ છે. રોગચાળો વધવાના કારણમાં ગંદકી હોવી અને અસ્વચ્છતા હોવી એ મુખ્ય છે, માટે ગંદકી ને અસ્વચ્છતાની જાહેરાત કરવા એવી ગંદી જગ્યા પર માખીઓ પુષ્કળ પ્રમાણમાં આવી બેસે છે અને આપણને આપણે કરેલી ગંદકીનું ભાન થાય છે અને માખીઓને બેઠેલી જોઇ જગ્યા સાફ સુફ રાખવા મંડી જઇયે છીયે. માખીઓ અસ્વચ્છતા અ-યતનાની જાણ કરવા જાણે જન્મે છે; અને ભાન ભૂલેલા માનવને સ્વચ્છતાના પાઠ શીખવે છે.

મચ્છરનું પણ એમજ છે, જ્યાં ત્યાં એઠવાડો કે પાણી રેડવું, સંડાસ બેસવું કે પેશાબ કરવો જેથી મચ્છરો વધે છે, મચ્છરો વધ્યા એટલે તાવ આવ્યો એની નોટીસરૂપે છે, મચ્છરોની રામબાણ દવા સ્વચ્છતા રાખો, શાસ્ત્રોએ કહેલી યતના તથા ચોકખાઈ રાખો મચ્છર અને મેલેરીયા ઉત્પન્ન થશે નહિ.

માંકડ પણ એમજ મેલા ગોદડા, મેલા ગાદલા, સુકવ્યા વગરના અને ધોયા વગરના ગંદા બીછાના માંકડ જન્માવે છે.

## જંતુઓ ગંદવાડસુચક છે

સ્વચ્છતા રાખો ખાટલા, ગાદલા, ગોદડાને ઉપયોગ પૂર્વક રાખો! છતાં જો માંકડ હોય તો લાકડાની કાણાવાળી પાટલીઓ જે આપણા વડીલો ખાટલામાં રાખતા તેવી રીતે રાખો અને અંદર માંકડ ભેગા થાયે ત્યારે નિર્ભય સ્થળે ખંખેરી આવો એટલે થયું, પણ તે બિચારા નિર્દોષ જીવોની હિંસા કરવાની જરૂર જ શું ? પોતાની ખુમારીમાં ચાલ્યા જતા ભીત ઉપરના માંકડને જોઇ તેને ચોળીને મારી નાખનાર મૂર્ખાઓ પ્રથમ તો પોતાની ભીંતને પણ લોહીયાળ બનાવે છે અને એમ માંકડ મારનારમાં હિંસક વૃત્તિ જન્મે છે પછી તો માંકડ મારે એ માણસ પણ મારે એમ પણ બને છે, માટે અહિંસા માનવ માત્રનો ધર્મ છે, કુરાનમાં પણ જીવદયા વિષે એક જગ્યાએ ઉલ્લેખ આવે છે કે, હઝરત દાઉદના પુત્ર હઝરત સુલેમાન પોતાના લશ્કર સાથે જતા હતા ત્યાં રસ્તામાં કીડીઓનું દર આવ્યું ત્યારે દયાળુ હઝરત પોતે તો બાજુ પર ચાલ્યા છતા પાછળના લશ્કરને પણ કીડીના રાફડા પર પગ ન આવે તેની ભલામણ કરી હતી ( વાંચો કુરાન પાના ૧૯).

હજ કરવા જનારને ઝાડનું પાદડું તોડવાની પણ કુરાનમાં મનાઇ છે,- આ રીતે કુરાનમાં પણ આમ જીવદયાની વાત છે.

બીજુ ઉંદરમાર અને કુતરામાર આવા હડકાયા યુગમાં માણસ બુદ્ધિશૂન્ય બન્યો છે, અને બનતો જાય છે. કારણ કે, માનવીમાં ધીરજ કે ડહાપણનું નામજ નથી. ક્ષીણ વીર્યનો આજનો માંસાહારી માનવી સ્વાર્થ અંધ થયો છે. દીર્ઘદૃષ્ટિ વગરનો થયો છે. ઉંદર ઘરના ધણી કહેવાય છે અને કુતરા ઘરના રક્ષક છે, અને કુકડો પ્રભાતની નેકી પોકારનાર છડીદાર છે; બધા જ ઉપકારક છે. માટે બધાયની રક્ષા કરવી એજ માનવની ફરજ છે. કર્તવ્ય છે, સહુ માનવો આ રીતે અહિંસાના હાર્દને સમજો!

# ઉપકારી પૂ. સૂરીશ્વરજીને કોટિ કોટિ વંદન!

**શ્રી નવીનચંદ્ર મગનલાલ શાહ**
પ્રમુખ : શ્રી જૈન તપગચ્છ સંઘ-મુંદ્રા

જન્મ સાથે મૃત્યુ જન્મે જ છે અને ઉદય સાથે અસ્ત. એ ઉભય પરસ્પર એવી અનિવાર્યતાથી સંકળાયેલા છે કે તેને જોડિયા ભાઇઓની ઉપમા આપી શકીએ. જીવન એક રીતે તો મૃત્યુની અનિવાર્યતા પ્રતિ વહી જતો એક સમય પ્રવાહ જ છે. એમ જરૂર કહી શકાય. છતાં માનવીનાં જીવનનું મહત્વ એટલા માટે છે કે એ જીવન દરમિયાન તે માનવતાને બિરદાવનારાં અનેક સુકૃત્યો કરીને સફળ જીવન જીવીને પોતાના મૃત્યુને પણ ધન્ય બનાવી શકે છે. એવા માનવીનું મૃત્યુ પણ મરી જાય છે! એનું '**મૃત્યુ**' નહિ '**જીવન**' બની રહી છે.

**એવી જ એક મહાન વ્યક્તિ કે જેમણે** આત્માના વિવિધ ગુણનો પ્રકાશ પ્રગટ કરીને **આચાર્ય** પદ સાર્થક કર્યું હતું, જેમનાં સંયમી જીવનમાં **વિજય** નો વરઘોષ હતો, જેમનું જીવન કનક સમાન શુધ્ધ, નિર્મળ સ્વચ્છ અને પવિત્ર હતું અને જેમણે **સૂર** બિરૂદ શોભાવ્યું હતું એવા કચ્છ વાગડ દેશોદ્ધારક તપસ્વી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકસૂરીશ્વરજી મહારાજ સાહેબ તારીખ ૯-૮-'૬૩ શ્રાવણ વદિ-૫ સં ૨૦૧૯ ના બપોરના સ્ટા. ટા. ૩-૧૦ મીનિટે ભચાઉ મધ્યે દેહરૂપે વિદાય થયા છે, તેની નોંધ લેતાં મારી લેખિની કંપે છે, મારૂં હૃદય અસહ્ય આઘાત અનુભવે છે અને મારા મનમાં ભારે સંક્ષોભ પેદા થાય છે.

કારણ કે, તેઓ મારા ઉપકારી હતા. પ્રથમ તેઓશ્રીના સમાગમમાં આવતાં જ તેજ પળે તેમના ભવ્ય વ્યક્તિત્વે મારા બાલ હૃદયમાં અનેરૂ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેઓશ્રીની શુભનિશ્રામાં દશેક વર્ષ અગાઉ મેં મુંદરાથી ભદ્રેશ્વરજીનો છરી પાળતો સંઘ કાઢયો હતો, ત્યારથી અમારા કુટુમ્બનો પરિચય તેઓશ્રી સાથે દિન-પ્રતિદિન વધતો રહ્યો અને એ મહાન વ્યકિતની પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યા પછી મને ધર્મ પ્રત્યે રુચિ વધી અને ભવિષ્યમાં વિશેષ રુચિ પેદા કરવા જે મનોરથ સેવી રહ્યો છું, તે તેઓશ્રીને આભારી જ ગણાય.

તેમનો જન્મ સ. ૧૯૩૯ માં વાગડમાં આવેલા નાનકડા **પલાંસ્વા** ગામે થયો હતો. તેમનું સાંસારિક નામ **કાનજીભાઇ** હતું. ૧૯ વર્ષની વયે સિધ્ધાચલ ગિરિરાજની યાત્રામાં તેમને પરમ તપસ્વી દાદા શ્રી જીતવિજયજી મહારાજશ્રીનો સમાગમ થતાં તેઓશ્રી પાસે **તેમણે જીવન પર્યંત ચતુર્થવ્રત બ્રહ્મચર્ય** સ્વીકારેલ, અને થોડા સમયમાં ધર્મ સંસ્કાર ઉંડા ઉતરતા તેમણે સંસારનો ત્યાગ કરી સ. ૧૯૬૨ માં પરમ તપસ્વી દાદાશ્રી જીતવિજયજી મહારાજશ્રીની પાસે ભીમાસર (વાગડ) માં ચારિત્ર અંગીકાર કર્યું હતું.

તેઓશ્રીએ પોતાના ગુરૂદેવશ્રી સાથે રાજસ્થાન, સૌરાષ્ટ્ર, ગુજરાત કચ્છ અને વિશેષ રીતે વાગડમાં વિચરીને ત્યાંના સરલ લોકોમાં ધર્મ-સંસ્કાર સીંચ્યા હતા. તેઓશ્રી શાંત, સરળ સંયમી, પરમગીતાર્થ, દીર્ઘ ચારિત્રપાત્ર, તેમજ ક્રિયારૂચિ પુણ્ય પુરૂષ હતા. ગુણાનુરાગી તેમજ **વચનસિદ્ધ** મહાપુરૂષ હતા.

પૂજ્યશ્રીનો કચ્છ ઉપર અપાર અને અમાપ ઉપકાર છે. તેઓશ્રી પ્રત્યેની અમારી કચ્છીઓની શ્રદ્ધાથી કચ્છને તેઓશ્રી તરફથી અને તેઓશ્રીનાં પૂજ્ય સાધુ પરિવાર અને બહોળા પૂજ્ય સાધ્વીજી પરિવાર તરફથી હંમેશા પ્રેરણા મળતી રહી છે, અને હવે પછી તેજ પ્રમાણે તેઓશ્રીના સમુદાય તરફથી પ્રેરણા મળતી રહેશે તેવી અમોને પૂર્ણ શ્રદ્ધા છે.

ભચાઉ મધ્યે તેમની ભવ્ય અંતિમ યાત્રા તા. ૧૦-૮-'૬૩ની સવારે નવથી દશહજાર માનવ મહેરામણ સાથે નીકળી હતી. અંતિમ યાત્રામાં **ભચાઉના** ભણસાલી ધરમશી મુરારજી, અમૃતલાલ ગોરધન, દલીચંદ કેશવજી પ્રાગજી ખેચર. **પલાંસવાના** વૈદ્યરાજશ્રી સોમચંદભાઇ **ભીમાસરના** ગાંગજીભાઇ જગશી, ધરમશી ન્યાલચંદ **આદેસરના** દોશી બાદરભાઇ, મેતા મુરજીભાઈ **ફતેગઢના** અદેસંગ કુંવરજી પ્રભુલાલ મંગલજી, મણીલાલ હરખચંદ **ગાગોદરના** મોહનલાલ સોમચંદ, ચુનીલાલ પોપટ, હરખચંદ સોમચંદ, **લાકડીયાના** ભીમજી દામજી, લાલજી મણીલાલ **ચિરઇના** ખંડોર જગશીભાઇ દેવચંદ **તુંબડીના** શામજી ભવાનજી સંઘવી **ભુજના** દામજીભાઇ કરમચંદ, કાન્તિલાલ પોપટલાલ ઝવેરી બાબુલાલ મુલચંદ તથા વાગડવાસી ભાઇઓ, **અંજારના** હીરાલાલ પ્રેમચંદ, ગુલાબચંદ રાયશી ઉપરાંત સેંકડો જૈનો, **મુંદરાના** ચાંપશી જેઠાભાઇ સ્વરૂપચંદ મહાદેવ, (નાગજી ડુંગરશીની કું.વાલા) **ભુજપરના** આણંદજીભાઇ દેવશી પંડિત અને **માંડવીના** ઝુમખલાલ લક્ષ્મીચંદ મહેતા (તંત્રી : 'કચ્છમિત્ર') જમનાદાસ પી. વોરા (વ્યવસ્થાપક : 'કચ્છ મિત્ર') વગેરે આગેવાનોની હાજરી ખાસ ધ્યાન ખેંચતી હતી.

સ્મશાનમાં પૂજ્યશ્રીની અંતિમ અગ્નિદાહ વિધિ માટે રૂા. ૨૫૦૧ની બોલી બોલી શાહ એન્જીનીયરીંગ કું. ગાંધીધામવાલાએ લાભ લીધો હતો. અનુકંપા દાન, દિવો, ધૂપ વિ. ની ઉછામણી સારા પ્રમાણમાં થયેલ. **જીવદયાનો ખરડો રૂપીયા દશ હજારનો થયેલ.**

અંતમાં પૂજ્ય સૂરિદેવનો દેહ ચંદનની ચિતામાં પધરાવવામાં આવ્યો, અગ્નિએ અગ્નિનું કામ કર્યું અને હજારો નયનોમાંથી વેદનાના આંસુ ટપકી પડ્યા.



**પૂ. સૂરિદેવશ્રીના પુણ્યદેહનું અંતિમ દર્શન**

(બ્લોક : 'કચ્છમિત્ર'ના સૌજન્યથી)

કચ્છ જૈન સંઘના તથા સમસ્ત ભારતના પૂજ્ય તારણહાર અને ભવ્ય જીવોના પરમ ઉપકારી પૂજ્યશ્રીના આત્માને ચિરશાંતિ મળો !

ઉપકારી સૂરીશ્વરજીને કોટિશઃ વંદન ! !

# ધ્યાનનો પ્રભાવ

પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ

જૈન શાસનમાં આરાધનાના અનેક યોગો દર્શાવ્યા છે, તે બધાયમાં ધ્યાનયોગ મહત્વનો છે; જે જે આરાધનાના અનુષ્ઠાનોમાં મન-વચન તથા કાય યોગોની એકાગ્રતા તે તત્વથી ધ્યાન છે, આ રીતે ધ્યાન યોગ ખૂબ જ ઉપકારક આરાધના છે; અહિં લેખક મહારાજશ્રી ધ્યાનનો પ્રભાવ તથા ધ્યાનના દેશકાળ અને અધિકારી વિષે ટુંકમાં છતાં મનનીય શૈલીયે ઉપયોગી હકીકત નિર્દેશે છે; પ્રસ્તુત લેખ સર્વ કોઇ વાંચે તથા વિચારે!

શ્રી વિશેષાવશ્યક મહાભાષ્યના પ્રણેતા પરમોપકારી સૂરિપુરંદર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ધ્યાનશતક નામના ગ્રન્થરત્નમાં ધ્યાનનો પ્રભાવ-વર્ણવતાં ફરમાવે છે કે, 'જલથી જેમ મલ, અગ્નિથી જેમ કલંક અને સૂર્યથી જેમ પંક શોષાય છે, શુદ્ધ થાય છે, તેમ ધ્યાનરૂપી જલથી કર્મરૂપી મલ, ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપી કલંક અને ધ્યાનરૂપી સૂર્યથી કર્મરૂપી પંક શોષાય છે, શુદ્ધ થાય છે. વળી ભોજન નહિ કરવાથી અથવા વિરેચન લેવાથી રોગના કારણોની ચિકિત્સા થાય છે અને રોગાશય શમે છે, તેમ ધ્યાનવૃદ્ધિના હેતુભૂત અનશનાદિ બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર તપ વડે કર્મ રોગની ચિકિત્સા થાય છે અને કર્માશયો શમે છે. વળી ચિરસંચિત ઇંધન જેમ પવન સહિત અગ્નિ વડે શિઘ્ર ભસ્મીભૂત થાય છે, તેમ તપરૂપી પવન સહિત ધ્યાનરૂપી અગ્નિવડે અનેક ભવોમાં ઉપાર્જેલાં અનંત કર્મરૂપી ઇન્ધનો ભસ્મીભૂત થાય છે. અહીં કર્મ એ જ દુઃખીરૂપી તાપના હેતુભૂત હોવાથી ઇંધનની ઉપમાને યોગ્ય છે, વળી પવનથી હણાયેલા ઘણા મેઘો પણ જેમ વિલયને પામે છે, તેમ ધ્યાનરૂપી પવનથી આહત થયેલાં ઘન-ઘણાં ચીકણાં કર્મરૂપી મેઘો પણ ક્ષણવારમાં વિલયને પામે છે. અહીં જીવ સ્વભાવને આવરણ કરનાર હોવાથી કર્મને ઘનની-વાદળાંની ઉપમા બરાબર લાગુ પડે છે.

વળી ધ્યાનયુક્ત ચિત્ત ઇર્ષ્યા, વિષાદ, શોક દૈન્ય, વિકલતા વગેરે માનસ તાપથી બાધિત થતું નથી. ધ્યાનના પ્રભાવે હર્ષ, મત્સર, ક્રોધ, લોભ, કામ, કષાય વગેરે માનસિક વિકારો પીડાકારક થતા નથી, તથા ધ્યાનથી અતિ નિશ્ચલ બનેલા ચિત્તને વિષે ટાઢ, તાપ, ભૂખ, તૃષા વગેરે શારીરિક પીડાઓ પણ બાધા-કારણ નથી. એ કારણે સર્વ ગુણોનું સ્થાન સર્વ દૃશ્ય-અદૃશ્ય સુખોનું કારણ અને સર્વ આપત્તિઓનું નિવારણ કરનારા સુપ્રશસ્ત ધ્યાન નિરંતર શ્રદ્ધેય શ્રદ્ધા કરવા લાયક, જ્ઞેય-જ્ઞાન કરવા લાયક અને ધ્યેય-ધ્યાન કરવા લાયક છે. ધ્યાનના સ્વરૂપનું જ્ઞાન, ધ્યાનના ફલની શ્રદ્ધા અને ધ્યાનની ક્રિયાનું આચરણ અનંત કર્મ નિર્જરા કરાવનાર હોવાથી સદા સર્વદા કરવા લાયક છે.

**શંકા** : આથી ધ્યાનને છોડીને બીજી બધી ક્રિયાઓનો લોપ નહિ થાય?

**સમાધાન** : ના. કારણ કે શ્રી જિનશાસનમાં ધર્મની એવી કોઇ ક્રિયા નથી કે જેનાથી ધ્યાન ન થતું હોય. વસ્તુતઃ **જેમાં ત્રણે યોગોની એકાગ્રતા થાય છે, એવી શાસ્ત્રોક્ત ક્રિયાઓનું આસેવન એજ તત્વથી ધ્યાન** છે. મોક્ષનો પ્રધાન હેતુ સંવર (આવતા કર્મોનું રોકાણ) અને નિર્જરા (પૂર્વનાં કર્મોનો ક્ષય) છે. સંવર અને નિર્જરાનો હેતુ ધ્યાન છે એ ધ્યાનની સાધક પ્રશસ્ત ક્રિયાઓ છે અને એથી ઉપજતું સુપ્રશસ્ત ધ્યાન એજ મોક્ષનું કારણ-સાધન છે. તેથી મોક્ષ ન મળે ત્યાં સુધી એ ધ્યાન અને તેના સાધનભૂત ક્રિયાઓનું સેવન છોડવા લાયક નથી.

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે, જીવરૂપી વસ્ત્ર ઉપર ચઢેલ કર્મરૂપી મેલને ધોવાનું સાધન

ધ્યાનરૂપી જળ છે. જીવરૂપી સોનામાં રહેલ કર્મ-રૂપી કલંકને બાળવાનું સાધન ધ્યાનરૂપી અનલ છે, તથા જીવ રૂપી કાદવવાળી ભૂમિમાં રહેલ કર્મ-કીચડને સુકાવવાનું સાધન ધ્યાનરૂપી સૂર્ય છે. તથા ચિરસંચિત કર્મેન્ધનને દગ્ધ કરનાર અગ્નિ અને કર્મરુપી વાદળની ઘટનાઓને વિખેરી નાંખનાર પવન પણ ધ્યાન જ છે. શિતોષ્ણાદિ શારીરિક દુઃખો અને ઇર્ષ્યા વિષાદાદિ માનસિક પીડાઓનું નિવારણ કરવા માટેનું ઔષધ તથા કર્મ રોગને હટાવવા માટેનું વિરેચન પણ તે જ છે.

વળી પુન્યાનુબંધી પુન્યના ફલ સ્વરૂપ દેવગતિ સંબંધી વિપુલ સુખો, સુકુલમાં જન્મ, બોધિ-લાભ, ધર્મ સામગ્રી, પ્રવ્રજ્યા, સુગુરૂ, ઉત્તમ ગુરૂકુલવાસ સુસંયમ, કેવળજ્ઞાન, શૈલેશિકરણ અને અંતે અપવર્ગ-મોક્ષ વગેરે ઉત્તમોત્તમ શુભાનુ-બન્ધી સુખોની પ્રાપ્તિ ધ્યાનના પ્રભાવે થાય છે.

ગ્રન્થકાર મહર્ષિ અંતમાં જણાવે છે કે, ત્રણ ભુવનને વિષય કરનાર મનને એક અણુને વિષે સ્થિર કરી ધ્યાનયોગી અંતે મનરહિત થાય છે, જેમ સર્વ શરીરને વિશે વ્યાપી રહેલું વિષ મંત્ર-વડે 'ડંશ' દેશની અંદર લાવી પ્રધાનતર મંત્ર અને ઔષધ વડે દૂર કરાય છે, તેમ મનરૂપી વિષને જિનવચન ધ્યાનના સામર્થ્યથી પરમાણુ દેશની અંદર લાવી, યોગી અચિંત્ય પ્રયત્નથી દૂર કરે છે, અથવા ઇન્ધન સમુદાયને ક્રમશઃ દૂર કર-વાથી સ્તોક ઇન્ધનથી અવશેષ રહેલો અગ્નિ જેમ આપોઆપ બુઝાઇ જાય છે, તેમ વિષય ઈન્ધનથી મન હુતાશનને ક્રમશઃ દૂર કરી અંતે સર્વથા નાબુદ કરાય છે. અથવા જેમ તપાવેલા લોઢાના ભાજન ઉપર રહેલું પાણીનું બિન્દુ અનુક્રમે વિલીન થાય છે, તેમ અપ્રમાદ રૂપી અગ્નિતપ્ત થયેલા જીવરૂપી ભાજન ઉપર રહેલું મનરૂપી જલ પણ શોષાઇ જાય છે. અહીં ભાવ મરણ (વારંવાર મરણ) નાં કારણભૂત હોવાથી મનને વિષની ઉપમા આપેલી છે, તથા દુઃખરૂપી દાહના કારણભૂત હોવાથી તેજ મનને ફરીથી અગ્નિની ઉપમા આપેલી છે.

### ધ્યાન માટે દેશકાળ અને અધિકારી.

પરમોપકારી પૂ. મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી મહારાજ અધ્યાત્મસાર** નામના ગ્રન્થ રત્નના **ધ્યાનાધિકારમાં** ફરમાવે છે કેઃ—

'સ્ત્રી, પશુ, નપુંસક તથા દુરાચારી વર્જિત એવા સ્થાનમાં વસવા માટે સદા મુનિઓને આગમમાં ફરમાવ્યું છે' અને ધ્યાનકાલે તો વિશેષે કરીને તેમ કરવા ફરમાવ્યું છે.

સ્થિર યોગીને તો ગામ, જંગલ કે વનમાં કાંઇ તફાવત નથી, તે કારણે જે સ્થાનમાં ચિત્તનું સમાધાન રહે, તે સ્થાન ધ્યાન કરનારને માટે યોગ્ય માનેલું છે.

ધ્યાન યોગ્ય કાળનું વર્ણન કરતાં ફરમાવે છે કે—

જે કાળે મન, વચન, કાયાના પ્રશ્નોનું સમાધાન હોય, તે કાળ ધ્યાન કરવા માટે યોગ્ય છે, એ માટે દિવસ, રાત કે અમૂક ક્ષણોનો નિયમ ધ્યાન કરનારને નથી.

જે કોઇ અવસ્થા ધ્યાનનો ઉપઘાત કરનારી ન હોય, તે અવસ્થા વડે બેઠેલો, ઉભેલો કે સુતેલો ધ્યાન કરે.

સર્વદેશ, સર્વકાળ અને સર્વ અવસ્થાઓમાં મુનિઓ કેવળજ્ઞાનને પામ્યા છે, તેથી તેને વિષે નિયમ નથી (માત્ર) મન, વચન કાયાના યોગોની સ્વસ્થતા એ નિયત છે.

ધર્મધ્યાનના અધિકારનું વર્ણન કરતાં તેજ ગ્રન્થ રત્નમાં ફરમાવ્યું છે કે—

મન અને ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવાથી જેની બુદ્ધિ નિર્વિકાર થયેલી છે, એવો શાંત અને દાંત ગુણવાલો ધ્યાતા ધર્મધ્યાનનો અધિકારી છેઃ

બીજાઓએ પણ સ્થિતયજ્ઞનું જે લક્ષણ સ્વીકારેલું છે, તે બધું અહીં ઘટે છે અને તે આ પ્રમાણે છે.

**હે પાર્થ** ! મનોગત સર્વ કામનાઓનો જ્યારે ત્યાગ કરે છે અને આત્મા વડે આત્માને વિષે જ તુષ્ટ થાય છે, ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

# પ્રકૃતિનું અટ્ટહાસ્ય સ્વરૂપોન્મુખતા અને સ્વરૂપદર્શનના અમોઘ ઉપાયો

શ્રી વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ-મુંબઈ

કર્મની પરતત્રંતામાં જકડાયેલો આત્મા કેટ-કેટલો પરવશ છે, ને તેણે સ્વતંત્રતા પ્રગટાવવા-પોતાની ખુમારી ટકાવી રાખવા કઇ રીતે પુરૂષાર્થ આચરવો તે મધુર તથા અલંકારયુકત ભાષામાં તેજસ્વી શૈલીયે સુપ્રસિધ્ધ લેખક શ્રી વસંતલાલભાઇ અહિં આપણને સમજાવે છે લેખ મનનીય તેમજ ચિંતન યોગ્ય છે.

⊙

કાળ પુરૂષ એક ઇશારો કરે છે અને કર્મનું ગણિત તેની પ્રસંગ રચના કર્યે જાય છે. મહાકાળનું ખપ્પર એક હલચલ કરે છે અને પત્ની પત્ની ન રહેતાં રાખની ઢીંગલી બની જાય છે. પુત્ર પુત્ર ન રહેતાં હાડકાનું માળખું બની જાય છે. માતા માતા નથી રહેતી પણ ભૂતકાળની વહાલસોયી યાદ બની જાય છે. સમાજ સમાજ નહિ રહેતા વિરોધીઓના પોકાર બની જાય છે, અને બેંકની ચેકબુક ઇન્કમટેક્ષના ચોપડા નીચે દટાઇ જાય છે. કાળપુરુષ અને તેની આંગળીએ ફરતો કાર્મિક અણુ બન્ને ભેદી કાવત્રુ રચી સંસારની હોળી સળગતી રાખે છે. તેઓ બન્ને મળીને આપણું કુટુંબ રચે છે, સમાજ રચે છે, રાષ્ટ્ર અને વિશ્વના સ્થૂલ સબંધો રચે છે. આત્મા પરથી કર્મસત્તા ખસી ધર્મ મહાસત્તાનું જ્યારે આરોપણ થાય છે, ત્યારે બાહ્ય સૃષ્ટિ અલોપ થઈ જાય છે. આ વિશ્વનું પરમ સત્વ એ છે કે આપણા સ્વત્વને શોધી અને પરસત્વોને હઠાવીએ.

ચેતન અને ચેતનાનો સંબંધ જ આ વિશ્વ-કાવ્યનો મધ્યવર્તી વિચાર છે. અન્ય સંબંધો ખટપટ છે. ભ્રમ છે. ખોટનો ધંધો છે. મારા સર્વ સંવેદનો, સમગ્ર ઉર્મિતંત્રનો ખરેખર અધિકારી મારો આત્મા જ છે. એક અખૂટ અને અતૂટ સંબંધ મારા આત્માનો મારા સાથે છે. શાસ્ત્રો પણ કહે છે કે, 'જીવ કયારેય તેનું જીવન છોડી જડ પરમાણુમાં રૂપાંતર પામતો નથી.' મારું અસ્તિત્વ કેવી ભવ્ય વસ્તુ છે! જેને નરક દુઃખો તોડી શકતા નથી.

આત્માનો સંબંધ રચવા કુટુંબ, સમાજ અને દુનિયાના સંબંધો ગૌણ કરવા પડશે. દુનિયાદારીની હોંશીયારી છોડી દુનિયાના પ્રપંચોને નિરૂપાધિક દશામાં દાટવા પડશે. જ્ઞાનસારમાં તો સતત પ્રગતિશીલ આત્મા આગળ વધતો ક્ષાયોપશમિક અને બાહ્ય ગુણને પણ છોડે છે તેમ લખ્યું છે. 'પર' વસ્તુની સાથે 'પર' તરીકેનો વ્યવહાર કરવો પડશે. છેલ્લે ચોથા શુકલધ્યાનમાં તો સ્થૂલ અને સૂક્ષ્મ કાયિક વાચિક અને માનસિક યોગો છોડવાનું પણ કહે છે. દાનાંતરાય દુર્ગનો ક્ષય થતાં દાન એ પરભાવના ત્યાગરૂપનું છે. અને લાભાંતરાય કર્મનો ઉદય થતાં લાભ તે સ્વરૂપલાભનો છે; રહે છે માત્ર નિષ્કલંક, નિરૂપમ, નિર્ભેળ આત્મા, એકાંત અને મૌનની મહાતપશ્ચર્યાથી પ્રજ્વલિત અને પરિશુદ્ધ અને આનંદના અખંડ પિંડરૂપ. આ નિજત્વ મળતાં વિશ્વ સંબંધો સાર્થક બને છે. હાથીના

---

દુઃખોને વિષે ઉદ્વેગ રહિત, સુખોને વિષે સ્પૃહા રહિત તથા રાગ, ભય અને ક્રોધ રહિત થયેલો મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. જે સર્વત્ર મમત્વ રહિત છે અને તે તે શુભાશુભ પામીને હર્ષ-શોક ધારણ કરતો નથી, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. કાચબો જેમ પોતાના અંગોને સર્વ બાજુથી સંકોચી લે છે. તેમ ઇન્દ્રિયોના વિષયોને ઇન્દ્રિયોને સંકોચી લે છે, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત-સ્થિર થયેલી છે.

આ રીતે શાન્ત દાન્ત અને આત્મરામપણે રહેલ યોગી ધ્યાનનો અધિકારી છે. **સિદ્ધનો જે સ્વભાવ, તે જ સાધકની યોગ્યતા છે.**

**શુભં ભવતુ સર્વેષામ્ ।।**

⊙

પગલામાં જેમ બીજાં સર્વ પગલાંઓ સમાઇ જાય તેમ આત્મમૈત્રીના પાયા પર જ વિશ્વ સેવાની ઇમારત રચી શકાશે.

ચાલો આપણે સ્વપરને ઓળખી નિજપરિચય અને વિશ્વપરિચયનો યત્ન માંડીએ. દુનિયાના તમામ સ્થૂલ સંબંધોને આધ્યાત્મિક પાયો આપીએ. એકાંત અને મૌનના જ્ઞાનમય આનંદ દ્વારા સ્વસંવેદન અનુભવીએ.

યોગી સમ્રાટ આનંદઘનજીએ તેમની આત્મ-મસ્તીના નશામાં ગાયું.

'મોરે પ્રાન આનંદઘન, જ્ઞાન આનંદઘન,
માત આનંઘન, તાત આનંદઘન,
જાત આનંદઘન, ગાત આનંદઘન,
કાન આનંદઘન, સાજ આનંદઘન,
રાજ આનંદઘન, લાજ આનંદઘન.

મારો આત્મા જ મારૂં સર્વસ્વ છે. મારૂં ગોત્ર, કુળ, માતા, પિતા, મારૂં રાજ્ય અને મારૂં નાક, મારી લજ્જા અને શણગાર જે જીવનાં મૂલ્યો છે તે આત્મામાં જ છે. બહાર કંઇ નથી. બહારના સંબંધો ઉપાધિમય અને આત્મધન લૂટનારા છે. ભય અને ચિંતાના પ્રેરક છે, થાક અને કંટાળો લાવનારા છે. આનંદઘન કહે છે, 'બાહ્ય સંબંધોને ત્યાગી હવે નવો સંબંધ બાંધો જે સંબંધ આદિ અનંત છે, સહજ છે. જ્યાં કૃત્રિમતાનો અંત છે.

સંસાર કરૂણ છે. કયારેક એવું બને છે કે કમનસીબ સંસારીની પત્ની ક્ષયરોગથી પીડાતી મરણ પથારીએ હોય, પુત્ર ઉદ્ધત બની બાપ સામે બાંય ચઢાવે, સગાવહાલા એકબીજાના કાનમાં મોં ખોસી ચાડીચુગલી કરતા હોય, આ સર્વ દુઃખો એક સાથે તૂટે ત્યારે આનંદઘનજી કહે છે 'તું ચિંતા ન કર, તું તો અખૂટ આનંદનો પિંડ છે. માત્ર 'આનંદઘન' સાથે સંબંધ બાંધી, પ્રેમમંત્ર લઇ એકાકી દુનિયામાં ગુમ થઇ જા, ને અપૂર્વ શાંતિ અને શાશ્વત સુખ મળશે.' તેમના આ પદનું કેવું મોટું આશ્વાસન છે.

અનાદિથી વહેતી આ કાળગંગાનું ઉગમસ્થળ કોણ જાણી શકશે? કાળની જેમ આત્મા પણ અનાદિ છે, અને કાળગંગા જેટલો જ પૌરાણિક છે. આ સંસારકથામાં જીવે કેટલીયે છાતી કૂટી, કપાળ પછાડયા પણ ક્ષણે ક્ષણે રચાતા સંબંધો-માંથી એકે સંબંધને પોતાનો ન કરી શકયો. સ્હેજ આરામથી આડો પડે કે કાળનું ભૂંગળું ફૂંકાય અને બિસ્ત્રા પોટલા ઉપાડવા પડે. આમ સંસારની કાંટાળી કેડી પર ઉઘાડા પગે અને ઉઘાડા માથે સંતાપ સહન કરતો આ જીવ હાયવોયના પોકારો કરતો રહ્યો છે. પણ કોઇએ તેને ન કહ્યું 'હું તારો છું અને તું મારો છે, આપણે સાથે દુઃખનો માર્ગ કાપશું' આમ સંસારી જીવ એકલો આવે છે અને એકલો જ જાય છે.

સ્વકૃત કર્મનો કર્તા, ભોક્તા પણ એકલો જ છે, છેવટે મુક્તિમાં પણ તેને એકને જ પ્રયાણ કરવું પડે છે. આ વિચારોનું મનન આંતરપ્રગ-તિમાં ખૂબ જરૂરી છે. આજ સુધી જીવે અનંત પત્નીઓ, અનંત માતાપિતા અને અનંતા કુટુંબ અને સમાજોમાં સક્રિય સભ્યપદ નોંધાવ્યું છે. અનંતા વેશો ભજવ્યા પણ પરમ સત્ય એ જ રહ્યું છે. એકલાપણું જ તેનો સ્વભાવ છે. કાર્મિકઅણુની કરામત જ એવી છે કે જ્યાં સંયોગ ત્યાં અવશ્ય વિયોગ. શરૂઆત ત્યાં અંત. તો કયો સંબંધ બતાવી આપણે કહી શકીશું કે આ સંબંધ મારો છે. એક જ સંબંધ એવો છે જેમાં આપણું ગૌરવ અને પરમતૃપ્તિ છે, અંતિમ સાર્થકતા છે. એ છે 'સ્વત્વનો, ચેતનનો ચેતના સાથેનો સંબંધ કે જેને કાળપુરુષના લોખંડી દાંત અને ખરબચડી જીભ ચાવી શકતી નથી.

સંસારની આ કમનસીબ કહાની છે. સર્વ બાહ્ય સંબંધો સંસાર-દાહની વેદના તીવ્ર કરવા સર્જાયા છે. માટે તે સર્વનો વિયોગ સ્વેચ્છાએ જ કરવો રહ્યો પછી આપોઆપ આત્મસંબંધ શરૂઆત થશે. ક્ષોભના કારણો દૂર થતાં પરમશાંતિનું અવતરણ થશે.

અનાદિના રજળપાટથી ખોખરો બનેલો આત્મા સતત સ્થૂળ ક્રિયા કરતો રહ્યો છે. પ્રત્યેક ક્રિયાએ

(જુઓ અનુસંધાન પાન ૬૧૪ )

# લેબલ અને ઢાંકણ

૦ ૦ ૦ ૦ શ્રી પ્રભાકર રાચછ ૦ ૦ ૦ ૦

**(શ્રી કનૈયાલાલ મિશ્રના લેખનો અનુવાદ)**

જૈનદર્શનમાં ઉપયોગમાં-યતનામાં ધર્મ બતાવેલ છે, પ્રત્યેક પ્રવૃત્તિમાં લેવા-મૂકવામાં તથા ખાવા-પીવામાં જીવનના દરેક વ્યવહારમાં ઉપયોગ રાખો, યતનાપૂર્વક રહો, એ જૈનદર્શનનો મુખ્ય સિધ્ધાંત છે. તે હકીકતને અનુલક્ષીને નીચેનો લેખ વાંચતાં-વિચારતાં સમજી શકાશે કે, જૈનદર્શનનો ઉપયોગે ધર્મ સિધ્ધાંત કેટ-કેટલો ઉપકારક છે, ઈહલોક તથા પરલોક બન્ને દૃષ્ટિયે આધ્યાત્મિક તથા આધિભૌતિક બન્નેય વ્યવહારમાં ઉપયોગ રાખવાથી કેટ-કેટલા ફાયદા છે ભાજન તથા ખાવાની વસ્તુઓના વાસણ ઉઘાડા મૂકવાથી કેટ-કેટલા અનર્થો થાય છે, તેમજ શીશીઓની દવા વગર ઉપયોગે લેવાથી કેટ-કેટલું નુકસાન થાય છે, તે સમજવા માટે આ લેખ તમને ઉપયોગી માર્ગદર્શન આપે છે. જેથી સમજી શકાશે કે, ઉપયોગ એ ખરેખર મહાન ધર્મ છે! ને તે ફરમાવનાર જૈન ધર્મનો વિશ્વ પર કેટલો અમાપ ઉપકાર છે.

'મીના, જા, બાબાની આંખમાં ટીપા નાંખીને એને સુવડાવી દે.'

'શીશી કયાં રાખી છે, બા?'

'કબાટ ઉપર બધી શીશીઓ પડી રહે છે ત્યાં...બીજે વળી કયાં રાખશે?'

મારી પાડોશમાં એક ગૃહસ્થ રહેતા હતા. તેઓ સોનીનું કામ કરતા હતા. સારા એવા કારીગર હતા. બિચારાએ પીરો પર ચાદરો ચડાવી, પંડિતો પાસે જાપ કરાવ્યા અને દેવદેવીઓની ન જાણે કેટલીયે માનતા માની, ત્યારે ખરી રીતે તો પુણ્યાઇના પ્રભાવે એમના ઘરમાં છ કન્યાઓ પછી પુત્રરત્નની પધરામણી થઇ હતી. સોનીઓમાં સૌંદર્ય હોય જ છે પરંતુ આ દીકરો તો સુંદરોમાં પણ સુંદર હતો. માએ એનું નામ રાખ્યું સુંદરશ્યામ પરંતુ લાડમાં સૌ એને બાબો જ કહેતા.

એ દસેક માસનો થતાં એની આંખો ઉઠી આવી. માએ અનેક ઉપાયો કર્યા, દૂધની મલાઇ રાખી જોઇ, મરચું, મીઠું અને અજમો ચૂલામાં નાખીને નજર ઉતારી, પરંતુ બાબાની આંખ મટી નહિ. ત્યારે એણે ડોકટર પાસેથી દવા મંગાવી. એ જ દવા તેણે બાબાની આંખમાં નાખવા માટે પોતાની મોટી દીકરી મીનાને કહ્યું.

મીનાએ કબાટ પર રાખેલી શીશી ઉપાડી, બાબાને ખોળામાં સુવડાવ્યો અને એની આંખમાં ડ્રોપરથી દવાના ત્રણ-ચાર ટીપાં નાખ્યા. ટીપા પડતાં જ બાબો ચીસ પાડી ઉઠયો, પરંતુ દુખતી આંખમાં દવા પડવાથી બાળક તો રડે જ, એટલે મીનાએ એને ગોઠણેથી દબાવીને બીજી આંખમાં પણ ડ્રોપર ટપકાવી દીધું.

બાબો તરફડી ઉઠયો. શીશી તેણે ત્યાં જ રહેવા દીધી અને બાબાને તેડીને તેને પંપાળીને છાનો રાખવાનો પ્રયાસ કરવા લાગી પરંતુ બાબો ચૂપ ન થયો, રડતો જ રહ્યો. મીનાને ગાળો સંભળાવતી મીનાની મા રસોડામાંથી બહાર નીકળી તોયે બાબાએ ન દૂધ પીધું કે ન શાંત પડયો. માએ ઘૂઘરો વગાડયો, ચાંદામામાના ગીત ગાયા પરંતુ બાબો ચૂપ ન થયો, એ ખરેખર તરફડી રહ્યો હતો.

બાબાના પિતાજી હજુ દુકાનેથી નહોતા આવ્યા. મીનાએ મને બોલાવ્યો. બાળકોને પટાવવામાં હું પણ સારો એવો માસ્તર હતો પરંતુ મને નિષ્ફળતા મળી. એટલામાં તો તેઓ પણ આવી ગયા પરંતુ અમે ચારે મળીને ય બાબાને છાનો ન રાખી શકયા.

મેં કહ્યું આંખમાં વધારે દુખતું લાગે છે. એક વાર વધુ ટીપાં નાખી જુઓ. કદાચ દુખાવો ઘટી

જશે.' મીનાએ શીશી લાવીને પોતાના પિતાજીના હાથમાં આપી. શીશી હાથમાં લેતાં જ તેઓ ચોંકીને બોલી ઉઠયા, 'અરે, આની આંખમાં શું આ નાખ્યું હતું ?'

'હા, બાએ એ જ નાખવા માટે કહ્યું હતું.' મીનાનો આ જવાબ સંભળતાં જ તેઓ રડી પડયા—'બસ ભાઈ, હું તો બરબાદ થઇ ગયો. આમાં તો ઘરેણા ધોવા માટેનો તેજાબ હતો !'

અમે બંને તરફડિયાં મારતા બાળકને લઇને ડોકટરની પાસે ગયા, પરંતુ ડોકટર હવે શું કરે ? આંખ અંદર સુધી બળી ગઈ હતી. ગુસ્સો આંધળો હોય છે. મીનાને ખૂબ માર પડયો, પરંતુ એ બિચારીનો શું વાંક હતો ? માએ જ્યાંથી કહ્યું ત્યાંથી તેણે શીશી ઉપાડી હતી. એને શું ખબર કે ત્યાં બીજી કોઈ શીશી પડી હશે અને કઇ શીશીમાં શું હશે ?

નાની શી ભૂલનું કેટલું ભયંકર ફળ ?

⊙

ગામડાના એક વૈદ્ય મારા મિત્ર છે. તેઓ કોઇ દરદીને જોવા માટે બાજુના ગામમાં જઈ રહ્યા હતા, એ વખતે એમના નાના ભાઇએ કહ્યું, 'મારૂં મોં બહુ આવી ગયું છે. પાણી પણ નથી પીવાતું.' વૈદ્યરાજે કહ્યું, વચ્ચેના ખાનામાં શીશીમાં સફેદ ગોળીઓ રાખી છે, મોમાં નાખીને ચૂસતો રહેજે, ઠીક થઈ જશે.'

નાના ભાઇએ સફેદ ગોળીઓ ખૂબ ચૂસી પરંતુ મોં તો શું ઠીક થશે, થોડા કલાકમાં તો હાથ-પગમાં પીડા ઉપડી, આખા શરીરમાં જાણે વીંછી ડંખ ભરવા લાગ્યા અને આંખો લાલ અંગારા જેવી થઇ ગઈ. વૈદ્યરાજ પાછા ફરતાં નાનાભાઈની હાલત જોઇને ગભરાયા—નાનાભાઈએ વિષ ખાઇ લીધું હતું. વચ્ચેના ખાનામાં વિષની ગોળીની શીશી પણ પડેલી હતી અને એ ગોળી પણ સફેદ રંગની જ હતી. બંને શીશી પર લેબલ ન હતું—એથી અમૃત લેવા જતા, વિષ લઇ લીધું.

ભારે મુશીબત ઉભી થઈ. ખૂબ ઉપચારો પછી છોકરાનો જીવ બચ્યો, પરંતુ બિચારાની હાલત અધમરા જેવી થઈ ગઇ. મહિનાઓ સુધી તે પથારીવશ રહ્યો અને જ્યારે તે હરતો ફરતો થયો ત્યારે તેની પરીક્ષા લેવાઈ ચૂકી હતી. બિચારાનું આખું વરસ ખરાબ ગયું. આ પણ એક નાની જેવી ભૂલ હતી, પરંતુ પરિણામ કેવું ભયંકર આવ્યું હતું !

★

હું એક પૈસાદાર કુટુંબનો મહેમાન બન્યો હતો. સાંજે વૈદ્યની દવા ખાવા માટે મને ચારીણીના મધની જરૂરત પડી તો શ્રીમતીજીએ નોકરને કહ્યું, 'બાબુજી માટે સારામાં સારૂં મધ આવ્યું હતું. એ આલમારીમાં રાખ્યું છે. જા, લઇ આવ !' નોકરે ખૂબ શોધ્યું અને શ્રીમતીજીએ વચ્ચે વચ્ચે એને શીશીના રૂપરંગ માટે ઘણી સુચના આપી, પરંતુ એને મધ ન મળ્યું. એ પોતે ઊઠી અને નોકરને આંધળો હોવાનું પ્રમાણપત્ર દેતી એક શીશી લઈ આવી પરંતુ મારી પડિકીમાં તેમણે જે કાંઇ મેળવ્યું એ મધ નહિ, પરંતુ કોઇ ડોકટરે આપેલો મલમ હતો. એને ચાટયા પછી મારી જે દુર્ગતિ થઇ, ઉબકાઓએ મને જે રીતે હેરાન-પરેશાન કરી નાખ્યો તે હું કયારેય નહિ ભુલી શકું. કેવી ભૂલ, કેવું રૂપ ?

★

આપણાં ઘરોમાં, ખાસ કરીને શહેરોમાં, કાંઇ નહિ તોય બે—ચાર શીશીઓ જરૂર હોય છે. આંખની દવા આવી, આંખ સારી થઈ ગઈ, પરંતુ જે દવા બચી તે કોઈ બારી કે કબાટ પર રાખી મુકી છે. એની બાજુમાં જ સડેલી શીશીમાં મિકસ્ચર છે, અન્યમાં કોઈ ગોળીઓ, અથવા બીજું કાંઈ ને કાંઇ હોય છે. મોટા ઘરોમાં તો આવા કામ માટે એક અલગ આલમારી હોય છે, જેમાં દશ—વીસ નહિ, પરંતુ સો—બસ્સો શીશીઓ રહે છે. કઇ શીશીમાં શું છે, કયા કામ માટે છે એનો કોઇને પત્તો જ નથી. જ્યારે કોઈ દવાની જરૂર પડે છે ત્યારે દરેક શીશીને ઉપાડીને દુરબીનની જેમ આંખ માંડવામાં આવે છે, જોવા—પરખવામાં આવે છે ને પછી કાંઇ ખબર ન પડતાં એની એ જગ્યાએ રાખી મુકવામાં આવે છે.

આ બધું એટલા માટે કે આપણે શીશીઓ પર લેબલ લગાડવાની આદત નથી પાડી. લેબલનું મહત્ત્વ નથી સમજ્યા. કાંઇ વાંધો નહિ, પરંતુ હવે સમજી લ્યો અને પેલા માસુમ બાળક સુંદરશ્યામની ફૂટેલી આંખો અને વૈદ્યરાજના નાનાભાઈની મુશીબતો પર ધ્યાન દઇને ગાંઠ વાળો કે ઘરની દરેક શીશી પર એક લેબલ હોય જેના પર દવાનું નામ, દરદનું નામ અને દવા આપ્યાની તારીખ લખેલ હોય. ઘરમાં ગુંદ કે લાઈ ન હોય તો લેબલને દોરાથી બાંધી દેશો અને યાદ રાખો કે લેબલ વિનાની શીશી એ સાપનું બચ્ચું છે.

★

સાપનું બચ્ચું! ક્યાં સાપ, ક્યાં કીટલી? રાતે હરતો ફરતો એક સાપ રસોડામાં આવ્યો અને ચ્હા બનાવવાની કીટલીમાં કુંડલીવાળીને બેસી ગયો. કીટલી ઉઘાડી હતી. વહેલી સવારે અંધારામાં ગૃહિણી ઉઠી અને કીટલીમાં થોડું પાણી નાખી; ઢાંકણું ઢાંકી, ચૂલા પર રાખીને નિત્યક્રમમાં પરોવાઇ ગઇ. થોડીવારમાં તેણે ત્રણ કપ ચ્હા બનાવી અને પોતાના પતિ–પુત્રની સાથે બેસીને પીધી. લગભગ એકાદ કલાકમાં ત્રણેય મરી ગયા. બાદમાં જ્યારે કીટલીમાં મરેલો–ઉકળેલો સાપ નીકળ્યો ત્યારે પાડોસીએએ ત્રણેયના અચાનક મૃત્યુનું રહસ્ય જાણ્યું.

★

ગામના મુખીનો જમાઈ લગ્ન પછી પહેલીવાર આવ્યો, ત્યારે ઘરમાં અને પાસપાડોસમાં એની સારી પેઠે આગતાસ્વાગતા થઈ. રાતે સાળી મલાઇદાર દૂધનો પ્યાલો લઇને આવી, પરંતુ જમાઇરાજે તો પહેલેથી જ ખૂબ દબાવ્યું હતું. બહુ જ આગ્રહ થયો એટલે નક્કી થયું કે દૂધ ભલે રાખી જાય, થોડીવાર પછી એ જાતે પી લેશે.

દૂધનો પ્યાલો બારી પર રાખીને સાળી તો ચાલી ગઇ અને જમાઇરાજ સૂઈ ગયા. રાતે આંખ ઉઘડતાં દૂધનો ખ્યાલ આવ્યો. અધમીંચી આંખે ગ્લાસ હાથમાં લીધો અને ઘૂંટડો ભર્યો તો મોંમાં બીજી કોઈ ચીજ આવી. સમજ્યો કે મલાઇની મોટી તર હશે એટલે તેણે એને ગળે ઉતારવાની કોશિશ કરી પરંતુ આ તે કેવી મલાઇ કે ગળામાં જાણે ઉપરાઉપરી સોઇ ભોંકી રહી છે અને સોઈ પણ ઝેરીલી....જાણે આગ!

ગભરાઇને દૂધ થુંકી નાખ્યું અને લાલટેનથી જોયું તો મોટો લાલ કરોળિયો-હાય રે મરી ગયો, મોંમાંથી ચીસ નીકળી પડી તો ઘરના બધા લોકો દોડી આવ્યા. સૌએ જે જે ઉપાય બતાવ્યો તે કરી જોયો, પરંતુ ગળુ સુઝવાથી શ્વાસ લેવામાં તકલીફ થવા માંડી ને સવાર થતાં પહેલાં જ જીવન સમાપ્ત થઈ ગયું.

★

દુકાનદારે હજુ દુકાન બરાબર ઉઘાડી જ ન હતી ત્યાં ઘરાક આવી ગયા–'દહીની લસ્સી બનાવો....' દુકાનદારે નવું કુંડુ બહાર કાઢયું અને પોતાના છોકરાને લસ્સી બનાવવાનું કહીને કામમાં લાગી ગયો. ઘરાક બે હતા પણ લસ્સી એક જણે પીધી ને બીજાએ બાજુની હોટલમાંથી ચા મંગાવી બંને એક રીકસામાં બેસીને ગયા, પરંતુ ઘરે પહોંચતા પહોંચતા જ લસ્સી પીવાવાળાની હાલત ખરાબ થઈ ગઇ!

એનો સાથી એને તુરત હોસ્પીટલમાં લઇ ગયો પરંતુ ડોકટરે કહ્યું, 'એને ઝેર આપવામાં આવ્યું છે.' પોલીસને ફોન થયો, પુછપરછને અંતે પોલીસ લસ્સીવાળાની દુકાને પહોંચી. દુકાનદારે કુંડુ બતાવ્યું અને એમાંથી દહીં લઇને એક ગ્લાસ બનાવી પોતાના છોકરાને પીવડાવી, 'જોઇ લ્યો, ઇન્સ્પેકટર સાહેબ, અમારી લસ્સીમાં શું ખરાબી છે? એના આવ્યા પછી જ તો મેં કુંડુ બહાર કાઢયું હતું!'

લસ્સી પીતાંની સાથે જ દુકાનદારનો છોકરો ચકળવકળ થતાં બોલવા લાગ્યો, 'મરી ગયો રે.... મરી ગયો...' પોલીસ એને હોસ્પીટલમાં લઇ ગઇ. દહીંનું કુંડુ પણ સાથે લીધું.

ઇલાજ કરવામાં આવ્યો પરંતુ પેલો ઘરાક

અને દુકાનદારનો છોકરો બંને મરી ગયા. પાછળથી જણાયું કે કુંડમાં ઢેઢગરોળી હતી અને બંનેનું મૃત્યુ એના વિષથી થયું હતું.

આ મૃત્યુના કારણ ભલે ભિન્ન ભિન્ન હોય, મૂળ કારણ તો એક જ છે– 'ઢાંકણુ.'

આપણે બધી ચીજોને ઢાંકીને રાખવાની આદત થી પાડી. ઢાંકણુનું મહત્ત્વ નથી સમજ્યા. નથી સમજ્યા તો કાંઈ વાંધો નહિ, પરંતુ હવે સમજી લ્યો અને પેલું સુખી કુટુંબ, મોંઘેરો જમાઈરાજ અને નિર્દોષ યુવાનોની દુઃખભરી વિતક કથા પર ધ્યાન આપીને નિશ્ચય કરો કે ઘરની દરેક ચીજ ઢાંકણાથી ઢાંકીને રાખીશું.

લેબલ અને ઢાંકણુ....

આપણાં બે દોસ્ત...

આપણે એની ઉપેક્ષા ન કરીએ.

લેબલ વિનાની શીશી અને ઉઘાડું વાસણ આપણાં દુશ્મન છે.

આપણે એનાથી હંમેશા સાવચેત રહીએ. ને દરેક વસ્તુઓને ઉપયોગપૂર્વક રાખીએ.

( ચિત્રલેખા )

( અનુસંધાન પાન ૬૧૦નું ચાલુ )

તેનામાં ખાટામીઠા સંભારણા મૂક્યા છે. મરણતોલ મારની ગૂઢવેદના પણ તેના અજાગૃત મનમાં સમાઈ છે. આવા અનંત અનુભવોનો ભાર પૃથ્વીથી પણ વધુ ભારે છે. તે ઉંચકીને તે કમજોર થઈ ગયો છે. ખરૂં પૂછો તો રાગદ્વેષજન્ય આવેશોને ઉત્પન્ન કરનાર આ સુષુપ્ત મનના ભારને લીધે જ તે સ્વરૂપ સાથે સંબંધ બાંધી શકતો નથી.

એકાંત અને મૌનની મસ્તી જેમ જેમ મળશે તેમ સ્વરૂપ સ્થિર આવશે. પછી શુદ્ધ આત્મા જ ધ્યાન, ધ્યાતા અને ધ્યેય બનશે, દુનિયાના કહેવાતા સંબંધો તૂટશે, આધિ, વ્યાધિ, ઉપાધિ નાશી જશે અને સ્વરૂપ સમાધિ માટેની પૂર્વભૂમિકા રચાશે.

'સ્વ' તરફ વળેલ માનવીને અમાપ ઐશ્વર્ય અખૂટ સૌંદર્ય ભરેલ 'નિજત્વ'ની સૃષ્ટિ દેખાય છે, તેની પ્રતીતિ અને અનુભૂતિ થાય છે.

આમ સ્વરૂપોન્મુખતા, સ્વરૂપદર્શન અને સમાધિની ભવ્ય સિદ્ધિ મેળવવી હોય તો એકાંત અને મૌન જરૂરના છે. સ્થૂળ સંયોગોનો વિયોગ જરૂરી છે. 'અરિહંત' તત્વનો સહવાસ અનિવાર્ય છે.


**સાધનાની પગદંડી એના લેખક મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનું બીજું પ્રકાશન**

# "શરણાગતિ"

**કિં. રૂા. ૧) પોસ્ટેજ ખર્ચ ૨૦ ન. પૈ.**

**થોડી જ નકલો બાકી રહી છે**

**તુરત મંગાવો**

(૧) **સોમચંદ ડી. શાહ**
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

(૨) **ભુરાલાલ પંડિત**
સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના
રતનપોળ – **અમદાવાદ.**

(૩) **સેવંતીલાલ વી. જૈન**
મોતીશા જૈન દેરાસર, પાંજરાપોળ
માધવબાગની પાછળ, **મુંબઇ-૪.**

# શ્રી શત્રુંજય તીર્થપટ

અમારા સ્ટુડીયોમાં તૈયાર થતાં સોફ્ટ કેનવાસ (કાપડ) ઉપર પાણીથી ધોઈ શકાય તેવા સોનેરી પાકા રંગના આકર્ષક નવી ડીઝાઇનમાં તૈયાર થતા

— **શ્રી શત્રુંજય તીર્થપટ**

આજે જ વસાવો.

તદ્દન નવી ડીઝાઇનમાં તૈયાર થતા ૧૯ તીર્થોના પટ તથા મકરાણુના સોફ્ટ આરસ પત્થર ઉપર પટ બનાવવા માટે લખો અગર ।.

**જુના અને જાણીતા ૬૦ વર્ષના અનુભવી**

**પેઈન્ટર ભીખાભાઈ કરણજી**

ગુર્જર આર્ટ સ્ટુડીઓ

**નાની શાકમારકેટ-પાલીતાણા.**

જેની વિવિધ મનપસંદ સાત્વિક સામગ્રીનો આસ્વાદ માણી 'કલ્યાણ'ના રસિક વાચકો પ્રશંસાના પુષ્પો વેરે છે, તે સર્વપ્રિય બાલ વિભાગ—

# બાલજગત

સંપાદક : શ્રી 'નવીન'

## દોસ્ત મંડળ

૨૪. કુ. **સુધાબેન નરોતમદાસ**, ૯૬ કીકા-સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ-૪. વર્ષ ૧૪, ધોરણ ૧૦ મું. શોખ : રમવાનો, ગાવાનો અને ફરવાનો.

૨૫. **શ્રી ભરત જેશીંગભાઈ શાહ**, ત્રિપાઠી ભુવન, નંબર ૨, આરે રોડ, રૂમ નં. ૨૫ મુ. ગોરેગામ, મુંબઈ-૬૨ N. B. વર્ષ ૧૪, ધોરણ ૧૦ મું. શોખ : સાહિત્ય, ટિકિટ સંગ્રહ અને રમતગમત.

૨૬. **શ્રી કેશવલાલ એલ. ગોર**, ન્યુ રાજગોર સ્ટ્રીટ, ભુજ (કચ્છ) વર્ષ ૧૨, ધોરણ ૮ મું. શોખ : વાંચન.

૨૭. **શ્રી પ્રવિણચંદ્ર મણીલાલ શાહ**, દેરા ફળી, જૈન ઉપાશ્રયની પાસે, લુણાવાડા (પંચ મહાલ) વર્ષ ૧૫, ધોરણ ૧૦ મું. શોખ : પત્રમૈત્રી, મુસાફરી, અવનવું જાણવાનો, પ્રિય માસિક 'કલ્યાણ.'

૨૮. **શ્રી પ્રતાપરાય એન સંઘવી**, ઠે. મે. પ્રવિણચંદ્ર ચીમનલાલની કું. પોસ્ટ ઓફીસ સામે, સ્ટેશન રોડ, સીહોર (સૌરાષ્ટ્ર) વર્ષ ૨૦, શોખ : માનવસેવા.

૨૯. **શ્રી કિશોરકુમાર છબીલદાસ વોરા**, ઠે. વિઠ્ઠલ પ્રેસ રોડ, સુરેશચંદ્ર વકીલની બાજુમાં, સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર) વર્ષ ૧૬, ધોરણ ૧૦ મું. શોખ : પુસ્તકોનું વાંચન, ટાઈપ શીખવું, અભ્યાસ રમતગમત અને પ્રવાસ.

૩૦. **શ્રી અરૂણકુમાર પ્રભુલાલ**, ઠે. 'સરસ્વતિ મંદિર' C/o. ધારસી શામજી, રૈયા ગેઈટ, રાજકોટ. વર્ષ ૧૯, અભ્યાસ First Year B.Sc. 'B'. શોખ : પત્રમૈત્રી, માનવસેવા, અભ્યાસ ધાર્મિક વાંચનનો.

## બકરૂં કાઢતાં પેઠું ઉંટ

કંકુ ડોશી સવારનાં ઉઠી ત્યારે આંગણામાં એક મરેલું બકરૂં પડયું હતું. હજુ પડોશી સૂતા હતા. ડોશીએ વિચાર્યું કે, 'લોકો સવારે ઉઠશે અને મારા ઘરમાં મરેલા બકરાને જોશે તો મારી જરૂર ફજેતી કરશે, માટે લાવને ઉકરડે નાખી આવું.' આમ નક્કી કરી ડોશી એક ટોપલામાં બકરૂં ઉપાડી ઉકરડામાં નાખવા ગઈ. ગભરાટમાં ને ગભરાટમાં ઘરનું બારણું બંધ કરવું રહી ગયેલ હવે બન્યું એવું કે, ગામનું રખડુ માંદલુ ઉંટ ડોશીના ઘરનાં આંગણામાં લીંબડાનું ઝાડ હોવાથી પાંદડા ખાવા આંગણામાં પ્રવેશ્યું. પણ....પણ... ડોશીના આંગણામાં એક ખીલો જમીનમાં ખોડેલો હોવાથી તે માંદલા ઉંટના પગમાં પેસી ગયો અને ઉંટ પડી ગયું. પડતાંની સાથે જ માંદલું હોવાથી ત્યાં ને ત્યાં જ તરત મરી ગયું. આ બાજુ ડોશી બકરૂં ઉકરડે નાખીને નિરાંતનો દમ ખેંચતી ઘેર આવી તો ઘરમાં મરેલું ઉંટ જોયું. ઉંટને જોઈ તેનાથી બોલાઈ જવાયું. 'અરેરે...આતો........ બકરૂં કાઢતાં પેઠુ ઉંટ.'

**શ્રી ઈશ્વરલાલ હરગોવનદાસ-ભાભર**

## ❉ આવકાર ❉

'કલ્યાણ'માં 'બાલ જગત' વિભાગે અનેરૂં સ્થાન જમાવ્યું છે અને તેથીય સ-વિશેષ જમાવે એવી અંતરેચ્છા! તમોએ 'દોસ્ત મંડળ' શરૂ કર્યું તે જાણી આનંદ. સોનામાં સુગંધ ભળે તેવી 'હરિફાઈ' શરૂ કરી છે, જેથી વધુ પ્રોત્સાહન મળશે. વધુ શું લખું? બાલજગત-દોસ્ત મંડળ-ઈનામી હરિફાઈ જેવા વિભાગ તેમજ 'કલ્યાણ' ખુબજ પ્રગતિ પામે એજ શાસનદેવ પાસે પ્રાર્થના.

**—શ્રી કુન્દન-ચાણસ્મા**

## 'ત્રણ ની ખુબી'

દાનનાં પ્રકાર ત્રણ છે : તન, મન અને ધન
ગણિતનાં પ્રકાર ત્રણ છે : અંક, બીજ અને રેક્ષા
નાડીનાં પ્રકાર ત્રણ છે : આદિ, મધ્ય અને અંત
ગુણનાં પ્રકાર ત્રણ છે : રજો, તમો અને સત્ત્વ
ધનની ગતિ ત્રણ છે : દાન, ભોગ અને નાશ
રોગનાં મૂળિયાં ત્રણ છે : વાત, કફ અને પિત્ત
પૂજવાને લાયક ત્રણ છે : દેવ, ગુરુ અને ધર્મ
ખાવાને લાયક ત્રણ છે : કમ, દમ અને ગમ

—શ્રી સારથિ

## નવી વ્યાખ્યાઓ

પુસ્તક : જ્ઞાન ભરવાની થેલી
પટ્ટો : કમરનું દોરડું
હેંગર : કપડાનું આરામગૃહ
માથું : વાળનું જંગલ
સેવ : ખાવાનું ઘાસ
દાતણ : ગરીબોનું ટુથપેસ્ટ
પેન : શાહીને પુરવાની જેલ

—શ્રી દિનેશકુમાર વારીયા-નવાડીસા

## નથી ... નથી

ઓસ્ટ્રેલીયામાં......અખાત
આફ્રિકામાં......દ્વીપકલ્પ
વેલ્સમાં......સરોવર
યુરોપમાં......રણ
ડેન્માર્કમાં......નદી
હોલેન્ડમાં......પર્વત
આઇસલેંડમાં......જંગલ
ન્યુઝીલેન્ડમાં......બંદર

—શ્રી શામજી એસ. ગોર-ભુજ

## ચંદનની સુવાસ

આત્મવાણી ઉચ્ચારે તે જ વક્તા.
સમાધાન ઉન્નતિનું પ્રથમ સોપાન છે.
અંધારાને અજવાળે એ જ વિદ્યા.
સ્વાર્થત્યાગ એકતારૂપી કાયાની છાયા છે.
આનંદી સ્વભાવ ઔષધનું કામ કરે છે.
સંકુચિત મનવાળાની જીભ લાંબી હોય છે.
ધનનો લોભ સર્વ પાપોનું મૂળ છે.
સ્વાર્થીઓનો સંસર્ગ હાનિકારક છે.
વિનયી, વિનમ્ર અને પ્રમાણિક બનો.

—મૃદુલ

## મગજની મીઠાઈ

(૧) એવું કયું વાજીંત્ર છે જેમાં વૃક્ષનું નામ ગુપ્ત રહેલું છે?
(૨) એવું કયું પ્રાણી છે જેમાં કઠોળનું નામ અલિપ્ત છે?
(૩) એવું કયું જંતુ છે જેમાં શરીરનું એક અંગ છુપાયેલું છે?
(૪) એવું કયું પક્ષી છે જેમાં વૃક્ષનું નામ સમાયેલું છે?

જવાબ : (૧) વાંસળી (૨) મગર (૩) કાનખજુરો (૪) ઘુવડ.

—શ્રી જિતેન્દ્ર એસ. ગાંધી-પાટણ

## જ્યાં અને ત્યાં

જ્યાં વૈરાગ્ય ત્યાં સદાચાર
જ્યાં ભાવદયા ત્યાં દ્રવ્યદયા
જ્યાં ગુસ્સો ત્યાં અધોગતિ
જ્યાં આસક્તિ ત્યાં રાગદ્વેષ
જ્યાં સંયમ ત્યાં સદ્‌ભાવ

—શ્રી સુરેશ શાહ-સુંદરા

## બે ઘડી મોજ

બા — બેટા, નવનીત ! નકામી દિવાસળી શા માટે પ્રગટાવે છે ?

નવનીત–જુઓને, બા ! પેટીમાંથી એક દિવાસળી અંધારામાં પડી ગઈ એટલે તેને શોધવા માટે હું દિવાસળી પ્રગટાવું છું.

**શ્રી રમેશચંદ્ર દલપતલાલ–ચાણસ્મા**

શિક્ષક–કેમ, લાલચંદ ! મોડો આવ્યો ? જા છેલ્લે નંબર બેસ.

લાલચંદ–સાહેબ ! તમારા ઘેર દૂધપાક આપવા ગયો હતો.

શિક્ષક–એમ ! તો, જા, પહેલે નંબર બેસ. પણ તેમાં આટલું બધું મોડું કેમ થયું ?

લાલચંદ–(પહેલે નંબર બેસીને) સાહેબ ! તમારા ફળિયામાં કરડકણું કુતરૂં મારા પાછળ દોડયું, હું પડયો અને દૂધપાક ઢોળાઇ ગયો તેથી મોડું થયું !

શિક્ષક–ઠબ્બુના સરદાર ! છેલ્લે નંબર બેસ !!

**શ્રી રજનીકાંત લહેરચંદ ધંધુકા**

ધનંજય–આંખો બંધ કરીને કેમ ચા પીએ છે ?


હેમલતા–બાપુજીએ કહ્યું છે કે, 'તારી તબિયત દિવસા દિવસ ઘટતી જાય છે માટે હમણાં ચા તરફ નજર પણ ન કરીશ.' એટલે આંખ બંધ કરીને ચા પી લઉં છું !!

**શ્રી મુક્તિલાલ મણિલાલ–કંબોઇ**

પ્રોફેસર–મનોજ ! આ પ્રશ્નો તને મૂંઝવે છે ?

મનોજ–ના, પ્રશ્નો તો તદ્દન સહેલા, સાદા અને સરળ છે, પણ તેનાં જવાબ મને મુંઝવે છે !! આપ કંઇ મદદ કરી શકો ખરા ?

**શ્રી પ્રવિણચંદ્ર જે. શાહ–આંકલાવ**



ઈનામ રૂપીયા ૫—૦૦

"વિના પ્રવેશ ફી શબ્દ હરિફાઇ વ્યુહ ૧" નાં સંયોજન બદલ ઇનામ રૂપીયા પાંચ મેળવનાર ભાગ્યશાળી વિજેતા શ્રી શશિકાન્ત પોપટલાલ, સાબરમતી, અમદાવાદ–૫.

## જુઓ અને જાણો



ડૉ. ડેનિસમેલરોઝે કૃત્રિમ હૃદય અને ફેફસાંનું યંત્ર બનાવ્યું છે. આ યંત્રની મદદથી ઓપરેશન કરતી વખતે દર્દીના હૃદયમાંથી બધું લોહી કાઢી નાખી તેની અંદર ઓપરેશન કરવામાં આવે છે અને ત્યાં સુધી આ કૃત્રિમ યંત્ર સાચા હૃદય અને ફેફસાની માફક જ કામ કરે છે વાહ રે વાહ વિજ્ઞાન !!

## બાલજગત ની પત્ર પેટી

**શ્રીકેતુ. ચાણસ્મા**–'શોધી કાઢો અને 'તમે જાણો છો ?' પ્રસિદ્ધ નહિં થાય.' નથી—નથી 'અવસરે લેવાશે.

**શ્રી રમેશકુમાર જે. શાહ તળાજા**–'બાલ જગત અમર રહો ' આગામી અંકે લેવાશે. ભલી લાગણી બદ્દલ આભાર. પત્ર લખતા રહેજો.

**શ્રી ચંદ્રકાંત શાહ મંહાલા**–'સોનેરી સુવાક્યો' નહિં લેવાય. બોધપ્રદ નાની વાર્તા મોકલો.

**શ્રી કિશોર છબિલદાસ સુરેન્દ્રનગર**–'પલટાતી વ્યાખ્યા' અવસરે લેવાશે. તમે નાની વાર્તાઓ તૈયાર કરી છે તે મોકલી આપજો. સારી હશે તો અવશ્ય સ્થાન મળશે. સહકાર આપતા રહેજો.

**શ્રી પ્રકાશ શાંતિલાલ શાહ નવસારી**–તમોએ મોકલાવેલ 'ગણિત ગમ્મત' અગાઉ 'બાલ જગત' માં શ્રી ચંદ્રકાન્ત રતિલાલ ભાવનગર-વાલાના નામે પ્રગટ થઇ ગયેલ છે. નહિ લેવાય. સ્વયં લખો. 'બે ઘડી મોજ' આગામી અંકે લેવાશે.

**શ્રી સી. પી. ત્રેવાડિયા સુરેન્દ્રનગર**–'કહો જોઇએ ?' અને 'શોધી કાઢો 'માં કંઈ નવીનતા નથી. રસપ્રદ જ્ઞાન સાથે ગમ્મત આપે તેવું લખાણ તૈયાર કરીને મોકલો. 'બાલ જગત' તમને ગમે છે તે જાણીને આનંદ.

**શ્રી પ્રવિણકુમાર કે. કોઠારી**
'ભાવ એક શબ્દ અનેક' અન્યત્ર અનેક વખત પ્રગટ થઇ ગયેલ છે. જ્યાં ત્યાંથી સીધા ઉતારા કરવાની ટેવ લેખનપ્રવૃત્તિને રૂંધનારી છે, એ ન ભૂલતા. 'કોનું શું ? અને 'શ્રેષ્ઠ છે' લેવાશે. પણ, જરા પ્રતીક્ષા કરવી પડશે. કરશો ને ?

**નંદનબાળા એસ. અન્ધારિયા ભાવનગર**-'વૃક્ષ'– 'કોનો કેવો સ્વર'– 'નવી વ્યાખ્યા' પ્રગટ નહિં થાય. 'કોને શું કહેવાય ?' લેવાશે.

'કલ્યાણ' જુન' ૬૩ના અંકમાં પ્રસિદ્ધ કરેલ 'વિના પ્રવેશ ફી શબ્દ હરિફાઇ વ્યુહ નંબર **૧**'માં કુલે **૫૨૩** હરિફોએ ભાગ લીધો છે, તે જણાવતા અમો આનંદ અનુભવીએ છીએ અને સાથે સાથે આશા રાખીએ છીએ કે, 'કલ્યાણ'ના વાંચકો આગામી હરિફાઇમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતા રહે.

કુલે **૫૨૩** હરિફોમાંથી ખરામાં આવનાર **૧૦૦** વિજેતાઓ રુપીઆ ૦૦-**૩૧** નયા પૈસાનું ઇનામ મેળવે છે. જેઓને 'મનનું ધન' પુસ્તિકા બુક-પોસ્ટથી મોકલાશે.

### ⊙ વિજેતાઓની નામાવલિ ⊙

(૧) પૂ. મુનિરાજ શ્રી **પુણ્યોદયસાગરજી** મહારાજ (આકોલા) (૨) પૂ. બાલમુનિ શ્રી **કલહંસવિજયજી** મહારાજ (ભચાઉ) (૩) પૂ. સાધ્વીજી **હેમલતાશ્રીજી** મહારાજ (સાબરમતી) નો ઉકેલ સાચો હોઈ તેઓશ્રીને **મનનું ધન** નામની પુસ્તિકા વહોરાવવાનો લાભ લેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| ૪ | બીપીનચંદ્ર છબીલદાસ | | મુંબઇ |
| ૫ | ભોગીલાલ પોપટલાલ | | ,, |
| ૬ | પરેશકુમાર રમેશચંદ્ર | | ,, |
| ૭ | જ્યોત્સ્ના કેશવલાલ | | ,, |
| ૮ | કુ. હર્ષિકા મણીલાલ | | ,, |
| ૯ | સુરેશકુમાર રમણલાલ | | ,, |
| ૧૦ | વિજયકુમાર પ્રેમજીભાઇ | | ,, |
| ૧૧ | વિજયકુમાર કેશવલાલ | | ,, |
| ૧૨ | જીતેન્દ્રકુમાર માણેકલાલ | | ,, |
| ૧૩ | કિરિટકુમાર અચરતલાલ | | ,, |
| ૧૪ | અશોકકુમાર મનુભાઈ | | ,, |
| ૧૫ | કિરણબાળા લક્ષ્મીચંદ | | ,, |
| ૧૬ | રમેશ કે. મહેતા | | ,, |
| ૧૭–૧૮ | દમયંતી કેશવલાલ | | ,, |
| ૧૯ | હસમુખ ભોગીલાલ | | ,, |
| ૨૦ | નીનાબેન ચીનુભાઇ | | ,, |
| ૨૧ | કસ્તુરબેન દેવશી (માટુંગા) | | ,, |
| ૨૨ | રંજનબેન વસંતલાલ | (ભાયખલા) | ,, |
| ૨૩ | કુ. છાયા મોહનલાલ | ( ,, ) | ,, |
| ૨૪ | અશોક કલ્યાણજી | (મુલુંડ) | ,, |
| ૨૫ | ચંદ્રકાંત હીરજી | (દાદર) | ,, |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | શાન્તા દેવશીભાઈ | ( દાદર ) | મુંબઈ |
| ૨૭ | કિશોરચંદ્ર બાબુલાલ | ( ,, ) | ,, |
| ૨૮ | વસંતકુમાર ત્રીકમજી | ( વડાલા ) | ,, |
| ૨૯ | પ્રવિણ હિંમતલાલ | ( ભાંડુપ ) | ,, |
| ૩૦ | મુક્તાબેન રસિકલાલ | ( મલાડ ) | ,, |
| ૩૧ | સુશીલા બાબુલાલ | ( ,, ) | ,, |
| ૩૨ | ભરત જયંતિલાલ | (વીલેપારલે) | ,, |
| ૩૩ | પ્રવિણ કાન્તિલાલ | ( ,, ) | ,, |
| ૩૪ | હસમુખરાય જેઠાલાલ | (ઘાટકોપર) | ,, |
| ૩૫ | સુમનલાલ મુલચંદ | ( અંધેરી ) | ,, |
| ૩૬ | મુકેશ નવિનચંદ્ર | ( ,, ) | ,, |
| ૩૭ | સુબોધચંદ્ર લાલભાઈ | | અમદાવાદ |
| ૩૮ | અશોકકુમાર ચંદુલાલ | | ,, |
| ૩૯-૪૦-૪૧ | રસિકલાલ રામચંદ | | ,, |
| ૪૨ | હેમંત ભાઈલાલ | | ,, |
| ૪૩ | કીર્તિ પોપટલાલ | (સાબરમતી) | ,, |
| ૪૪ | હરિલાલ માવજી | ભુજ | (કચ્છ) |
| ૪૫ | વિરેન્દ્ર જગજીવન | ,, | ,, |
| ૪૬ | હંસરાજ હીરજી | આધોઈ | (કચ્છ) |
| ૪૭ | વૃજલાલ જયંતિલાલ | ભચાઉ | ,, |
| ૪૮ | કંચનબેન કાંતિલાલ | માંડવી | ,, |
| ૪૯ | નવિનચંદ્ર કાંતિલાલ | ,, | ,, |
| ૫૦ | પ્રમીલા કાંતિલાલ | ,, | ,, |
| ૫૧ | કુ. હંસા નાનાલાલ ડો. | ,, | ,, |
| ૫૨ | નટવર કેશવલાલ | ,, | ,, |
| ૫૩ | ભારતીબેન રતિલાલ | | નવસારી |
| ૫૪ | રસીલા હિંમતલાલ | | ,, |
| ૫૫ | નરેન્દ્ર બાબુભાઈ | | ,, |
| ૫૬ | દીપકકુમાર ખીમચંદ | | સુરત |
| ૫૭ | મૌનીકા સોભાગચંદ | | ,, |
| ૫૮ | વિદ્યુતકુમાર કાંતીલાલ | | ,, |
| ૫૯ | શિલ્પા સુરચંદ | | ,, |
| ૬૦ | પ્રદીપકુમાર રસિકલાલ | | સુરેન્દ્રનગર |
| ૬૧ | સવિતા ચંપકલાલ | | ,, |
| ૬૨ | નરેશ રમણીકલાલ | | ,, |
| ૬૩ | કિશોર છબીલદાસ | | ,, |

| | | |
|---|---|---|
| ૬૪ | નલિન રમણીકલાલ | સુરેન્દ્રનગર |
| ૬૫ | કુ. કોકીલા રસીકલાલ | કોલ્હાપુર |
| ૬૬ | ચંદ્રકાન્ત હુકમીચંદ | ,, |
| ૬૭ | વિનોદચંદ્ર કેશવલાલ | કડી |
| ૬૮ | ભરતકુમાર રીખવચંદ | ,, |
| ૬૯ | પદ્માબેન સોમચંદ | બોરસદ |
| ૭૦ | મુકેશ રમણલાલ | ,, |
| ૭૧ | ચંદ્રમણી ફુલચંદ | ,, |
| ૭૨ | અરૂણાબેન રમણલાલ | ,, |
| ૭૩ | પુષ્પકુમાર રીખવચંદ | અમલનેર |
| ૭૪ | અનીલકુમાર મલુકચંદ | ,, |
| ૭૫ | ચંદ્રકાન્ત નરોત્તમદાસ | બોટાદ |
| ૭૬ | મુકેશ કાન્તિલાલ | ,, |
| ૭૭ | હસુમતી સવાઈલાલ | પચેગામ |
| ૭૮ | યશોમતી સવાઈલાલ | ,, |
| ૭૯ | પનાલાલ કેશવલાલ | પુના |
| ૮૦ | નિર્મળા શાંતીલાલ | રાજકોટ |
| ૮૧ | ચીમનલાલ અમૃતલાલ | ભાવનગર |
| ૮૨ | બિપીન કાંતીલાલ | વઢવાણ |
| ૮૩ | દીનેશચંદ્ર મફતલાલ | વડોદરા |
| ૮૪ | ભારતી કાંતીલાલ | ખંભાત |
| ૮૫ | સુરેન્દ્ર કેશવલાલ | ગોંડલ |
| ૮૬ | ઇંદ્રવદન કાંતીલાલ | નવાડીસા |
| ૮૭ | કિરતીલાલ ચુનીલાલ | વાવ |
| ૮૮ | બાલચંદ મોતીલાલ | ઓઢા |
| ૮૯ | કુ. દીના નેમજી | બોરડી |
| ૯૦ | અક્ષુ પ્રભુદાસ | જોરાવરનગર |
| ૯૧ | ચંદનબાળા ઉમેદચંદ | મુરબાડ |
| ૯૨ | મિનાક્ષી નટવરલાલ | દાહોદ |
| ૯૩ | કુ. જયશ્રી દીપચંદ | નિપાણી |
| ૯૪ | નવિન & તરૂણ કાં. | નાના ખુંટવડા |
| ૯૫ | ભોગીલાલ નાગરદાસ | લાઠીદડ |
| ૯૬ | નવિનચંદ્ર મોહનલાલ | વીંછીયા |
| ૯૭ | મહેન્દ્ર શાન્તિલાલ | શીપોર |
| ૯૮ | વિનય મંગળદાસ | દશાડા |
| ૯૯ | રજનીકાંત & જયશ્રી કાં. | ધંધુકા |
| ૧૦૦ | કનૈયાલાલ શાંતિલાલ | ઉમેટા |

**: આગામી અંકે નુતન ઢબે રજુ થશે :**

# વિના પ્રવેશ ફી અંક હરિફાઈ

# "આત્માની ઓળખ કરીલો"

શ્રી ઉજમશી જુઠાભાઇ શાહ, અમદાવાદ.

હું કોણ! મારું સ્વરૂપ શું! તથા મારાથી ભિન્ન પદાર્થો શું! તેનો જેને વિવેક નથી, તેને ધર્મ થતો નથી.

આત્માનું ભાન કરવું તે વિકાસની પૂર્વ ભૂમિકા છે. અને ધર્મનગરીમાં પ્રવેશવાનો તે દરવાજો છે. નિજ તત્વની યથાર્થ ઓળખ વગર પરતત્વનું જ્ઞાન થાય નહિ. ધર્મના પુરુષાર્થની દિશા ખૂલે નહિ. નિજ તત્વના નિર્ણયથી જ આત્મ વીર્યનો વેગ સ્વભાવ ભણી વળે છે.

જે જીવ એક સેકન્ડ પણ આત્માની ઓળખ કરે છે. તેનું સંસાર ભ્રમણ વહેલું-મોડું અવશ્ય ટળે છે. શરીરમાં જેઓ એકતા માની બેઠા છે. તેનો છુટકારો નથી.

'હું ચતન્ય આત્મા છું. શરીરથી જુદો છું. આત્મામાં પરમાત્મ શક્તિ પડી છે. મારી પરમાત્મ દશા મારા આત્મામાંથી જ પ્રગટવાની છે.' એમ જેણે ભાન કર્યું છે, તેને શરીરથી મુકાવાનો અવસર અવશ્ય પ્રાપ્ત થવાનો છે. એટલે કે, તેનો મોક્ષ અવશ્ય થવાનો છે.

સ્વ સ્વભાવ ભાનના અભાવને કારણે, કર્મ તરફના ઝુકાવથી જીવમાં અનાદિથી રાગદ્વેષની પરંપરા ચાલી રહી છે. રાગદ્વેષ અને કર્મની પરંપરા અનાદિથી ચાલતી હોવા છતાં તે સ્વભાવભૂત નથી, પણ વિભાવરૂપ ઉપાધિ છે. પોતાની પર્યાયમાં તે વિકારી ભાવો છે.

સ્વ-પરનો ભેદ કરી, સ્વ-સ્વભાવના નર્ણયમ ઝૂકતાં, રાગદ્વેષ તૂટતાં, કર્મ બંધનની પરંપરા તૂટી જાય છે. પરિણામે ક્રમશઃ સ્વભાવમાં સ્થિર થતાં, કર્મ સાથેનું જીવનું જોડાણ સર્વથા છૂટી જાય છે. એટલે કે, શુદ્ધચૈતન્ય સ્વરૂપ આત્માનો નિર્ણય કરીને તેની સન્મુખ જે વર્તે છે. તે જીવ બંધન રહિત થઇને, દુઃખ મુક્ત બનીને પરમ આનંદ પામે છે.

આત્માને પોતાની શક્તિનો વિશ્વાસ અને આત્મ વીર્યનો ઉલ્લાસ આવે એટલે છુટકારાનો માર્ગ સહજ ખૂલી જાય છે.

ખાસ ખ્યાલ રાખવો કે, ધર્મની રુચિ-વાળાને ઊંઘમાં પણ પર પ્રત્યેની ઉદાસીનતા ખસે નહિ. ધર્મની રુચિવાળો પર પ્રત્યેની ઉદાસીનતામાં આંતરો પડવા દે નહિ.

અંતરમાં મુક્તિનો ઉલ્લાસ પ્રગટે, અને તેનું પરિણમન સ્વભાવ સન્મુખ વળે તેમ કરવા, જિનવાણીનું શ્રવણ અને શ્રી અરિહંત દેવનું દર્શન પૂજન સદા આવશ્યક છે.

પાયાની સમજણનો અભાવ હોય તો, ગમે તેવાં ટાઈટલ્સ મેળવીએ, કે ગમે તેટલી વિપુલ ભૌતિક સામગ્રીઓ પ્રાપ્ત કરીએ તેનું કંઇજ મૂલ્ય નથી. ઊલટું તે બધું જ આત્માને હણશે.

આત્મભાન વગર કરેલું સારું એવું પણ બધું જ એકડા વિનાના મીંડાં જેવું છે.

મનુષ્ય દેહ મળ્યો પણ જો, આત્માની ઓળખ ન કરી તો, અમુલ્ય એવો માનવભવ એળે જવાનો છે. ભવ્ય જીવોએ આત્માની ઓળખ જીવતાં-મરતાં અવશ્ય કરી લેવી જોઇએ.



# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

શ્રી કિરણ

'કલ્યાણ'ના હજારો વાચકોનો પ્રિય વિભાગ ગતાંકથી 'કલ્યાણ'માં શરૂ થયેલ છે, જેને આવકારતા સંખ્યાબંધ પત્રો અમને પ્રાપ્ત થયા છે. તત્ત્વજ્ઞાન તથા વિજ્ઞાનના સમન્વય પૂર્વક અનેકવિધ વિષયોને સ્પષ્ટ કરતી આ લેખમાળાના લેખક લોકભોગ્ય શૈલીયે સારગ્રાહી મર્મસ્પર્શી લેખિની દ્વારા તેજસ્વી શૈલીએ મનનીય વિચાર ધારા રજૂ કરી રહ્યા છે. સર્વ કોઈને ગંભીર ભાવે તેને અવગાહવા અમારો વિનમ્ર અનુરોધ છે.

⊙

## આધ્યાત્મનું મહાશાસ્ત્ર

પ્રિય કમલ,

તારો પત્ર મળ્યો છે.

જીવનમાં ફક્ત એક જ ગ્રંથ આત્મસાત્ કરવાની જેને ઇચ્છા હોય તેને શ્રી તત્ત્વાર્થ-સૂત્રનું અધ્યયન કરવું.

વરસો પહેલા મેં તને લખ્યું હતું કે, તત્ત્વાર્થ સૂત્રના શબ્દે શબ્દમાં નિસર્ગના મહાસત્યો ઠાંસી ઠાંસીને ભર્યા છે. જીવત્વના કથીરમાંથી સિદ્ધિત્વનું પારસ પ્રગટાવવાની પ્રક્રિયા પૂર્ણપણે તેમાં દર્શાવાઈ છે.

આ વિષયમાં તારો રસ જાગ્રત થયો જોઈ આ પત્ર લખુ છું. તારી જિજ્ઞાસા જો પુષ્ટ બનશે તો વિશેષ લખીશ.

પ્રાચીન કાલની સૂત્રાત્મક પદ્ધતિ માનવ મનમાં રહેલા વિચારબીજોને પ્રસ્ફુરિત કરવામાં ઘણી સહાયક થાય છે.

કમલ, હું તારા માટે આ સૂત્રો અવશ્ય કંઠસ્થ કરવાનો આગ્રહ રાખું છું. જે સૂત્રો તારી સ્મૃતિમાં અંકિત થશે, તેની અસર સૂક્ષ્મપણે તારા આંતરમનમાં અનુકૂળ ફેરફાર લાવશે.

આપણી પ્રાચીન સૂત્ર રચના શ્રાવ્ય અશ્રાવ્ય ધ્વનિ વિજ્ઞાનના સૂક્ષ્મ નિયમો અનુસાર થઇ છે.

## સૂત્રોનું રહસ્ય

કમલ, યોગ્ય ગુરૂ પાસેથી આ સૂત્રો સમજીને તેનું સૂક્ષ્મ અધ્યયન કરવું જોઈએ.

અનુપ્રેક્ષા દ્વારા આ સૂત્રોનાં અર્થરહસ્ય ઉઘડતા જશે અને ધ્યાન દ્વારા તેનો ભાવ આત્મસાત્ થશે.

આ સૂત્રો વિચારમાં તથા આચારમાં ઉતારવા માટે છે. સૂત્રોની સમજણ વિચારથી, વારંવાર વિચારથી પ્રાપ્ત થાય છે. સૂક્ષ્મ રહસ્ય ધ્યાનથી પ્રકાશે છે. આ 'ધ્યાન' કોઇ પ્રકારની મનઃશૂન્યતા નથી કે વિચારની કલ્પનાં જાળ નથી, પરંતુ પ્રાપ્ત જ્ઞાનને જીવનમાં વણી લેનારી સૂક્ષ્મ માનસ પ્રક્રિયા છે. આ 'ધ્યાન' સમ્યગ્ દર્શન જ્ઞાન ને ચારિત્રમાં પલોટવાનું સહાયક સાધન છે.

## સત્યનો અરિસો

તત્ત્વાર્થસૂત્રમાં વિશ્વને સમજવાની, પોતાના આત્માને સમજવાની અને વિશ્વ તથા આત્માના સંબંધને સમજવાની એક અમૂલ્ય કૂંચી છે.

તત્ત્વાર્થ સૂત્ર એક અસામાન્ય ગ્રંથ છે. જેમ પદાર્થોનું દર્શન અરિસામાં થાય છે. તેમ તત્ત્વાર્થ સૂત્ર સત્યના દર્શનનો અરિસો છે. આ અરિસામાં જોવાની દ્રષ્ટિ તીવ્ર અભ્યાસથી ઉઘડે છે. આવો તીવ્ર અભ્યાસ દ્રઢ વૈરાગ્ય વગર પ્રગટતો

નથી. જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય, મોક્ષની અભિલાષાથી દૃઢ બને છે.

## તત્ત્વાર્થ સૂત્ર

કમલ, તત્ત્વાર્થ સૂત્રનું અધ્યયન શરૂ કરતા પહેલા શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરવું જોઇએ. પરમ ઉપકારી શ્રી વીર ભગવંતની સ્તુતિ કરવી જોઇએ. વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજનું અત્યંત ભાવથી સ્મરણ કરવું જોઇએ. જિન પ્રવચન પ્રત્યેની ભક્તિથી હૃદય આર્દ્ર બનવું જોઈએ, અને પોતાના ગુરુ આદિ ઉપકારીઓને વંદન કરવું જોઈએ.

આ પૂર્વ ભૂમિકાથી તત્ત્વાર્થના અર્થ વિશેષ સ્પષ્ટ થશે. ભાવનું સ્પર્શન થશે.

કમલ, તત્ત્વાર્થસૂત્ર એટલે તત્ત્વના અર્થનું સૂત્ર!

સમ્યગ્ દર્શનથી તત્ત્વનું દર્શન છે.
સમ્યગ્ જ્ઞાનથી અર્થની સમજણ છે.
સમ્યગ્ ચારિત્રથી સૂત્રની પ્રાપ્તિ છે.

તત્ત્વાર્થસૂત્ર એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર!

તત્ત્વાર્થસૂત્ર એટલે મોક્ષમાર્ગ!

સારાય તત્ત્વાર્થ સૂત્રનો સાર તેનું પ્રથમ સૂત્ર 'સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગ :' છે.

આ પ્રથમ સૂત્રનો સંકેત 'તત્ત્વાર્થસૂત્ર'માં પ્રાપ્ત થાય છે.

## શબ્દોના સંક્ષેપની મહાકલા

કમલ, તત્ત્વાર્થ સૂત્રની અનુપ્રેક્ષા વડે તને સમજાશે કે એક એક સૂત્રમાં સર્જનાત્મક ભાવશક્તિ અને વિચારશક્તિ ભરેલી છે, જે પદ્ધતિસર પ્રગટાવવાથી જીવનને દિવ્ય બનાવી શકાય છે.

તત્ત્વાર્થનું અધ્યયન તારા જીવનને મંગલમય બનાવે!

સ્નેહાધીન
કિરણ

## મહામંત્રની અનુપ્રેક્ષા

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાને સફળ બનાવનાર બે મુખ્ય ભાવનાઓ છે.

ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે,

મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ.

સર્વ જીવોને હું ખમાવું છું, ક્ષમા કરૂં છું. સર્વે જીવો મને ક્ષમા આપો, સર્વ જીવો સાથે મારે મિત્રતા છે. કોઇ સાથે મારે વૈરભાવ નથી.

આ ભાવના વડે જગતના સર્વ જીવો સાથે જોડાણ થાય છે. અને દ્વેષ ભાવ ટળે છે. હૃદય હળવું બને છે.

બીજી ભાવના આ છે.

શિવમસ્તુ સર્વ જગત :
પરહિત નિરતા ભવંતુ ભૂતગણા :
દોષા : પ્રયાંતુ નાશં
સર્વત્ર સુખી ભવતુ લોક :

જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ પ્રાણીઓ પારકાનું હિત કરવામાં તત્પર થાઓ દોષો નાશ પામો અને સર્વત્ર લોક સુખી થાઓ.

બીજી ભાવના વડે રાગભાવ ટળે છે અને ચિત્ત પ્રસન્ન બને છે.

પહેલી ભાવના પાકેલા ગુમડામાંથી રસી દૂર કરવા બરાબર છે.

બીજી ભાવના રસી દૂર થયા પછી ગુમડું રૂઝવવા મલમની પટ્ટી ચોઢવા બરાબર છે.

આ બન્ને ભાવનાપૂર્વક થતું નવકાર મંત્રનું આરાધન અવશ્ય ભાવરોગોને મટાડવામાં સહાયક થશે.

નવકારમાં 'નમો' એ પ્રેમનું પ્રતીક છે. રાગ અને દ્વેષ દબે છે ત્યારે પ્રેમ પ્રગટે છે.

શ્રી પંચ પરમેષ્ઠીઓને ત્રણ જગત પર અખંડ પ્રેમ છે, કરુણા છે, વાત્સલ્ય છે.

નિઃસ્વાર્થ સ્નેહ છે, નિષ્કારણ પ્રીતિ છે, તેમની તે પ્રીતિ અકારણ હોવાથી પ્રકૃષ્ટ શુભ છે. ઉત્કૃષ્ટ બલવતી છે. સર્વ અશુભનો નાશ કરવા સમર્થ છે.

'નમો' પદ વડે આપણે શ્રી પંચ-પરમેષ્ઠિઓને શરણે જઈએ છીએ.

વિશ્વમાં અશુભ ઘણું છે, પરંતુ શુભ તેથી પણ વિશેષ છે.

શ્રી પરમેષ્ઠિઓનો શુભ ભાવ એટલો બધો પ્રબળ છે કે તેની સામે અનંતાનંત જીવોનું અશુભ એકઠું થાય તે પણ પ્રચંડ દાવાનલની આગળ ઘાસના તૃણ તુલ્ય છે.

પરમેષ્ઠિઓને ભાવ નમસ્કાર કરવાથી અભય પ્રાપ્ત થાય છે.

## ઝરણાં

### પરમાત્મા જયવંતા વર્તો

ઈ, સ. ૧૪૭૯ ની આ વાત છે

સાત વર્ષના બાળકને પિતાએ નિશાળમાં બેસાડયો.

બાળકે શિક્ષકને પૂછ્યું. 'આ સંસારનાં બંધનમાંથી મુક્ત થવાનો માર્ગ મને બતાવો.'

શિક્ષક તો આશ્ચર્યથી આ નવા શિષ્યને જોઇ રહ્યા.

'તું બાળક તે વળી બંધ અને મોક્ષની વાતમાં શું સમજે ?'

આ બાળ શિષ્યે વિનયપૂર્વક કહ્યું 'મુક્તિની પ્રાપ્તિ માટે મોહને બાળીને તેની ભસ્મ બનાવો. તેની શાહિ વડે બુદ્ધિના કાગળ પર પ્રેમની કલમથી ગુરુની આજ્ઞા લઈને એવું લખો કે સર્વ જીવોનું હિત કરનાર અનંત શક્તિશાળી પરમાત્મા જયવંતા વર્તો.'

શિષ્ય પાસેથી શિક્ષક આજે નવો પાઠ શીખ્યા.

આ બાળક તે શીખ ધર્મના સ્થાપનાર **ગુરુ નાનકદેવ !**

### ધર્મ

'યોગ' શબ્દ યુજ્ ધાતુ ઉપરથી જોડવું એ અર્થમાં થયો છે.

ધર્મને અંગ્રેજીમાં 'રીલીજીયન' Religion કહે છે. આ શબ્દ લેટીન ભાષાના Religion શબ્દ ઉપરથી આવ્યો છે. 'Religion' શબ્દનો મૂળ લેટીન શબ્દ 'Religere' છે. તેનો અર્થ 'જોડવું' to connect 'બાંધવું' to bind એ પ્રમાણે થાય છે.

ધર્મનો વાસ્તવિક અર્થ આત્મૈકય ભાવના અને પરમાત્મૈકય ભાવનનું દર્શન જ્ઞાન અને ચારિત્ર છે (to join Man to the Universe and God.)

મિથ્યાત્વને લીધે સર્વ જીવોથી રાગદ્વેષ ભાવ છે. સર્વ જીવો સાથેનું ઐકય અનુભવાયું નથી, આત્મૈકય ભાવનાનો અભાવ છે.

અજ્ઞાનને લીધે પોતાના શુધ્ધ સ્વરૂપનું ભાન થયું નથી. પરમાત્મૈકય ભાવનાનો અભાવ છે.

### અભિમાન

આવનાર ભાઇએ કહેવા માંડયું, કે અમુક વ્યક્તિને ધનનું અભિમાન છે. અમુક વ્યક્તિને પોતાના હોદ્દાનું અભિમાન છે, અમુક વ્યક્તિને રૂપનું અભિમાન છે. ત્યાં વચમાં જ એક મહાત્માએ પૂછયું, 'પરંતુ તમને શેનું અભિમાન છે તે તો કહો ?'

આવનાર ભાઈ બોલ્યા, 'મને તો કોઈ પ્રકારનું લેશ માત્ર અભિમાન નથી. મારા પરિચિતોને પૂછી જૂઓ કે મારા જેવો નિરભિમાની કોણ છે ?'

મહાત્મા બોલ્યા, 'ભાઇ, આ નિરભિમાન-પણાનું તમને અભિમાન છે. એ વાત સમજાય છે ?'

પ્રત્યુત્તર આપવાને બદલે પેલા ભાઇએ સામે પૂછયું. 'પરંતુ મહારાજ, તો પછી તમને શેનું અભિમાન છે ??

શાંત ભાવે મહાત્મા બોલ્યા; 'તમે ઠીક પૂછયું. સાંભળો. અભિમાન અને અભિમાનના અભાવને હું જાણી શકું છું એવું અભિમાન હજી મને પણ છે.'

## સજીવ ખુરશી

'એકવાર કવિ રવિન્દ્રનાથ ટાગોર પોતાના એક ભક્તના આગ્રહથી એને ઘેર ગયા. ભક્તના ઘરમાં એમને બેસવા માટે લાકડાની એક સુંદર ખુરશી આપવામાં આવી.

કવિએ પૂછ્યું, 'આ તમારી ખુરશી સજીવ તો નથી ને?'

કવિનો પ્રશ્ન કોઈ સમજી શક્યું નહિ.

કવિએ કહ્યું 'હું પૂછુ છું કે આ ખુરશી સજીવ, જીવવાળી એટલે કે માંકડવાળી છે કે નહિ?'

આ રમુજથી ત્યાં હાસ્ય ફેલાઇ ગયું.

## જ્વાલામુખી

અમેરિકાના પ્રમુખ ટ્રૂમેનની બાબતમાં એક રમુજી ઘટના છે.

એકવાર તેઓ મેક્સિકોની મુલાકાતે ગયા હતા. ત્યાં તેમને પેરીસ્યુટીનનો જ્વાલામુખી જોયો.

મેક્સિકોના પ્રમુખ એલમેને ટ્રૂમેનને પૂછ્યું: 'આપ એને વિશે શું ધારો છો?'

જવાબમાં ટ્રૂમેને કહ્યું, 'એ ખરેખર પ્રખ્યાત જવાળામુખી છે, પરંતુ વોશિંગ્ટનમાં હું જે જવાળામુખી ઉપર બેસું છું; તેની સરખામણીમાં તો એ કંઇ વિસાતમાં નથી.'

## એક વાર........

બ્રિટનના ભૂતપૂર્વ મંત્રી લોઈડ જ્યોર્જ એકવાર વેનિસના પ્રવાસમાં હતા. એક દિવસ રાત પડી ગઇ ત્યારે માર્ગમાં એવા સ્થાને પહોંચ્યા, જ્યાં રહેવા માટે કોઇ હોટલ નહોતી.

રાત વ્યતિત કરવા માટે એક મોટા મકાન પાસે આવીને તેમણે ત્યાં દરવાનને કહ્યું, 'ભાઇ, મારૂં નામ લોઈડ જ્યોર્જ છે. હું બ્રિટનનો પ્રધાન મંત્રી છું. માત્ર એક જ રાત અહિં રહેવા ઇચ્છું છું.'

દરવાને ઘણી ગંભીરતાથી કહ્યુ, 'એમ? તમે પણ લોઇડ જ્યોર્જ છો? તો તો અહિં શોખથી રહો.'

લોઇડ જ્યોર્જ બોલ્યા, 'હું તમારી મતલબ સમજ્યો નહિ.'

દરવાને કહ્યું, 'વાત એમ છે કે અહિં ચાર લોઇડ જ્યોર્જ અત્યારે મોજુદ છે, અને દરેક પોતાને બ્રિટનના પ્રધાન મંત્રી તરીકે ઓળખાવે છે.'

તપાસ કરતા લોઇડ જ્યોર્જને સમજાયું કે, 'આ મકાન પાગલખાનું હતું જ્યાં એવા ચાર પાગલો હતા કે જે પોતાને લોઈડ જ્યોર્જ તરકે ઓળખાવતા.'

## જૈન ઇતિહાસ

'ગુજરાતના ઈતિહાસનું મૂળ જૈન ઇતિહાસમાં છે. જૈનોએ ગુજરાતનો ઇતિહાસ સંભાળી રાખ્યો છે એમ કહીએ તો ખોટું નથી.'

અનેક પ્રાચીન શિલાલેખો, પટ્ટકો, મૂર્તિઓ ગ્રંથો, સિક્કાઓ અને તીર્થસ્થાનોમાં જૈન ઇતિહાસના સ્મરણો મળી આવે છે.'

—સોલંકીઓકા ઈતિહાસ

શ્રી ગૌરીશંકર ઓઝા

જૈનોની સાહિત્ય અને સ્થાપત્ય સમૃદ્ધિમાં માત્ર ગુજરાતનો નહિ, ભારતનો ઇતિહાસ પણ ભર્યો છે.

જૈન સાહિત્ય અને કલાની છાયા ક્યારે, ક્યાં, કઇ રીતે પ્રકાશી હતી! તેનું સંશોધન અને અધ્યયન ભારતની વિચાર સમૃદ્ધિમાં જૈનત્વનું સ્થાન કેટલું આગળ હતું તે દર્શાવશે.

## દુનિયાની તકરાર

લિંકનને એક મિત્ર મળવા આવ્યા. ઘરમાં લિંકનના બે નાના પુત્રો ઝઘડતા હતા.

મિત્રે લિંકનને પૂછ્યું 'છોકરાઓની શી તકરાર છે?'

લિંકને ઉત્તર આપ્યો, 'આખી દુનિયાની જે તકરાર છે તો' અને પછી ઉમેર્યું 'મારી પાસે ત્રણ અખરોટ છે, અને દરેક છોકરાને બે અખરોટ જોઇએ છીએ.'




**પૂર્વ પરિચય** : રામચંદ્રજીના પૂર્વજોનો યશોજ્વલ ઇતિહાસ અહિં રજૂ કર્યો છે. વિજયરાજાના પુત્ર પુરંદર રાજાને કીર્તિધર પુત્ર છે. પુરંદર તેમને રાજ્ય સોંપી દીક્ષા લે છે; કીર્તિધર પણ સુકોશલ બાળક-પર રાજ્યભાર સોંપી દીક્ષા લે છે. સહદેવી સુકોશલને મોટો કરે છે, પણ બાળક સુકોશલ તેના પિતા મુનિને જોઇને દીક્ષા લેવા તૈયાર થઇ ન જાય માટે, કીર્તિધર રાજર્ષિ અયોધ્યામાં આવેલ છે, તેમને રાજમાતા સહદેવી નગરની બહાર કઢાવે છે; સુકોશલની ધાવ માતા આ જોઇને દુઃખી બને છે, ને બાળરાજા સુકોશલને તે હકીકત જણાવે છે. સુકોશલ મહારાજા અશ્વ ઉપર બેસી કીર્તિધર રાજર્ષિનાં પુણ્યદર્શને નીકળી પડે છે. **હવે વાંચો આગળ :**

## [૩] મા?

રાજર્ષિ કીર્તિધર અયોધ્યાની બહાર ઉદ્યાનમાં એક વટવૃક્ષની નીચે ધ્યાન ધરતા ઊભા રહી ગયા હતા. તેમની મુખમુદ્રા પર સમતા-સમાધિનું અમૃત રેલાઈ રહ્યું હતું. તપશ્ચર્યાની તેજોમયતા સમગ્ર દેહ પર પથરાઈ ગઇ હતી. માસખમણનું પારણું કર્યા વિના જ તેઓ પાછા વળી ગયા હતા.

સુકોશલ અયોધ્યાની બહાર આવી પહોંચ્યો. ચારે કોર તેણે મહામુનિની શોધ કરવા માંડી. તે વટવૃક્ષ પાસે આવી પહોંચ્યો. મહામુનિને જોતાં જ તેનું હૈયું ગદ્ગદ્ બની ગયું. તેની આંખમાંથી આંસુ છૂટી પડયાં તે મહામુનિનાં ચરણોમાં ઢળી પડ્યો અને ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો.

'ભાગ્યશાળી, આટલો બધો શોક શા માટે?' મહામુનિએ ધ્યાન પૂર્ણ કરી વાત્સલ્યભર્યા શબ્દોથી રાજા સુકોશલને શાંત કરવા પ્રયત્ન કર્યો. પરંતુ સુકોશલનું રૂદન ન અટક્યું તેમ જ તે કંઇ બોલી પણ ન શક્યો.

સુકોશલ : આમાં કોઇનો દોષ નથી. મારા પૂર્વકૃત કર્મનો જ દોષ છે...અને તે પણ સારા માટે જ છે. સહવાસનો અવસર આપણા પાપોદય વખતે જ મળે છે.

પ્રભો! ખરેખર આ સંસાર જ પાપનું નિમિત્ત છે...એવા સંસારથી જ સર્યું...આપ કૃપા કરી મને આ સંસારથી જ ઉગારી લો....'

સુકોશલની કેવી સૂક્ષ્મ દૃષ્ટિ! તેણે માતાનો દોષ ન જોયો. પરંતુ માતા પાસે ભૂલ કરાવનાર જે સંસાર...સંસારની વાસનાઓ...એમાં દોષ જોયો. જ્યાં સુધી જીવ સંસારની ભૌતિક વાસનાઓ પર વિજય ન મેળવે ત્યાં સુધી એ ભૂલો કરતો જ રહેવાનો...ગુના કરતો જ રહેવાનો. જીવને ગુના કરતો અટકાવવા માટે સંસારના વિષયોની વાસનાઓ ઓછી કરવી જ રહી. નામશેષ કરવી જ રહી.

વિશ્વ પર અધ્યાત્મવાદ આ કામ કરી રહેલ છે. એ મનુષ્યને વિષયોની સ્પૃહાથી અળગો બનાવે છે. બૂરી વાસનાઓને ભૂંસી નાંખે છે. તેથી મનુષ્ય ભૂલો કરતો, ગુના કરતો અટકે છે. અને તેથી માનવ સૃષ્ટિમાં શાંતિ અને સુખનું વાતાવરણ સર્જાય છે. અધ્યાત્મવાદ શિવાય મનુષ્યને કોઇ જ વાસના વિનાશની પ્રેરણા અને પ્રોત્સાહન આપી શકે એમ નથી. અને તે શિવાય અન્યાય-અનીતિ-દુરાચારો અટકે એમ નથી.

સુકોશલ યુવાન હતો. અયોધ્યાના વિશાળ રાજ્યનો અધિપતિ હતો. છતાં તેના હૃદય પર અધ્યાત્મવાદની પકડ હતી. તેની દૃષ્ટિમાં જ્ઞાનની જ્યોતિ હતી. તે જ્યોતિથી તે જગતના પ્રસંગોને વાસ્તવિકતાની ભૂમિકાએ જોઇ શકતો.

ખરેખર સહદેવીનો શો ગુનો હતો? તેને પુત્રસ્નેહની વાસના સતાવતી હતી. એ વાસનાએ

એને રાજર્ષિ પર દ્વેષ કરાવ્યો 'આમને જોઇને પુત્ર પણ ચારિત્ર લઈ લેશે...પછી મારૂં કોણ?' ખરેખર ગુનેગાર તો વાસના હતી. સહદેવીનો આત્મા તો નિમિત્ત માત્ર હતો.

રાજમહેલમાં કોલાહલ મચી ગયો. દાસદાસીઓ દ્વારા વાત આખા મહેલમાં વ્યાપક બની ગઇ. સહદેવી પર છૂપી રીતે સહુ તિરસ્કાર વરસાવવા લાગ્યાં પરંતુ રાજમાતાને કહી કોણ શકે?

સહદેવીને પણ ખબર પડી ગઈ કે સુકોશલને રાજર્ષિના આગમનની જાણ થઇ ગઇ છે અને તુરત તે અશ્વારુઢ બનીને ગામ બહાર દોડી ગયો છે. તે હાંફળી ફાંફળી બની ગઇ. તેણે તુરત જ મંત્રીગણને બોલાવ્યો, અને પોતે સુકોશલની પત્ની ચિત્રમાલા પાસે દોડી ગઇ.

ચિત્રમાલા એક સાત્ત્વિક અને પતિવ્રતા સન્નારી હતી. સુકોશલના અધ્યાત્મવાદી આત્માથી તે સુપરિચિત હતી; પરંતુ એથી એના હૈયામાં આનંદ હતો કારણ કે એ પણ એમ જ માનતી હતી કે આ જીવનમાં જો પુરુષાર્થ કરવા જેવો હોય તો આત્મકલ્યાણ માટે જ કરવા જેવો છે. પરંતુ હાલ તે ગર્ભવંતી બનેલી હતી.

'ચિત્રમાલા, ગજબ થઈ ગયો...તને ખબર પડી?' સહદેવીએ શયનગ્રહમાં પેસતાં જ કહ્યું.

'ના માતાજી.' ચિત્રમાલાએ ઉભા થઇને રાજમાતાને પ્રણામ કર્યાં.

'રાજર્ષિ અયોધ્યામાં પધાર્યા છે. સુકોશલને ખબર પડી...એ રાજર્ષિ પાસે દોડી ગયો છે...હવે...'

'માતાજી આપ ચિંતા ન કરો. હું હમણાં જ જાઉં છું....તેમને વિનવીશ...'

'પણ નહિ માને તો....' સહદેવી જાણે ભવિષ્યને જોઈ રહી હતી.

'તો એમના પર અમારો અધિકાર કયાં છે? એમનો અમારા પર અધિકાર છે!'

સહદેવી ચિત્રમાલાને જોઇ રહી. ત્યાં દાસી આવીને કહી ગઇ કે મહામંત્રી વગેરે આવી ગયા છે. સહદેવી ચિત્રમાલાને પરિવાર સાથે સુકોશલ પાસે જવાનું કહી. પોતે પોતાના આવાસમાં પહોંચી.

'મહામંત્રીજી, આપે બધી વાત જાણી તો હશે જ.'

'હા જી.'

'આપે શું વિચાર્યું?'

'મને તો લાગે છે કે મહારાજા રાજર્ષિ પાસેથી પાછા નહિ આવે...'

'હેં?' સહદેવીની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં.

'માતાજી, આપ ચિંતા ન કરો. શોક ન કરો. અયોધ્યાના રાજકુળની આ તો અસંખ્યકાળથી ચાલી આવતી રીતિ છે!'

'પરંતુ, રાજ્યસિંહાસન ખાલી પડે તેનું શું?'

'બસ, તેમને રોકવા માટેનો આ એક જ ઉપાય છે. તેમની સામે આ પ્રશ્ન મૂકીએ અને રોકાઈ જાય તો જુદી વાત.'

તો પછી આપ સહુ તુરત જ જાઓ અને સમજાવો.'

મહામંત્રી રાજ્યના મુખ્ય મુખ્ય અધિકારીઓને લઇને રાજર્ષિ કીર્તિધરની પાસે પહોંચ્યા. તેમની પાછળ અયોધ્યાના હજારો સ્ત્રી-પુરુષો પોતાના પ્રિય રાજર્ષિના દર્શન કરવા દોડી ગયા.

સહુ ગયા....સહદેવી ન ગઇ. એનું ચિત્ત દ્વેષની જ્વાલાઓથી સળગી ઉઠયું હતું.. રાજર્ષિ કીર્તિધર પર તેણે મનોમન ભારે રોષ ઠાલવ્યો. પરંતુ એ રોષનો અગ્નિ કીર્તિધરને કંઈ જ ન કરી શકયો. બલ્કે સહદેવીની સમતા-સમાધિને ભરખી ગયો.

'શું કરૂં! રાજર્ષિને તો મેં નગર બહાર કઢાવી મૂકયા...પરંતુ છોકરો જ બુદ્ધિ વિનાનો, હોય...કૃતઘ્ન હોય...તેનું શું થાય? એ મૂર્ખને મારો વિચાર પણ આવતો નથી. મે એને ઉછેરીને મોટો કર્યો...રાજકારભારમાં મેં એને સહાય કરી. એને સારામાં સારી કન્યા શોધીને પરણાવ્યો...આ બધા ઉપકારો એ ભૂલી ગયો અને સાધુ બની જવા

હાલી નિકળ્યો....' સહદેવીની આંખમાંથી આગ વરસવા લાગી. તેણે દાંત પીસ્યા. બે હાથને જોરથી દાબ્યા...રાજર્ષિ કીર્તિધરને અને રાજા સુકોશલને જાણે પીસી નાંખવાની દુષ્ટ વાસનામાં રમી રહી.

રાગ અને દ્વેષની કેવી ક્રૂર રમત ચાલી રહી છે. ક્ષણો પહેલાં જે પુત્ર પરના સ્નેહને વશ બની પોતાના પતિ રાજર્ષિને નગર બહાર કાઢી મૂકાવ્યા, તે જ પુત્ર પર અત્યારે તે ક્રૂર વિચારોની ઝડીઓ વરસાવવા લાગી! અત્યારે તે વિચારો શિવાય કંઇ જ કરી શકવા સમર્થ નથી માટે એટલેથી અટકી...બાકી જો સંયોગો હોય તો રાગ અને દ્વેષ જીવ સાથે ઘોર-દારુણ વર્તાવ કરાવતાં અચકાય નહિ.

ચિત્રમાલા રથમાં બેસીને પરિવાર સાથે ઝડપથી નગર બહાર આવી પહોંચી. વટવૃક્ષની થોડે દૂર રથને થંભાવી, ચિત્રમાલા નીચે ઉતરીને મર્યાદાપૂર્વક વિનયસહિત મહામુનિની સમક્ષ આવી. વિધિપૂર્વક વંદના કરી, તે યોગ્ય જગ્યાએ બેઠી. એની પાછળ પરિવાર પણ બેસી ગયો.

મહારાજા સુકોશલ મહર્ષિના ચરણ પકડીને બેઠા હતા.

મૌન પથરાયું. કોઇ કંઇ બોલતું નથી. ત્યાં મહામંત્રી મંત્રીમંડળ સાથે આવી પહોંચ્યા. રાજર્ષિને વંદના કરી તેઓ મહારાજા સુકોશલની સામે વિનયપૂર્વક બેઠા.

'પ્રભુ! આપે અયોધ્યામાં પધારી અમારા પર મહાન કૃપા કરી...અજ્ઞાન સેવકોએ આપને ઓળખ્યા નહિ...આપની સાથે અનુચિત વર્તાવ કર્યો....આપ કૃપાસાગર છો....અમારી ભૂલને ક્ષમા કરશો.' મહામાત્યે અંજલિ જોડીને ક્ષમાયાચના કરી.

'મહામંત્રી, સેવકોએ મારી માટે તો ઉચિત જ કર્યું છે. આવો પ્રસંગ આપીને તેઓ મારાં કર્મનો ક્ષય કરવામાં સહાયક બન્યા છે!' મહામુનિએ મુખ પર આછેરૂં સ્મિત કરીને કહ્યું.

'પ્રભો! સહાયક સેવકો નથી થયા, મારી માતા થઇ છે!' સુકોશલે સ્પષ્ટતા કરી.

'એમાં પણ આપના પ્રત્યેનો માતાનો સ્નેહ નિમિત્ત બન્યો છે, કૃપાનાથ!' મહામંત્રીએ મહારાજાની સામે જોઇને કહ્યું.

'એ સ્નેહ સાચો સ્નેહ નથી. પરંતુ સ્વાર્થ છે, મહામંત્રી, અને સંસારમાં સાચો સ્નેહ હોય પણ ક્યાંથી? સંસાર નામ જ એવું કે જ્યાં સ્વાર્થ સાધવાની જ રમતો રમાતી હોય...માટે ખરેખર તો સંસારવાસ જ સર્વપાપોનું કારણ છે...માટે મારે આ સંસારથી જ સર્યું...હું સંસારનો ત્યાગ કરી પિતાજીના ચરણોમાં જીવન અર્પણ કરવા તૈયાર થયો છું.'

'નાથ, પણ આમ રાજ્યને રઝળતું મૂકી આપે ચારિત્ર લેવું યોગ્ય નથી. રાજા વગરના રાજ્યની શી સ્થિતિ થાય, તે શું આપ નથી જાણતા?' ચિત્રમાળાએ ગદ્‌ગદ્ સ્વરે સુકોશલને વિનંતી કરી.

'દેવી, રાજ્યનો વારસદાર ગર્ભસ્થ છે. એટલે રાજ્ય સનાથ જ છે. હું ગર્ભસ્થ પુત્રનો રાજ્યાભિષેક કરીશ.' સુકોશલે માર્ગ બતાવ્યો.

'પરંતુ આપ પિતાજીનો જ વિચાર કરો, તેઓએ આપનો રાજ્યાભિષેક કરીને પછી જ ચારિત્ર સ્વીકાર્યું હતું.' ચિત્રમાલાએ રાજર્ષિની સામે જોઈને કહ્યું.

'તમારી વાત સાચી છે. હું પણ પુત્રનો રાજ્યાભિષેક કરવા માગું છું, તફાવત એટલો છે કે મારો જન્મ થયા પછી પિતાજીએ રાજ્યાભિષેક કર્યો હતો, હું ગર્ભસ્થ પુત્રનો અભિષેક કરવા માગું છું!'

'આપ થોડાંક વર્ષ રહી જાઓ, એવી મારી આજીજીભરી વિનંતિ છે...' ચિત્રમાલાની આંખમાં આંસુ ઉભરાયાં.

'તમે શોક ન કરો. તમે મારા અંતરાત્માથી પરિચિત છો...મારૂં દિલ સંસારવાસમાં હવે રહી શકે એમ નથી...હવે એક ક્ષણ પણ મને આકરી લાગી રહી છે....એકાંતે આત્મપરાયણ બનીને, કર્મોનાં બંધનો તોડીને....પરમપદને પ્રાપ્ત કરી લેવાની તીવ્ર ભાવના જાગી ઉઠી છે...હવે મને

સંસારવાસમાં રોકીને તમે મને સુખી કરી શકશો ? તમને પણ હું શું સુખ આપી શકીશ ?' સુકોશલે ચિત્રમાલાની સામે જોયું.

અત્યારસુધી મૌન રહીને સાંભળી રહેલા રાજર્ષિએ મધુર વાણીમાં ચિત્રમાલાને કહ્યું :

'હે ભાગ્યવંતી ! સુકોશલના શ્રેયોમાર્ગમાં તમારે સાથ આપવો જોઇએ. પરમાત્મા જિનેશ્વરદેવના શાસનને સમજેલા આત્માનું એ જ કર્તવ્ય હોય.'

બસ, હવે ચિત્રમાલાને કંઈ બોલવાનું સુઝયું નહિ. તેણે મહર્ષિને અંજલિ જોડીને તેઓશ્રીનું વચન સ્વીકારી લીધું. મંત્રીવર્ગે પણ મૌન રહીને પોતાની અનુમતિ પ્રદર્શિત કરી. એકઠા થયેલા હજારો નરનારીઓ તો પોતાના લાડિલા યુવાન મહારાજાને ચારિત્ર લેવા તૈયાર થયેલા જોઇ ચોધાર આંસુએ રડી રહ્યાં. મહારાજા સુકોશલે ત્યાં સહુને જીવનના મહાન કર્તવ્યને સમજાવ્યું આત્મતત્ત્વની ઓળખ કરાવી. તેને કર્મનાં બંધનોથી મુક્ત કરવાની પ્રેરણા આપી. ત્યાં જ ગર્ભસ્થ પુત્રનો રાજ્યાભિષેક કરીને, મહારાજા સુકોશલે રાજર્ષિ કીર્તિધર પાસે સંયમ સ્વીકારી લીધું.

દીક્ષાના સમાચાર વાયુવેગે સહદેવીને મળી ગયા. તે ધરણી પર ઢળી પડી. દાસીઓએ શિતળ જલનો છંટકાવ કરીને વાયુના વીંઝણા ઢાળીને તેને સભાન કરી પરંતુ તેનો કલ્પાંત મંદ ન પડચો. ક્ષણે-ક્ષણે દિવસે-દિવસે અને મહિને-મહિને કલ્પાંત -વેદના વધતી ચાલી, ચિત્રમાલાએ ઘણું ઘણું આશ્વાસન આપ્યું, પરંતુ નિષ્ફળ...મંત્રીમંડળે વારંવાર સમજુતી કરી....પરંતુ નિરાશા...એ ઝુરતી જ રહી....ઝુરતી જ રહી.

તેણે ખાવાનું ત્યજી દીધું, ન્હાવાનું ત્યજી દીધું, ફરવાનું ત્યજી દીધું...કયારેક તે રાગાકુલ બની પુત્ર સુકોશલને યાદ કરતી હૈયાફાટ રૂદન કરવા લાગી...કયારેક દ્વેષ-પ્રચંડ બની...અંગે-અંગમાંથી સુકોશલ પર અગ્નિ વર્ષા કરવા લાગી... કયારેક પાગલ જેવી બની અટ્ટહાસ્ય કરવા લાગી...

તન-મનની શક્તિઓ ક્ષીણ થઇ ગઇ. એક દિવસે...સંધ્યાના સમયે સહદેવીનો આત્મા માનવદેહને ત્યજી ગયો...

રાગ અને દ્વેષની રમતમાં તેણે માનવજીંદગીનો જુગાર ખેલ્યો...

માનવજીંદગી તે હારી ગઇ...જુગાર ખેલવાની અધુરી તમન્નાઓને લઇ તે એક ગિરિ-ગુફામાં પહોંચી ગઈ...વાઘણના પેટે વાઘણ તરીકે અવતરી. અહીં તેને રાગદ્વેષની રમત ખેલવાનું મોટું ક્ષેત્ર મળી ગયું....અમર્યાદ ક્ષેત્ર મળી ગયું !

બીજી બાજુ-પિતા પુત્રને રાગ-દ્વેષ પર વિજય મેળવી લેવાનું વિશાળ ક્ષેત્ર મળી ગયું ! નિર્મમ અને નિષ્કષાય બની પિતા-પુત્ર પૃથ્વી પટને પાવન કરી રહ્યા.

વીતરાગતાને વરવા માટે તેમણે ધરખમ પુરુષાર્થ આદર્યો. તનને તપશ્ચર્યામાં રોકી મનને ધ્યાનમાં પરોવી દીધું. અયોધ્યાના રાજેશ્વરો ધરાતલના યોગીશ્વરો બનીને ભારતને નિવૃત્તિમાર્ગની શ્રેષ્ઠતા બતાવી રહ્યા.

ચાતુર્માસનો કાળ નિકટ આવતો હતો. રાજર્ષિ સુકોશલનો આત્મા ભવ્ય સાધના કરવા ઉછાળા મારી રહ્યો હતો. તેમણે યોગીશ્વર કીર્તિધરનાં ચરણોમાં વંદના કરી અંજલિ જોડી પ્રાર્થના કરી.

'પ્રભુ ! ચાતુર્માસનો કાળ નિકટ આવી રહ્યો છે...'

'હા, મુનિ !' કીર્તિધર મહાયોગીએ સુકોશલની આંખોમાં ચમકતું તેજ જોયું.

'પ્રભુ, આપણે, કોઇ ગિરિગુફામાં જઇએ... પ્રાસુક જગાએ ચારે માસ જ પરમાત્મધ્યાનમાં રહીએ....જો આપ કૃપાળુની....'

'મુનિ ! તમારો મનોરથ સુંદર છે.' મહામુનિએ સુકોશલ મહાત્માની ભાવનાને વેગ આપ્યો.

'તો આપણે એવી કોઇ ગિરિ-ગુફા તરફ વિહાર કરીએ.'

પિતા-પુત્રની કેવી અદ્દભુત જોડી ! એક સાધના માર્ગ ! એક સાધના-વિચાર ! એક તમન્ના.... એક જ આદર્શ.

બંનેએ વિહાર કર્યો. વસંત-પર્વતની તળેટીમાં પહોંચ્યા.

બાજુમાં જ ગોવાળોનું એક નાનકડું ગામ વસેલું હતું. મહાત્માઓએ ત્યાં ચાર મહિનાના ઉપવાસનું અંતરપારણું કરીને પર્વત પર આરોહણ કરવા માંડ્યું. એક પછી એક શિખરો વટાવતા તેઓ એક વિશાળ ગુફાના દ્વારે આવી પહોંચ્યા.

એક મોટી શિલાને જ કોરીને ગુફા બનાવવામાં આવી હતી. ગુફામાં મનોરમ શિલ્પકળાના દર્શન થતા હતાં. વિશેષતા તો એ હતી કે એ જ શિલામાં એક ભવ્ય જિનમૂર્તિ બનવવામાં આવી હતી.

નિરવ શાંતિ હતી. સાધનાનુકૂળ વાતાવરણ ઉપસેલું હતું. બંને મહાત્માઓએ ગુફાના અધિષ્ઠાયકની અનુજ્ઞા-પ્રાર્થના કરી શ્રી જિનેશ્વર ભગવંતની ભાવ-અર્ચના કરી; અને ધ્યાનોપાસનાનો આરંભ કર્યો.

ન હતું ખાવાનું કે ન હતું પીવાનું ! ચાર મહિનાના ઉપવાસ ! એક જ કામ હતું આત્માને પરમાત્મભાવ સાથે જોડી દેવાનું. જેમ જેમ દિવસો પસાર થવા લાગ્યા તેમ તેમ તેઓને અગમ-અગોચર અનુભવ-પ્રકાશ પ્રાપ્ત થવા લાગ્યો. સહજ જ્ઞાનસ્ફૂરણો પ્રગટવા લાગ્યાં. અનુપમ આનંદાનુભૂતિ થવા લાગી.

તેઓ આ જ સૃષ્ટિ પર હોવા છતાં આ સૃષ્ટિ પર વિલસી રહેલા અજ્ઞાન....મોહ...રાગ.... દ્વેષ...કામ...ક્રોધ...માન...માયા...વગેરે અસંખ્ય પાપ પિશાચો, એ ગિરિગુફામાં રહેલી હૃદય ગુફાઓના દ્વારે પણ ડોકાઇ શકતા ન હતા.

તેમની આસુરી શક્તિ મહાત્માઓની અનંત આત્મશક્તિ આગળ લાચાર બનીને રખડી રહી હતી.

મહાત્મા સુકોશલનું આત્મબળ ઝગારા મારી રહ્યું હતું. વીતરાગતાની જ્યોતિ તેમની નિકટ આવી રહી હતી. આત્મસુખનો સાગર-હિલોળે ચઢયો હતો.

૪ માસ પૂર્ણ થયા.

બંને મહાત્માઓએ ગદ્‌ગદ્ કંઠે ભક્તિભર્યા હૈયે ભગવંત શ્રી જિનેશ્વર દેવનાં ચરણોમાં ભક્તિનાં પુષ્પ ચઢાવ્યા...રોમાંચિત શરીરે...બંને ગુફાની બહાર નિકળ્યા.

વસંતપર્વતની વનરાજીઓએ નમીનમીને બંને યોગીશ્વરોનું સ્વાગત કર્યું.

પક્ષીઓએ પ્રદક્ષિણા દીધી.

પરમબ્રહ્મની તૃપ્તિનો અનુભવ કરતા....ધ્યાન-સુધાની ઓડકાર પરંપરાના આસ્વાદ કરતા પિતાપુત્ર વસંતાદ્રિને ઉતરવા લાગ્યા.

તેમની દૃષ્ટિ ભૂમિ પર મંડાઈ હતી...વાઘણની દૃષ્ઠિ તેમના પર મંડાઈ...

એ જ વાઘણ...માનવજીવનને હારી ગયેલી સહદેવીનો આત્મા.

સુકોશલને જોતાં જ વાઘણની વૈરવૃત્તિ જાગી ઉઠી...તેનું કલ્પાંતકાળસમું ડાચું પહોળું થયું. પર્વતશિલાઓને ફાડી નાંખે તેવી ત્રાડી પડી...અને એણે છલાંગ મારી. એક...બે...અને ત્રણ...છલાંગ તો તે બંને મહાત્માઓની નજીક આવી પડી.

જ્યાં વાઘણની ગર્જના થઇ. ત્યાં જ બંને મહાત્માઓ સાવધાન બની ગયા.

તેમને કંઇ ભાગવાનું ન હતું. તેમને વાઘણથી કંઇ ડરવાનું ન હતું ! કે વાઘણથી દેહનું રક્ષણ કરવાનું ન હતું !

એ તો સાવધાન થયા આત્મ સમાધિ માટે. દેહોત્સર્ગ સમયે સમતાની સિદ્ધિ માટે.

બંને મહાત્મનો ધ્યાનસ્થ બનીને ઉભા રહી ગયા. જગતની તમામ જીવસૃષ્ટિને ખમાવી દઈ, પરમકૃપાળુ પરમાત્મા જિનેશ્વરદેવના ધ્યાનમાં લીન થઇ ગયા...તેઓની આત્મસૃષ્ટિમાંથી જગતના તમામ પદાર્થો દૂર થઇ ગયાં...યાવદ્ પોતાનો દેહ પણ દૂર થઇ ગયો. પરમબ્રહ્મમાં લીનતાને સિદ્ધ કરી લીધી.

વાઘણે છલાંગ મારી...તેના ક્રૂર પંજા મહાત્મા સુકોશલના દેહ પર તૂટી પડયા. મુનીનો દેહ ધરણીતલ પર ઢળી પડયો...આત્મા તો પરમબ્રહ્મની લીનતામાં ઉંચે ને ઉંચે આરોહણ કરતો હતો.

ચટ્.. ચટ્....ચટ ચામડાં ચીર્યાં ..
ગટ્....ગટ્. ગટ્ તેણે રૂધીર પીધાં...
ત્રટ્....ત્રટ્...ત્રટ્ માંસનાં લોચા તોડ્યા... હોંશે હોંશે ખાધા.

જુઓ આ એક વખતની સ્નેહસભર મા! પુત્ર ખાતર પાગલ બની જનારી મા! જે પુત્રને એક વાર પોતાના હૃદયનું અભિમાન કરાવનારી... આજે એ પુત્રના દેહનું રૂધીર પીને બદલો લઈ રહી છે. જે પુત્રના દેહને ગોદમાં લઈ હુલરાવનારી મા...આજે એ પુત્રના દેહનું માંસ ફાડીફાડીને ખાઇ રહી છે! જે પુત્રના દેહચર્મને ચુંબનથી આલિંગન દેનારી મા....આજે એ પુત્રના દેહ-ચર્મને કસાઇની જેમ ચીરી રહી છે!

આ છે સંસાર...આ છે સંસારના પરિણામ-દારુણ સ્નેહ સંબંધો... પરિણામદર્શી જ્ઞાની આત્માઓ સંસારને....સંસારના સ્નેહ સંબંધોને છોડી જાય છે, તે આ માટે.

'સંસારના સ્નેહ સંબંધોમાં વિવેકશૂન્ય બની અમે કોઈ પણ જીવ સાથે અન્યાય કરનારા ન બની જઇએ...કોઈપણ જીવને દુ:ખ દેનારા ન બની જઇએ...' આ વિશાળ દૃષ્ટિ જ્ઞાની પુરુષોને સંસારના સ્નેહ-સંબંધોથી મુક્ત બનાવે છે.

દેહ પરથી સાવ મમત્વશૂન્ય બની ગયેલા મહાત્મા સુકોશલ, જ્યારે તેમનો દેહ વાઘણથી વિદારાતો હતો ત્યારે, ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાનમાં આરુઢ બન્યા....ધ્યાનાગ્નિમાં ઘાતીકર્મો હોમાઇ ગયા. કૈવલ્ય પ્રગટ થયું...અઘાતીકર્મો પણ પૂર્ણ થઇ ગયાં અને તેમનો આત્મા અનંત સિદ્ધ ભગવંતોના સહવાસમાં જઇને બેસી ગયો.

માત્ર કોરા હાડકાને ત્યાં મૂકી, પોતાની દારુણ વૈર ભાવનાને સંતોષી વાઘણ ત્યાંથી ચાલી ગઈ.

મહાત્મા કીર્તિધરને ધ્યાનની ધારામાં કેવલ-જ્ઞાન પ્રગટ થયું...કેવળજ્ઞાનના પ્રકાશમાં તેમણે પુત્ર સુકોશલને અનંતના ધામમાં પૂર્ણ સુખમાં મહાલતો જોયો... (અપૂર્ણ)


भारत सरकार से रजिस्टर्ड

**सफेद दाग**

दवा का मूल्य ५) रु० डाक व्यय १।) रु०
विवरण मुफ्त मंगाकर देखिये।

**एक्झिमा** दवा का मूल्य ५) रु०
डाक व्यय १।) रु०

आप भी एक बार अनुभव कर देखिये।
वैद्य के. आर. बोरकर. (४०३)
मु० पो० मंगरुलपीर, जि० अकोला (महाराष्ट्र)

**શ્રી મહાવીર જૈન સ્નાત્ર મંડળ-મુંબઈ**

**સ્નાત્ર-મહોત્સવ**

મુંબઇમાં પાયધુની પર આવેલ શ્રી મહાવીર સ્વામીના દેરાસરજીમાં હંમેશા સંગીત સાથે સવારના સાડા સાત વાગે સામુદાયિક સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે, તો દરેક ભાઇઓને લાભ લેવા વનંતિ

લી० સંઘસેવકો.
મણિલાલ રામચંદ * ચંદુલાલ જેઠાલાલ
પ્રભાસપાટણવાળા ખંભાતવાળા

**જિનપ્રતિમાજીને લેપ-ઓપ**

પ્રતિમાજીને લેપ તથા ઓપ અને ચક્ષુટીકા, નેણ-તંબોળ તથા નાના-મોટા દાગીના ચોડવાનું સુંદર અને મજબૂત કામ કરી આપનાર. ચક્ષુ-ટીકા ચોડવાનો તૈયાર મશાલો દરેક કલરનો અમારે ત્યાંથી મળશે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં કાયમી કામ કરનાર. ભરોસાપાત્ર ગેરેન્ટીવાળા કામ માટે મળો.

વશરામ જયસીંગ લુકુમ્બ
ઠે૦ દરજીના ઢોરે, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

# ત્યાગ પ્રભાવ

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક નવલકથા

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય :** ચંદ્રપુરનગરના ક્ષેમવર્ધનનો રાજભંડાર લૂંટવાની યોજના કરી વંકચૂલ તે નગરમાં આવે છે; બ્રાહ્મણના વેશે માળીના ઘેર ઉતારો કરે છે: માળી તથા માલણને પુત્રની લાલસા બતાવી જાપ કરવાના બહાને રાજના ધનભંડારની તપાસ મેળવી એક રાત્રે વંકચૂલ તથા તેના સાથીઓ ગુપ્ત ધનભંડારના સ્થાને પહોંચી ગયા છે;

**હવે વાંચો આગળ.**

## પ્રકરણ ૨૦ મું

## અજાણ્યું ફળ!

રાજા ક્ષેમવર્ધનનો ગુપ્ત ધનભંડાર ખોલવામાં વંકચૂલને જરાયે વખત ન લાગ્યો.

ધનભંડાર ખૂલતાં જ વંકચૂલે એક સાથીના હાથમાં રહેલો કાકડો સળગાવ્યો અને એના ઝાંખા પ્રકાશમાં તે જોઇ શક્યો કે અઢળક સંપત્તિ ભરી છે...ચારે તરફ સુવર્ણ મુદ્રાઓની થેલીઓની થપ્પીઓ ગોઠવવામાં આવી છે...એક તરફ ચાંદીની પાટો ગોઠવવામાં આવી છે અને મધ્યમાં અનેક નાની મોટી પેટિકાઓ પડી છે. દરેક પેટિકાઓને મજબુત તાળાં મારેલાં છે.

વંકચૂલે ચારે તરફ જોઇને કહ્યું: 'ધનભંડાર તો કુબેરની હરિફાઇ કરે એવો છે...પરંતુ એની કિંમત કંઇ નથી. જે ધનનો ભોગવટો ન થઈ શકે તે ધૂળ બરાબર છે.'

ત્યારપછી તેણે એક પેટિકાનું તાળું આંખના પલકારામાં ખોલી નાખ્યું અને પેટિકા ખોલી. મૂલ્યવાન રત્નોનાં અલકારો ભરેલા હતા. વંકચૂલે પોતાના સાથીઓને કહ્યું: 'આ બધો ધનભંડાર આપણે લઇ જઇ શકીએ એમ નથી. આ મૂલ્યવાન અલકારોની થેલીઓ સત્વર ભરી લો.'

તરત પાંચ થેલીઓ ભરવાનું કામ ઝડપભેર થવા માંડ્યું.

પાંચેય થેલીઓ ભરાઇ ગયા પછી ગુપ્ત ધનભંડાર જેમ હતો તેમ બંધ કરી બધા ગુપ્ત રસ્તા ઉપર આવી ગયા.

બાહ્લ સાવધપણે બેઠો હતો. તે બોલ્યો: 'મહારાજ, બધું સલામત છે.'

'ઉત્તમ...તું આ એક થેલી લઈ લે...હું જરા બહાર નજર કરી દઉં' કહી વંકચૂલે પોતાની પાસેની બે થેલીમાંની એક થેલી બાહ્લને આપી દીધી અને પોતે બહાર નિરીક્ષણ કરવા ગયો.

કોઈ પ્રકારનો ખતરો હતો નહિ. પળનો યે વિલંબ કર્યા વગર પાંચેય શિવાલયની બહાર નીકળી ગયા.

બરાબર આ સમયે રાજા ઝરૂખે આવીને જોતો હતો...તેને આભાસ થયો કે શિવાલયમાંથી કોઇ નીકળ્યું લાગે છે...તેણે પાંચ જણને નહોતા જોયા...માત્ર એક માણસનો આભાસ થયો હતો.

રાજાના ચિત્તમાં સંશય પેઠો. કોઈ આવ્યું હશે કે કેવળ ભ્રમ હશે?

વૃદ્ધ ચોકિયાત સાથે વાતોનાં ગપ્પા મારી રહેલો માળી પોતાની કૂટિર તરફ વિદાય થયો હતો.

પાંચેય લુટારાઓ પણ ઉપવન તરફ ચાલ્યા ગયા હતા.

સંશયમાં સપડાયેલો રાજા પ્રથમ તો શય્યામાં આડે પડખે થયો પણ તેને ચેન ન પડ્યું. જ્યાં ધન હોય ત્યાં જો દાન ન હોય તો ચેન પણ નથી મળતું.

રાજાએ ઉભા થઇ શયનગૃહનું દ્વાર ખોલ્યું... બહાર બંને રક્ષકો ઝોલાં ખાઇ રહ્યા હતા. રાજાએ બૂમ મારી: 'નાયક ક્યાં છે?'

'નીચે છે કૃપાવતાર!'

'એમને સત્વર અહીં લઈ આવો.'

એક રક્ષક ત્વરિત ગતિએ રવાના થયો. રાજા ક્ષેમવર્ધન ત્યાં ને ત્યાં ઉભો રહ્યો.

થોડી જ વારમાં નાયક આવી પહોંચ્યો અને મસ્તક નમાવી ઉભો રહ્યો. રાજાએ કહ્યું : 'કોઈ નવો માનવી ઉપવનમાં દાખલ થયો છે ?'

'ના કૃપાવતાર...માત્ર આપણો માળી વૃદ્ધ ચોકિયાત સાથે વાતો કરતો બેઠો હતો.'

'ચાલો મારી સાથે' કહી રાજા એમને એમ અગ્રસર થયો.

વૃદ્ધ ચોકિયાત ખાટલા પર જાગતો બેઠો હતો. મહારાજને આવતા જોતાં જ તે ઉભો થઇ ગયો.

રાજાએ નજીક આવીને પ્રશ્ન કર્યો : 'માળી સાથે શું કરતો હતો.'

'અમે બંને વાતો કરતા હતા.'

'માળી ક્યારે ગયો ?'

'થોડીવાર પહેલાં જ.'

રાજાના મનમાં થયું...મેં માળીને તો નહિ જોયો હોય ને? તરત તેમણે પ્રશ્ન કર્યો : 'માળી શિવાલય પાસેથી નીકળ્યો હતો ?'

'ના કૃપાવતાર...એ તો આ રસ્તેજ એની કૂટિર પર ગયો હતો.'

ત્યારે આભાસ કોનો થયો હશે? બે પળ વિચારીને રાજાએ પ્રશ્ન કર્યો : 'શિવાલયમાં કોઇ દાખલ થયું હતું ?'

'ના કૃપાવતાર...હું જાગતો જ બેઠો છું... માળી પણ જાગતો જ બેઠો હતો.'

'હં...' કહીને રાજા શિવાલય તરફ અગ્રસર થયો.

બે રક્ષકો અને નાયકને બહાર ઉભા રાખી રાજા શિવાલયમાં ગયો. અંદર અંધકાર હતો... છતાં તેના ચકોર નયનો જોઇ શક્યાં કે નીચે ધનભંડારમાં જવાનો માર્ગ ખુલ્લો છે. કોણ આવ્યું હશે? કોણ ગયું હશે?

વંકચૂલ કદી ભૂલ ન કરે પણ આજ છેલ્લો જયસેન રહ્યો હતો અને શિવાલયમાં આવ્યા પછી ઉતાવળના લીધે ગુપ્ત દ્વાર પૂર્વવત્ કરવાનું રહી ગયેલું.

રાજાને થયું કે અવશ્ય આજે કોઇ ધનભંડારમાં ગયું છે...જ્યાં લોભ હોય ત્યાં ભય અને ગભરાટ પણ હોય છે. અંદરના ધનભંડારની ચાવી રાજા હમેશ પોતાની કમરે જ રાખતો હતો. તે તરત નીચેનો ધનભંડાર જોવા ગુપ્ત રસ્તે દાખલ થયો.

અંધકાર હતો....મશાલ લીધી હોત તો ઠીક પડત...પણ ભય માનવીને ગભરાવી મૂકે છે.

રાજાએ ધનભંડારનું દ્વાર ખોલ્યું. અંદર જઇને ચારે તરફ ઝીણી નજરે જોયું...અંધકારમાં ટેવાયેલી આંખો એકાએક ચમકી ઉઠી. એક પેટિકા પાસે એક વજ્રમુદ્રિકા પડી હતી અને તે ચમકતી હતી. ઉંચા શ્વાસ સાથે રાજા તે પેટિકા પાસે ગયો...તાળાને હાથ અડકાડતાં જ ખુલ્લી ગયું. તરત રાજાએ પેટિકા ખોલી...ખાલી ખમ્મ હતી.... આ પેટિકામાં મૂલ્યવાન અલંકારો હતા.

તરત રાજા બહાર નીકળ્યો. બધું બરાબર બંધ કરી શિવાલયની બહાર આવ્યો અને નાયક સામે જોઇને બોલ્યો : 'નાયક, ત્વરિત ગતિએ જાઓ સગડીઆને બોલાવી લાવો અને મશાલો લઇ આવો. કોટવાળને બોલાવવા એક દૂત રવાના કરો.'

નાયક તરત વિદાય થયો.

વૃદ્ધ ચોકિયાત ધ્રૂજતો ધ્રૂજતો આવી પહોંચ્યો હતો. રાજાએ તેના સામે જોઇને કહ્યું : 'જે માળી તારી સાથે વાતો કરતો હતો તેને સત્વર હાજર કરો...શિવાલયમાં ચોરી થઇ છે.'

'ચોરી ?' વૃદ્ધ ચોકિયાત કંપી ઉઠયો.

'હા...મારી આજ્ઞાનો તત્કાળ અમલ કર.'

બિચારો વૃદ્ધ ચોકિયાત માળીને બોલાવવા ગયો.

અહીં વંકચૂલે કૂટિરમાં આવીને એક તૈયાર રાખેલા શ્રીફળમાં એક રત્નહાર ગોઠવી દીધો અને તે શ્રીફળ લીલા કૌશેયમાં બાંધી સાથીઓને કૂચ કરવાની આજ્ઞા આપી.

ત્યારપછી વંકચૂલે સુચિતાના પતિને જગાડયો... આમ તો બંને માણસો જાગતાં જ બેઠા હતાં. વંકચૂલે જોયું, બંને જાગીને બહાર આવ્યાં છે. તે બોલ્યો: 'તમારૂં કાર્ય થઇ ગયું છે. આ શ્રીફળ પૂજાના ગોંખલામાં મૂકી રાખો....પુત્ર થાય ત્યારે સવા મહિનો વીત્યા પછી શ્રીફળ વધેરજો... ત્યાંસુધી તેને કોઈ બીજાનો હાથ પણ ન અડકે એની કાળજી રાખજો.'

'મહારાજ, અમારા પર આપે મહાન કૃપા કરી.' કહી સુચિતાએ શ્રીફળ બે હાથ વડે લઇ લીધું.

વંકચૂલે કહ્યું: 'આજ નધારેલું બની ગયું છે... અમે અંદર દાખલ થયા કે તરત એક ચોર બહાર નીકળીને ચાલ્યો ગયો. અમે પૂજાનું પતાવીને તરત આવતા રહ્યા...પણ તમે કશું નથી બન્યું એમ જ કહેજો....અને પાંચેય અતિથિ બ્રાહ્મણો સંધ્યા પછી વિદાય થઈ ગયા છે એમ જણાવજો. અમે હવે જઇએ છીએ.'

ઉત્તરની રાહ જોયા વગર વંકચૂલ ચાલ્યો ગયો.

અશ્વો તૈયાર હતા.

પાંચેય સાથીઓ સ્વાર થઇને તરત વિદાય થયા.

માળી અવાક્ બનીને જોતો જ રહ્યો.

સુચિતાએ માતાજીના ગોંખલામાં સંભાળપૂર્વક શ્રીફળ મૂકી દીધું અને મસ્તક નમાવ્યું.

બંને પાછા કૂટિરમાં ગયા અને થોડીપળો વીતી હશે ત્યાં સગડીયાની પાછળ પાછળ કોટવાળ દસ સૈનિકો સાથે ઉપવનમાં આવી પહોંચ્યો.

સગડીયાએ કૂટિર તરફ સગડ ગયાનું કહ્યું:

કોટવાળે માળીને બૂમ મારી તરત માળી બહાર આવ્યો અને બે હાથ જોડી ઉભો રહ્યો.

'તારે ત્યાં પરગામના કોણ મહેમાનો હતા?'

'પાંચ બ્રાહ્મણો આવ્યા હતા...'

'કયાં છે?'

'આજ સાંજે તેઓ જવાનું કહેતા હતા...'

'સાચું બોલ....તે લોકો કયાંના હતા, કોણ હતા ને કઈ તરફ ગયા?'

'બાપુ, ઇતો કાંઇ હું જાણુતો નથી. પાંચેય બ્રાહ્મણો હતા. કયારે અને કઈ તરફ ગયા એની મને કેમ ખબર પડે?'

ત્યાં તો સગડીયાએ આવીને કહ્યું: 'એકાદ ઘટિકા પહેલાં જ અહીંથી પાંચ અશ્વો વિદાય થયાના સગડ મળ્યા છે.'

'એનો પીછો કર....' એક સૈનિક સામે જોઇને કહ્યું:' વીસ ઘોડેસ્વાર સૈનિકો સત્વર અહીં હાજર થાય.'

માળી તો અવાક્ બનીને ઉભો હતો. માલણ પણ પોતાની કૂટિરના બારણા આડી ઉભી ઉભી બધું સાભળી રહી હતી.

થોડીજ વારમાં વીસ અશ્વારોહી સૈનિકો આવી ગયા.

અને સહુ સગડીયાની પાછળ પાછળ ચાલવા માંડયા.

માળી દંપતિએ છૂટકારાનો દમ લીધો. હજી પણ આ બંનેને બ્રાહ્મણ અતિથિઓ પર કોઈ પ્રકારની શંકા નહોતી. ચોરી કરનાર કોઈ ચોર હોવો જોઇએ અને આ લોકો ખોટા સગડે ગરીબ બ્રાહ્મણોની પાછળ પડયા છે....બિચારા વિપત્તિમાં મૂકાઈ જશે.

સુચિતાના પિતાએ પણ રાજા સમક્ષ પોતે કશું ન જાણતો હોવાની વાત કરી હતી.

મુખ્ય માર્ગે સગડ ચડયા એટલે સગડીયાએ કહ્યું: 'મહારાજ, આ રસ્તે જ તેઓ ગયા છે.... જો ઉતાવળ કરશો તો આંબી શકશો.'

તરત કોટવાળ વીસ સૈનિકો સાથે મારતે ઘોડે રવાના થઈ ગયો.

પ્રાત:કાળ થઇ ગયો હતો. વંકચૂલ અને તેના સાથીઓ મધ્યમ ગતિએ અશ્વોને ચલાવી રહ્યા હતા. કોઇ પાછળ પડશે એવો સંશય જ નહોતો.

સૂર્યોદય થયો.

એક સાથીએ કહ્યું; 'મહારાજ આપની આજ્ઞા હોય તો કોઈ સ્થળે વિશ્રામ લઇએ.'

'હા....કોઈ જળાશય આવે એટલે આપણે વિશ્રામ લઇશું.' વંકચૂલે કહ્યું.

બીજી એક ઘટિકા ગઈ અને વંકચૂલના સરવા કાન પર પાછળ અશ્વારોહીઓ આવતા હોય એવો અવાજ અથડાયો અને તે બોલી ઉઠયો: 'બાદલ,, આપણી પાછળ અશ્વારોહીઓ આવતા લાગે છે.... હવે આપણે મૂખ્ય માર્ગે નહિ વધી શકીએ... આડે માર્ગે જ જવું પડશે....જલ્દી કરો...'

ત્યાં તો પાછળથી અવાજ આવ્યો....'એ જાય...એ જાય...'

પણ ત્યાં તો વંકચૂલના પાંચેય અશ્વો તીર વેગે આગળ વધ્યા અને એક તરફના વન તરફ આડે માર્ગે વળી ગયા.

વનમાં દાખલ થતાં જ વંકચૂલે જોયું....પાછળ સશસ્ત્ર દળ આવે છે અને તે પણ આપણી પાછળ પગલે પગલાં દબાવીને આડ માર્ગે વળ્યું છે!

વંકચૂલ માટે હવે એક જ માર્ગ હતો....આડા માર્ગે વિવિધ દિશાઓ પકડીને પાછળ પડેલાઓને ભૂલાવામાં નાખવા.

આ કાર્યમાં વંકચૂલ કુશળ હતો, તે સર્વથી આગળ થયો. અને બોલ્યો 'મારી પાછળ પાછળ આવો.'

સંતાકુકડીની રમત શરૂ થઈ.

વન વિશાળ હતું. છેક મધ્યાન્હ સમયે વંકચૂલ પોતાની રમતમાં જીતી ગયો. પાછળ પડેલા રાજાના માણસો થાપ ખાઇ ગયા.

પરંતુ વંકચૂલને ય પોતાના ગામના માર્ગનો ખ્યાલ ન રહ્યો. આ અજાણ્યું વન હતું....કયે રસ્તેથી વનની બહાર નીકળવું એ એક પ્રકારનો પ્રશ્ન બની ગયો હતો.

આ દોડાદોડીમાં પાંચેય અશ્વો થાકીને લોથ બની ગયા હતા....પાંચેય મિત્રો પણ થાકી ગયા હતા. કોઇ પણ સ્થળે વિશ્રામ લેવો જોઇએ. એમ સહુને લાગતું હતું...નહિ તો અશ્વો એક ડગલું પણ નહિ ચાલી શકે! વળી આડા માર્ગની આ દોડાદોડમાં અશ્વોના પગ પણ જાળા ઝાંખરાથી છોલાઈ ગયા હતા.

સહુની નજર એક નાની છતાં સ્વચ્છ સુંદર સરીતા પર ગઈ સહુ સરીતાના કિનારે એક વૃક્ષની ઘેઘુર ઘટા નીચે અશ્વોને ઉભા રાખી ઉતરી ગયા.

અશ્વોને આરામ મળે એટલા ખાતર નદી કિનારે જ મોકળા મૂકી દીધા જેથી કિનારા પરનું ઘાસ ચરી શકે અને જળપાન પણ કરી શકે.

મધ્યાન્હ પહેલાં વચ્ચે આવતા એક ગામડામાં પહોંચી જવાની ગણત્રી હોવાથી સાથે ભાતું પણ લીધું નહોતું. સહુને થાક, ભૂખ અને તૃષા ત્રણેય પીડી રહ્યાં હતાં.

થોડી વાર વૃક્ષની છાલ નીચે આડે પડખે થઈ પાંચેય મિત્રોએ નદીમાં સ્નાન કરી લીધું અને તાઝગી અનુભવી.

જયસેને કહ્યું: 'મહારાજ, મને તો કડકડીને ભૂખ લાગી છે જો કંઇ ખાવાનું નહિ મળે તો આપણા ગમ અશ્વ પર બેસી શકશે નહિ.'

બાદલે કહ્યું: 'મારી પણ એજ દશા છે... આટલામાં કોઈ ગામડું પણ દેખાતું નથી!'

ત્રીજાએ કહ્યું વન સુંદર છે ..મને લાગે છે કે ફળાહાર જેવું તો મળી જશે.'

વંકચૂલે કહ્યું: 'મોડું થશે તો આ અજાણ્યા વનમાં રાત્રિ ગાળવી વસમી થઈ પડશે.'

'છતાં કોઈ ફળ મળે તો તપાસ અમે કરી આવીએ.' કહીને બાદલ ઉભો થયો. સાથે જયસેન પણ ઉઠયો.

બંને આસપાસમાં કોઈ ફળવાળું વૃક્ષ શોધવા લાગ્યા. થોડે દૂર જતાં સુકેસરી રંગના અતિ સુંદર અને નાળીયેરથી મોટાં ફળવાળા બે વૃક્ષ દેખાયાં.

બંને મિત્રો ત્યાં પહોંચ્યા અને પાંચ ફળ તોડ્યાં. ફળ વજનદાર હતા. બંનેએ કલ્પના કરી કે એક એક ફળથી તૃપ્ત થઇ જવાશે.

પાંચ ફળ લઇને બંને સાથીઓ હર્ષભેર વૃક્ષ નીચે આવી પહોંચ્યા અને બાદલ બોલ્યો: 'મહારાજ, ફળ ઘણા જ સુંદર છે...સુગંધી પણ છે.'

વંકચૂલે એ ફળ હાથમાં લઇ બરાબર જોઇને કહ્યું: 'આ ફળ કયા છે?'

જયસેન બોલ્યો: 'મહારાજ, અમને આનું

નામ નથી આવડતું: પણ ફળ અતિ સુંદર લાગે છે!'

અન્ય સાથીઓ સામે જોઈને વંકચૂલે કહ્યું: ફળ દેખાવમાં તો સુંદર અને પુષ્ટ છે....તમે કાંઈ જાણો છો?'

'ના મહારાજ પણ ભૂખ દૂર કરવા માટે જે મળ્યું તે સોનાનું.' એક સાથી બોલી ઉઠયો.

સહુએ એક એક ફળ લીધું. બાદલે કમરમાંથી છૂરિકા કાઢીને વંકચૂલના હાથમાં આપતાં કહ્યું: 'મહારાજ, લ્યો અને તૃપ્ત થાઓ.'

વંકચૂલે છૂરિકા હાથમાં લીધી અને તેને આચાર્ય ભગવંતે આપેલા નિયમનું સ્મરણ થયું. 'અજાણું ફળ ખાવું નહિ.'

જયસેને કહ્યું: 'કેમ વિચારમાં પડી ગયા?'

'નહિ મિત્ર, મારાથી અજાણું ફળ ખાઈ શકાશે નહિ. તમને યાદ હોય તો આચાર્ય ભગવંતે મને અજાણ્યાં ફળ ન ખાવાનો નિયમ આપ્યો હતો. હું હજી એકાદ દિવસ પર્યંત ખેંચી શકું એમ છું.'

ચારેય સાથીઓએ ફળ કાપ્યાં અને ખાવા માંડ્યા. ફળનો સ્વાદ અતિ મધુર હતો...ખાતા ખાતા ચારેય મિત્રો ફળના સ્વાદનાં ભારોભાર વખાણ કરવા માંડ્યાં.

એક એક ફળ ખાતા જ ચારેય સાથીઓ તૃપ્ત થઈ ગયા અને બાદલ બોલ્યો: 'મહારાજ, આપ ભૂલ કરો છો...આ ફળ ખરેખર દીવ્ય છે...'

'અજાણ્યાં ફળ પ્રાણ જાય તો પણ મારાથી લઈ શકાય નહિ!' વંકચૂલે પ્રસન્ન સ્વરે કહ્યું.

થોડી પળો જતાં જ ચારેય સાથીઓ ત્યાં ને ત્યાં વિશ્રામ લેવા આડે પડખે પડ્યા.

વંકચૂલે તરત પ્રશ્ન કર્યો: 'કેમ મને લાગે છે કે હવે આપણે પ્રવાસની તૈયારી કરવી જોઈએ. આપણા અશ્વો પણ ચરતા ચરતા દૂર નીકળી ગયા લાગે છે.'

ચારેય સાથીઓ આંખો બંધ કરીને પડ્યા રહ્યા. લગભગ અર્ધ ઘટિકા પછી ચારેયને ભારે તાણ ખેંચ થવા માંડી.

વંકચૂલ ચમક્યો...તેણે ચારેય સાથીઓ તરફ નજર કરી તે ઉભો થઈને ચારેયને કહ્યું પૂછે તે પહેલાં જ ચારેયના પ્રાણ નીકળી ગયા.

વંકચૂલના હૈયામાં આ દૃશ્યથી ભારે આઘાત લાગ્યો. તેણે ચારેય સાથીઓને તપાસ્યા...કોઈમાં પ્રાણ નહોતો. હૃદયના સ્પંદન બંધ થઈ ગયાં હતાં.

હવે શું?

થોડી પળ વિચારીને વંકચૂલ પાંચેય અશ્વો લઈ આવ્યો અને ચારેય સાથીઓનાં શબ તથા ખોગીર ગોઠવી પોતાના અશ્વ પર બેસીને વિદાય થયો.

તેણે જતાં પહેલાં વૃક્ષ ઘટા નીચે નજર કરી...અજાણ્યાં ફળનાં છોતરાં અટ્ટહાસ્ય કરતાં પડયાં હતાં....અને મધુર દેખાતું છતાં વિષથી ભરેલું એક ફળ પણ પડયું હતું.

વંકચૂલના હૈયામાં આચાર્ય ભગવંતે કરેલા ઉપકારનું સ્મરણ થયું.

એકવાર બહેન અને પત્ની બચી ગયાં હતાં... આચાર્ય ભગવંતના નિયમના પ્રતાપે!

આજ પોતે બચી ગયો....

અશ્વ પર બેઠાં બેઠાં વંકચૂલે આચાર્યનું સ્મરણ કરીને મસ્તક નમાવ્યું.

વંકચૂલે પ્રવાસ માટે દિશા નક્કી કરી...તે મધ્યગતિએ અશ્વને લઈને આગળ વધ્યો. તેના સાથીઓનાં ચારેય અશ્વો પણ પાછળ પાછળ જવા માંડ્યા. (ક્રમશઃ)

असली केसर
काशमीरी
भाव ९-५० प्रति तोला
काशमीर स्वदेशी स्टोर
एक—१० कैलास कालोनी
नई दिल्ली—१४

# પ્રશ્નોત્તર કર્ણિકા

શ્રી ધર્મસૂરિ

પ્ર૦ ૭૯ : સ્ત્રીવેદનો ઉત્કૃષ્ટ અબાધાકાળ ૧૫૦૦ વર્ષનો છે, તો બ્રાહ્મી-સુન્દરીને ૩૩ સાગરોપમથી અધિક કાળ પછી સ્ત્રીવેદનો ઉદય થયો તેનું શું કારણ ?

ઉ૦ : કોઇ પણ કર્મ બંધાયા બાદ અબાધાકાળ વિત્યા પછી તેનો ઉદય થાય જ એ વાત તો બરોબર છે. પણ તે વિપાકોદય જ થવો જોઇએ એવું નક્કી નહિ. તે વખતે દ્રવ્યાદિની (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ) સામગ્રી પામીને વિપાકોદયવાળી જે સજાતીય પ્રકૃતિ હોય તેમાં સંક્રમીને પણ ભોગવાય. આનું નામ પ્રદેશોદય કહેવાય. જેમ વર્તમાન કાળે સાધુ અને શ્રાવકને દેવગતિ બંધાય છે અને તેની સ્થિતિ અન્તઃકોડાકોડી જેટલી જ હોવાથી તેનો અબાધાકાળ અન્તર્મુહૂર્ત્તનો જ છે. એટલે અન્તર્મુહૂર્ત્ત પછી તે કર્મ અવશ્ય ઉદયમાં આવે, પણ તે વખતે ભોગવાતી મનુષ્યગતિમાં તે કર્મ સંક્રમાઇને ભોગવાય. તે પછી જ્યારે દ્રવ્યાદિની સામગ્રી પલટાય ત્યારે તેનો વિપાકોદય શરૂ થઈ શકે. તે મુજબ બ્રાહ્મી-સુન્દરીને પણ બંધાયેલા સ્ત્રીવેદના દળિયાનો અબાધાકાળ વિત્યા બાદ પ્રદેશોદય ચાલુ થઇ ગયેલો, પણ તે વખતે દ્રવ્યાદિ સામગ્રી પુરુષવેદને અનુકૂળ હતી, એટલે તે સ્ત્રીવેદના દળિયા પુરુષવેદના દળિયામાં સંક્રમાઇને ભોગવાય છે.

વળી બીજી વાત એ છે કે સ્ત્રીવેદનો અબાધાકાળ ૧૫૦૦ વર્ષનો જણાવ્યો છે તે તો ઉત્કૃષ્ટથી છે. બાકી જઘન્યથી તો અન્તર્મુહૂર્ત્તનો પણ અબાધાકાળ કહ્યો છે. માત્ર અબાધાકાળ વિત્યા પછી તે પ્રકૃતિનો વિપાકોદય થાય તેવો નિયમ બંધાય નહિ. નહિતર તો ઘણા સ્થાનમાં આપત્તિ આવે. જેમકે-સમ્યગ્દષ્ટિ દેવતા મનુષ્યગતિ, પ્રથમ સંઘયણ અને ઔદારિક શરીર તથા અંગોપાંગ આદિ પ્રકૃતિઓ બાંધે છે અને તેમને સ્થિતિબન્ધ અન્તઃકોડાકોડી હોઇ અન્તર્મુહૂર્ત્તથી વધુ અબાધાકાળ ન હોઇ શકે. જ્યારે તેમના અસંખ્યવર્ષના તે દેવભવના આયુષ્યમાં આ પ્રકૃત્તિઓનો વિપાકોદય નથી થતો, માટે અબાધાકાળ વિત્યા બાદ તે કર્મનો વિપાકોદય થવો જોઈએ એવો નિયમ બાંધી શકાય નહિ. અને આમે એવો નિયમ છે કે પ્રતિસમય (વેદોદયના વિચ્છેદ પૂર્વેની અવસ્થામાં) ત્રણે વેદનો પ્રદેશથી ઉદય તો ચાલુ જ હોય છે. તેથી બ્રાહ્મી-સુન્દરીને સ્ત્રીવેદ બંધાયા પછી અબાધાકાળ વિત્યા બાદ સ્ત્રીના ભવમાં ન આવ્યા ત્યાં સુધી સ્ત્રીવેદના દલિકો પ્રદેશોદયથી ભોગવાય છે. એટલે તેમને સ્ત્રીવેદના વિપાકોદયમાં ૩૩ સાગરોપમથી અધિક કાલ થયો તેમાં કોઈ હરકત નથી.

પ્ર૦ ૮૦ : તીર્થંકર નામ કર્મ સમ્યગ્દષ્ટિ જ બાંધે છે એથી એનો અબાધાકાળ અન્તર્મુહૂર્ત્તનો જ હોય છે. એ અબાધાકાળ પૂરો થયા પછી કાંઈ તીર્થંકર નામ કર્મ તરત ઉદયમાં તો આવતું નથી તો તેનું ફળ શું ?

ઉ૦ : તીર્થંકરનામકર્મ બંધાયા પછી અન્તર્મુહૂર્ત્તનો અબાધાકાળ પૂરો થયા બાદ તેનો ઉદય શરુ થાય તે પ્રદેશોદયથી જ હોય. કેવળજ્ઞાન થયા પછી તેનો પ્રદેશોદય અને રસોદય બન્ને હોય. પ્રદેશોદય શરૂ થાય ત્યારથી તેઓ જે જે ભવમાં જાય ત્યાં ત્યાં એ તીર્થંકર નામકર્મના પ્રદેશોદયથી અને સહવર્તી સૌભાગ્યનામકર્મ આદિના ઉદય પ્રાબલ્યથી સર્વત્ર ઉત્તમતા વેદે. એટલે તે વખતે તીર્થંકરનામકર્મના ઉદયમાં પ્રદેશની મુખ્યતા અને રસની ગૌણતા. જગદુદ્ધારની ભાવનાથી તીર્થંકર નામ કર્મ બાંધેલું હોવાથી તે પ્રવૃત્તિરૂપે કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ ઉદયમાં આવે, ત્યાં પ્રદેશોદય અને રસોદય બન્નેની મુખ્યતા હોય છે.

પ્ર૦ ૮૧ : એક સરખા ફલવાળા કાર્યમાં કેટલાક કહે છે કે મારું આ કાર્ય ભાગ્યથી થયું

અને કેટલાક કહે છે કે મારૂં આ કાર્ય પુરુષાર્થથી થયું. આ રીતનો જે વ્યવહાર થાય છે તે પ્રામાણિક છે કે અપ્રામાણિક છે? જો પ્રામાણિક હોય તો તેનું કારણ શું?

ઉ૦ : આ જાતિનો વ્યવહાર પ્રામાણિક છે. જ્યાં અલ્પ પુરુષાર્થ અને અલ્પ કાલથી કાર્ય થાય છે ત્યાં લોકો ભાગ્યથી આ કાર્ય સિદ્ધ થયું એમ વ્યવહાર કરે છે. અહીં કર્મ (ભાગ્ય) મુખ્ય કારણ છે અને પુરુષાર્થ ગૌણ કારણ છે. તેથી કર્મનો કારણ તરીકે વ્યવહાર થાય છે. અહીં કર્મ ઉત્કટ રસવાળું હોય છે.

અધિક પુરુષાર્થ અને અધિક કાલથી સિદ્ધ થતાં કાર્યમાં પુરુષાર્થનો કારણ તરીકે વ્યવહાર થાય છે. અહી કર્મ અલ્પરસવાળું હોય છે તેથી તે ગૌણ કારણ છે. અને પુરુષાર્થ મુખ્ય કારણ છે.

પ્ર૦ ૮૨ : કેવલ કર્મ કે કેવલ પુરુષાર્થ કોઇ પણ કાર્યમાં કારણ બને કે નહિ?

ઉ૦ : નિશ્ચયનયની દૃષ્ટિએ કર્મ અને પુરુષાર્થ એક બીજાથી નિરપેક્ષપણે સ્વતંત્ર કારણ મનાય છે. એ નય જે કાર્યમાં કર્મની પ્રધાનતા હોય તે કાર્યમાં કર્મને જ કારણ માને છે અને જે કાર્યમાં પુરુષાર્થ પ્રધાન હોય તે કાર્યમાં પુરુષાર્થને જ કારણ માને છે. બીજું કારણ હોવા છતાં નિશ્ચયનય જે સમર્થ હોય તેને જ કારણ માને છે. એટલે નિશ્ચયનયની દૃષ્ટિએ કેવલ કર્મ કે કેવલ પુરુષાર્થ કારણ તરીકે મનાય છે.

પરંતુ વ્યવહારનયની દૃષ્ટિએ પ્રત્યેક કાર્યમાં કર્મ અને પુરુષાર્થ બન્ને પરસ્પર સાપેક્ષપણે કારણ તરીકે મનાય છે. ફક્ત ગૌણ-મુખ્યતા હોય છે. ઉત્કટ બળવાળું કારણ પ્રધાન ગણાય છે અને અલ્પબળવાળું કારણ ગૌણ મનાય છે.

પ્ર૦ ૮૩ : કર્મ અને પુરુષાર્થ આ બે કારણમાં બળવાન કારણ કયું અને નિર્બળ કારણ કયું?

ઉ૦ : કોઈ સ્થળે કર્મ બળવાન હોય છે તો કોઇ સ્થળે પુરુષાર્થ બળવાન હોય છે. જે કારણ બળવાન હોય તેનાથી નિર્બળ કારણ બાધિત થાય છે. જ્ઞાનગર્ભ નામના મંત્રીને આખા કુટુંબનો નાશ થાય તેવી પરિસ્થિતિ કર્મે ઉભી થઇ હતી તે આખી પરિસ્થિતિને પુરુષાર્થ દ્વારા તેણે બાધિત કરી દીધી. આ સ્થળે પુરુષાર્થ દ્વારા કર્મ બાધિત થઇ ગયું. જ્યારે કૃષ્ણ મહારાજાએ દ્વારિકાના નાશને અટકાવવા અને માતા-પિતાને બચાવવા ઘણો ઘણો પુરુષાર્થ કર્યો પણ કર્મ બળવાન હોવાથી તેમનો પુરુષાર્થ બાધિત થયો.

પ્ર૦ ૮૪ : આધ્યાત્મિક વિકાસમાં કર્મ અને પુરુષાર્થમાં કોણ કોનાથી બાધિત થાય?

ઉ૦ : આધ્યાત્મિક વિકાસમાં અચરમાવર્ત્ત-કાળમાં કર્મથી પુરુષાર્થ બાધિત થાય અર્થાત્ એ કાળમાં ગમે તેટલો પુરુષાર્થ કરવામાં આવે યાવત્ માંખીની પાંખ ન દુભાય તેવું ચારિત્ર પાળવામાં આવે છતાં તે કાળમાં આધ્યાત્મિક વિકાસ થાય જ નહિ.

જ્યારે ચરમાવર્ત્તકાળમાં પુરુષાર્થથી (પ્રાયઃ કરીને) કર્મ બાધિત થાય. પ્રાયઃ જણાવવાનું કારણ એ છે કે ક્વચિત્ નન્દિષેણ મુનિની જેમ જોરદાર પુરુષાર્થ કરવા છતાં તેવા નિકાચિત્ત કર્મ હોય તો પુરુષાર્થ પણ બાધિત થઈ જાય.

જોધપુરની મશહુર, હાથે બાંધેલી જયોર્જેટ
તથા આર્ટ સિલ્કની બાંધણીઓ, પાકા રંગ
તથા કલાત્મક ડીઝાઈનમાં જથ્થાબંધ
તથા રીટેલ ખરીદવા માટે

**હુકમચંદ વી. જૈન**

ડાગા બજાર * **જોધપુર** * રાજસ્થાન

**: અમારા સ્ટોકિસ્ટસ :**

| | |
|---|---|
| મગનલાલ ડ્રેસવાલા | મુંબઇ |
| કે. છોટાલાલ | કલકત્તા |
| વાંઝા કરશનદાસ નાથાભાઇ | જામનગર |
| મયાભાઇ મોહનલાલ | અમદાવાદ |
| લક્ષ્મીચંદ દયાળજી | ભાવનગર |
| ચત્રભૂજ નાનચંદ | સુરેન્દ્રનગર |

# સરળતા, સાધુતા તથા સંયમિતાના પવિત્ર
# ત્રિવેણી સંગમસમા પૂ. પ્રભાવક સૂરિદેવશ્રીને
# ભાવભરી વંદના!

**પૂ. પાદ પરમચારિત્રપાત્ર સુવિહિત શિરોમણિ શાસનશિરતાજ કચ્છ-વાગડ દેશોદ્ધારક સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકસૂરીશ્વરજી મહારાજશ્રી ૫૮ વર્ષનો દીર્ઘ નિષ્કલંક નિર્મલ ચારિત્ર પર્યાય પાળીને ૮૦ વર્ષની વયે ભચાઉ મુકામે ગત શ્રા. વદિ ૫ શુક્રવારના ૩-૧૦ મીનીટે બપોરના સમાધિપૂર્વક કાલધર્મ પામતાં, જૈન શાસનનો શિરતાજ ચાલી જતા સમસ્ત જૈન સંઘે ભારે વેદના અનુભવી છે. જીંદગીની છેલ્લી ક્ષણ સુધી જેઓએ વિલાયતી દવા, ઇંજેક્શન કે કોઇ ઉપચારો કરાવ્યા નથી, ને જેઓની સંયમસાધના તથા આત્મજાગૃતિ કોઇ અપૂર્વ હતી, તે સૂરિદેવશ્રીનો ઉપકાર જૈન શાસનમાં કોઇ અનુપમ હતો. તેઓશ્રીનો પુણ્ય પરિચય 'કલ્યાણ'ના વિશાલ વાચકવર્ગને આપવાના ઉદ્દેશથી અત્રે તેઓશ્રીની ટૂંક જીવનઝરમર રજૂ થાય છે.**

⊙

**આ**ત્મસાધના એ માનવ જીવનનું પરમ ધ્યેય છે; અને એ માટે પુરુષાર્થ કરવામાં માનવીનું પરમ શ્રેય છે. માનવજીવનની ઈતર પ્રાણીઓના જીવન કરતા આ જ અસાધારણ વિશેષતા છે. સ્વ. પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકસૂરીશ્વરજી મહારાજનું જીવન આવું જ આત્મસાધનાના ઉચ્ચ ધ્યેયને વરેલું આદર્શ જીવન હતું. એ પવિત્ર ધ્યેયને માટે જ તેઓ જીવ્યા. જીવનભર એ ધ્યેયને સિદ્ધ કરવા જ તેઓ પુરુષાર્થ ખેડતા રહ્યા. અને જીવનની અંતિમ ક્ષણ સુધી એ ધ્યેય પ્રત્યેની વફાદારીનું દિવ્ય ગાન કરતાં કરતાં જ તેઓ પરલોકના માર્ગે સંચરી ગયા.

ઉંમર તો પુરી ચાર વીશી જેટલી થઇ હતી. પણ આત્મ જાગૃતિમાં ખામી નહિ આવેલી. જ્યારે જુઓ ત્યારે આચાર્યશ્રીનો આત્મભાવ જાગતો જ હોય. શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવે ગુરૂ ગૌતમસ્વામીને પળ માત્રનો પણ પ્રમાદ નહિ કરવાનો આદેશ જાણે પૂ. આચાર્યદેવ શ્રી વિજયકનકસૂરિજી મ. ના જીવનના અણુ અણુમાં વણાઇ ગયો હતો. કાયાની કોઇ માયા-મમતા નહિ. કાયાના કષ્ટો દૂર કરવા માટે દવા અને ડાકટર માટેની કોઇ દોડધામ નહિ, અને એવા કષ્ટથી છુટકારો મેળવવાની કોઈ ઝંખના નહિ. પૂ. આચાર્યદેવશ્રીનું જીવન નિરંતર આત્મભાવમાં મગ્ન રહેતું. એક સાધકના જેવું અવધૂત જીવન હતું.

કચ્છ તો ભલા, ભોળા અને ભાવનાશીલ માનવીઓનો પ્રદેશ. ભણતર ભલે ઓછું રહ્યું, પણ કર્તવ્ય કરવામાં ક્યારેય પાછો ન પડે, અને સાહસિકતા તો જાણે એને પારણે ઝુલતા જ મળેલી. આવા કચ્છ દેશમાં વાગડ વિભાગનું પલાંસવાં ગામ આચાર્યશ્રીની જન્મભૂમિ, એમનાં માતાનું નામ નવલબાઈ, પિતાનું નામ નાનચંદભાઈ અને અટક ચંદુરાની વિ. સં. ૧૯૩૯ ના ભાદરવા વદિ પાંચમે એમનો જન્મ થયેલો. એમનું નામ કાનજીભાઇ હતું.

કાનજી જેવો બુદ્ધિશાળી એવો જ કાર્યકુશલ. સાદાઈ, ઠાવકાઇ અને શાણપણ એનામાં એવાં જ ખીલેલાં, ખાવા કપડાંનો તો એને ક્યારેય કજીયો નહિ, અને બે માણસની વચ્ચે વાત કરે ત્યારે સૌને લાગે કે ઉંમર નાની પણ અક્કલ પાકી. ભાવિના આત્મસાધકને જાણે પોતાના કઠોર માર્ગનું ભાતું નાનપણમાં જ મળી ગયું હતું.

અભ્યાસ વધતો ગયો તેમ સમજણ અને શાણપણ વધતાં ગયાં, અને સાથેસાથે એશઆરામ અને સુખભોગ તરફનો અનુરાગ ઓછો થતો ગયો. કામ સાથે કામ અને જરૂર પુરતો આરામ એ કાનજીનો સહજ જીવનક્રમ બની ગયો. અને ધર્મભાવના તો એના અંતર સાથે જ વણાયેલી હતી.

એને પ્રદિપ્ત કરનાર ધર્મ પુરુષ-નીજ રાહ હતી.

એવામાં કાનજીને પૂજ્ય તપસ્વી પરમસંયમી શ્રી જીતવિજયજી દાદાનો સંપર્ક મળી ગયો. જીતવિજયજી દાદા જેવા જ્ઞાની એવા જ ચારિત્ર-શીલ, અને કચ્છ ઉપર તો એમનો મોટો ઉપકાર. જાણે કાનજીને પારસનો સ્પર્શ મલી ગયો, એનો વૈરાગ્ય ખીલી ઉઠયો. અધુરામાં પુરૂં સાધ્વીજી શ્રી આણંદશ્રીજી જેવા પરમ વિદુષી સાધ્વી રત્નનો કાનજીને પરિચય થયો. પૂ. આણંદશ્રીજી ભારે તેજસ્વી જાજરમાન ધર્મ ગુરૂણી. કાનજીને તો જાણે ધર્મમાતા મલી ગયાં! એણે પોતાનું અં
કહ્યું : 'મારે દીક્ષા લેવી છે.'

પણ આ સાધ્વીજી ખૂબ દૂરદર્શી અને શાણા હતાં. એમણે કાનજીને ધર્માભ્યાસનો માર્ગ ચીંધ્યો. ધર્માભ્યાસમાં નિમગ્ન બનીને જળકમલ જેવું અલિપ્ત જીવન જીવવાનો કાનજીભાઈ અનુભવ લઈ રહ્યા, પુણ્ય ત્યાગમાર્ગની જાણે પૂર્વ ભૂમિકા તેઓ તૈયાર કરી રહ્યા.



પૂ. સૂરિદેવશ્રીની અંતિમ સંસ્કાર યાત્રાનું દૃશ્ય

કાનજીની બુદ્ધિ અને શક્તિ જોઇને પલાસવાંના ઠાકોર એના ઉપર ખૂબ પ્રસન્ન થયા. એણે તો એના પોતાના રાજ્યનો કારભારી થવા, અને વિલાયત જઇને બેરિસ્ટર થઇ આવવાનું પ્રલોભન આપ્યું. પણ કાનજીનો વૈરાગ્યપ્રેમી આત્મા એથી જરાયે ચલાયમાન ન થયો.

પણ હવે વૈરાગ્યનો ભાવ રોક્યો રોકાય એમ નહતો, બીજી બાજુ માત-પિતા અને કુંટુંબીઓ આવા કરમી દીકરાને જતો કરવા તૈયાર ન હતા. પણ આખરે કાનજીની દૃઢ મનોકામના સફળ થઇ. વિ. સં. ૧૯૬૨ માં માગશર સુદિ ૧૫ ના ભર યુવાન વયે, ભીમાસરમાં પૂ. શ્રી જીતવિજયજી દાદાનાં વરદહસ્તે ભાગ્યશાલી કાનજીભાઈ ભાગવતી દીક્ષા અંગીકાર કરે છે

મુનિશ્રી હીરવિજયજીના શિષ્ય તરીકે મુનિશ્રી કીર્તિવિજયજી થાય છે, ને એમનું દીક્ષા વખતનું નામ મુનિરાજ શ્રી કિર્તીવિજયજી પાછળથી વડી દીક્ષા વખતે એ નામ બદલીને મુનિશ્રી કનકવિજયજી રાખવામાં આવ્યું.

પછી તો ભુખ્યો ભોજનમાં મગ્ન થાય એમ, મુનિરાજ શ્રી કનકવિજયજી જ્ઞાન અને વૈરાગ્યની સાધનામાં એકાગ્ર થઇ ગયા. આગમશાસ્ત્ર અને સિદ્ધાંત જ્ઞાન પ્રાપ્ત કરવા તેઓ પૂ. આ. મ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી (બાપજી મહારાજ) મહારાજ અને પૂ. આ. મ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. પાસે રહ્યા. પૂ. બાપજી મ. ના તો તેઓ ખાસ પ્રીતિપાત્ર બની ગયા

તેઓશ્રીનું જ્ઞાન વૈરાગ્યના રંગથી શોભી ઉઠયું હતું. અને એ વૈરાગ્યના સુરમ્ય રંગ આગળ વૈભવ, વિલાસ કે સુખશીલતાનો વિચાર પથ્થર ઉપરથી પાણી સરી જાય એમ સરી જતો હતો. અને પરિગ્રહપરાયણતાની વૃત્તિ તો જાણે એમને

સ્પર્શી શકતી નહતી. સાધુ-સાધ્વીઓના અભ્યાસ માટે એમના ઉપદેશથી અનેક સ્થળે જ્ઞાન ભંડારો સ્થપાયા હોવા છતાં એમના અંતરમાં એની કશી મમતા નહતી.

વિ. સં. ૧૯૭૬ માં કા. વ. ૫ ના પૂ બાપજી મ. ના વરદહસ્તે પાલીતાણામાં પંન્યાસ અને ગણિપદવી તેઓએ પ્રાપ્ત કરી. વિ. ૧૯૮૫ના માહ સુદિ ૧૩ ના ભોયણી મુકામે તેઓને ઉપાધ્યાય પદ પ્રાપ્ત થયું. અને વિ. સં. ૧૯૮૯ ના પોષ વદિ ૭ ના આચાર્ય પદવી પૂ. બાપજી મ. ના વરદહસ્તે અમદાવાદ ખાતે તેમને પ્રાપ્ત થઇ. આચાર્ય તરીકે પુરા ત્રણ દાયકા સુધી શાસનના અધિનાયક પદે રહીને એમણે સંખ્યાબંધ ભાઈ-બહેનોના જીવનને વૈરાગ્યથી સુવાસિત બનાવ્યા હતાં. અનેક પ્રતિષ્ઠાઓ અને ધર્મોત્સવો કરાવ્યા હતા. એમનું અંતર જાણે ધર્મવાત્સલ્યનો અખૂટ ઝરો હતો. પોતાની અંગત કશી જ ચિંતા નહિ સેવનાર આ આચાર્યદેવશ્રી પોતાની શુભ નિશ્રામાં રહેનારાઓના સાચા હિતચિંતક હતા.

ખાંડાની ધારની જેમ સંયમનું અણિશુદ્ધ પાલન અને જરૂર પુરતું ઓછામાં ઓછું સંભાષણ: આ ગુણોને લીધે તેઓ એક પ્રભાવશાલી આચાર્યદેવ તરીકે જૈન સંઘમાં આદરભાવ પામ્યા હતા. અને એમનું વચન સદા શિરસાવંદ્ય ગણાતું હતુ.

સંત પ્રકૃતિના ભદ્રપરિણામી આ આચાર્ય જ્યાં જતાં ત્યાં સુખ શાંતિ પ્રવર્તી રહેતી. તેઓ ભચાઉમાં હતા ત્યારે વિ. સં. ૨૦૧૨ નો ધરતીકંપ ભચાઉને આંચકો નહોતો આપી શક્યો.

નામના કે કીર્તિની કોઇ આકાંક્ષા નહીં, સરળતા અને સાધુતાથી શોભતી નિરંતર આત્મ-રમણતા, ધીર ગંભીર પ્રકૃતિ અને ધર્મ પાલન પ્રભાવનાની જ એકમાત્ર તમન્ના: જાણે આચાર્યદેવશ્રી વિજયકનકસૂરિજીનું જીવન એક સાચા જીવન સાધકનું જીવન હતુ.

એવી ઉત્કટ સાધનાના માર્ગે પોતાના આત્માના કનકને વધુ ને વધુ સ્વચ્છ કરતાં આચાર્ય શ્રી વિજયકનકસૂરીશ્વરજી ગત વિ. સં. ૨૦૧૯ ના શ્રાવણ વદી પાંચમના દિવસે ભચાઉ મુકામે કાલધર્મ પામતાં, જૈન શાસનનો તેજસ્વી સીતારો ખરેખર ખરી પડ્યો.

જૈન શાસનના શિરતાજ, પરમ ચારિત્રપાત્ર ચારિત્રચૂડામણિ પરમશાંત વયોવૃદ્ધ ધીર વીર ને ગંભીર તેજસ્વી સૂરિદેવશ્રીના દુઃખદાયી ચિરવિરહથી જૈન શાસનનો કોહિનુર ખોવાઇ ગયો છે. જૈન શાસનમાં તથા જૈન સંઘમાં તેમાંયે કચ્છ-વાગડ દેશના ભવ્ય જીવોનો સાચો તારણહાર ચાલ્યો ગયો છે. કચ્છ દેશ ખરેખર આધાર વિનાનો, શિરછત્ર વિનાનો તેમજ નાથ વિહોણો બન્યો છે.

વિશાલ તથા ચારિત્રપાત્ર વાગડ સમુદાયના સેંકડોની સંખ્યામાં રહેલા સાધ્વી સમૂહના એકમાત્ર શિરછત્રની પવિત્ર છાયા ચાલી જતાં ખરેખર સહુ કોઈને અપાર વેદના ઉપજી છે.

તેઓશ્રીના પુણ્યવાન પ્રભાવક આત્માની ઉત્તરોત્તર ઉર્ધ્વગતિ પ્રાપ્ત થાવ! તેમજ તેઓશ્રીના ચિરવિરહને સહન કરવાનું અમસર્વને બલ પ્રાપ્ત થાવ એ શાસનદેવને પ્રાર્થના.

GIVE US

THE PLEASURE

OF SERVING

YOU!

**Mukund Automobiles**

Automobiles Bering Specialists

Dwarkadas Mansion,

449, B. Sardar Vallabhbhai Patel Road,

BOMBAY-4

# સમાચાર સાર

**કલકત્તા :** ભવાનીપુર ખાતે શ્રી મૂ. શ્વે. જૈન સોસાયટી ટ્રસ્ટે એક પ્લોટ ખરીદ્યો છે, પછી કામચલાઉ જિનાલય તૈયાર કરેલ છે, જેમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથસ્વામી બિરાજમાન છે. અત્રે પર્યુષણા પર્વની આરાધના જિનાલયના પ્લોટમાં ભવ્ય મંડપમાં સુંદરરીતે ઉજવાઈ હતી. સાંવત્સરિક પ્રતિક્રમણમાં ભાઈ-બ્હેનોની ૫૦૦ ઉપરાંતની સંખ્યા હતી. દેવદ્રવ્ય આદિની ઉપજ સારી થઇ હતી. શ્રેષ્ઠી મગનલાલ મોતિચંદના ધર્મપત્ની કુસુમબેનના ૧૧ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે પૂજા ઠાઠથી ભણાવાઈ હતી. ઉપાશ્રય તથા દેરાસરનું બાંધકામ આગામી વર્ષે શરૂ કરવાની આશા સેવાય છે. સોસાયટીના ટ્રસ્ટીઓએ આરાધના માટે આ વખતે જે સુંદર સગવડ કરી છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

**ખંભાત :** શ્રી તપગચ્છ જૈન અમરશાળામાં પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઈ હતી. પૂ. મુ. શ્રી પ્રિયંકરવિજયજી મ. ને અઠ્ઠાઇ હતી. પૂ. સાધ્વીજીશ્રી ચંદ્રશ્રીજીના સમુદાયમાં ત્રણ સાધ્વીજીઓએ માસખમણની તપશ્ચર્યા કરી હતી. બીજી પણ તપશ્ચર્યા સોળ તેમજ અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યા સારી થઇ હતી. પૂ. આ. મ. શ્રી કનકસૂરીશ્વરજી મ. ના કાળધર્મ નિમિત્તે તથા તપશ્ચર્યા નિમિત્તે ભા. શુ. ૮ ના સિદ્ધચક્રપૂજન થયું હતું. શ્રાદ્ધવર્ય ક્રિયાકારક સ્વ. મનસુખભાઇ બાપુભાઈના શ્રેયાર્થે જૈનશાળા સંઘ તરફથી ભા. શુ. ૬ થી શાંતિસ્નાત્ર અઠ્ઠાઈ મહોત્સવ જૈનશાળામાં ઉજવાયો હતો. પૂજા તથા ભાવનામાં સંગીતકાર શ્રી ગજાનન તેમની મંડળી સાથે આવેલ. મહોત્સવ સુંદર રીતે થયો હતો

**કુર્લા :** (મુંબઇ) અત્રે પૂ. મુ. શ્રી શ્રેયાંસવિજયજી મ. ની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાઈ હતી. દેવદ્રવ્યાદિની ઉપજ સારી થઇ હતી. રથયાત્રાનો ભવ્ય વરઘોડો ભા. શુ. ૧૨ ના રોજ નીકળ્યો હતો. પૂ. મહારાજશ્રીની શુભ પ્રેરણાથી આરાધના સુંદર ઉજવાઈ હતી.

**વઢવાણ શહેર :** પૂ. મુ. શ્રી પૂર્ણાનંદવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. ની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાઇ હતી, ૬૪ પહોરી પૌષધો ૩૫ થયા હતા. પ્રભાવના તથા રથયાત્રાનો વરઘોડો, ચૈત્યપરિપાટી, સ્વામીવાત્સલ્ય આદિ આરાધના સુંદર થઇ હતી. કલ્પસૂત્ર, બારસા, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, પાઠશાળા, સ્વપ્ના આદિની ઉપજ સારી થઇ હતી. તપશ્ચર્યામાં અઠ્ઠાઇ છ આદિ થયા હતા. અઠ્ઠાઈવાળા શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદને ત્યાં અઠ્ઠાઇ નિમિત્તે કલ્પસૂત્રનું રાત્રી જાગરણ થયેલ. પર્વાધિરાજની આરાધના નિમિત્તે તેમજ પૂ. આ. મ. શ્રી વિજયકનકસૂરિ મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે ભા. વ. ૫ થી પંચાહ્નિકા મહોત્સવ શરૂ થયેલ. પહેલા દિવસની પૂજામાં સંગિતકાર શ્રી હીરાલાલ પોતાના સાજ સાથે આવેલ.

**દાદર :** પૂ. આ. મ. શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ. ના સમાધિપૂર્વકના સ્વર્ગારોહણ નિમિત્તે વાગડ સાત ચોવિસીના યુવકો તરફથી શ્રી શાંતિનાથજી દેરાસરમાં ભા. વ. ૨ થી અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયેલ, દરરોજ જુદા જુદા ભાઇઓ તરફથી પૂજા, આંગી તેમજ પ્રભાવના થયેલ.

**સાણંદ :** પૂ. આ. મ. શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજી મ. ના સદુપદેશથી ભરૂચવાળા શ્રી ભરતકુમાર તથા શ્રી કાંતિલાલ તરફથી અષ્ટકર્મસૂદનની પૂજા ભણાવાઇ. પૂજામાં સંગીતકાર હીરાલાલ મંડળી સાથે આવેલ. શ્રાવણ શુદ ૧૫ ના રોજ રંગુનવાળા શ્રી કનૈયાલાલ તરફથી નવાણું પ્રકારની પૂજા વિધિ સહિત ભણાવાઈ હતી. પ્રભાવના થઇ હતી.

**ખંભાત :** લાડવાડા જૈન ઉપાશ્રયમાં પૂ. મુ. શ્રી પદ્મવિજયજી મ. ની શુભ નિશ્રામા પૂ. આચાર્ય મ. શ્રી વિજયધર્મસૂરીશ્વજી મ. ની સ્વર્ગારોહણ તિથિ ભવ્ય સમારોહપૂર્વક ઉજવાઈ હતી. વ્યાખ્યાનમાં પૂ. આચાર્યદેવશ્રીના ગુણગાન થયા હતા. તેમજ શ્રી સ્થંભન પાર્શ્વનાથના દેરાસરે પૂજા ભણાવાયેલ અને ૮૧ આયંબિલ થયેલ.

**વેજલપુર :** (ભરૂચ) પૂ. આ. દેવ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે આરાધના ભવન જૈન સંઘ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો હતો. આઠે દિવસ પૂજા, આંગીઓ ભાવના થતી હતી.

**સીરપુર :** પૂ. સાધ્વીજી મ. પદ્મલતાશ્રીજી તથા પૂ. સા. મયણાશ્રીજી મ. આદિ. ૧૩ની શુભ નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના અભૂતપૂર્વ ઉજવાઇ હતી. પૂ. સા. શ્રી નિરૂપમાશ્રીજી મ. ને માસખમણ પૂ. સા. વીરભદ્રાશ્રીજી મ. ને ૧૬ ઉપવાસ તથા પૂ. સા. શ્રી મહાભદ્રાશ્રીજી તથા વિનયપ્રજ્ઞાશ્રીજી મ. ને સમોવસરણ તપ હતાં બહેનોમાં પચરંગી તપ થયેલ. અઠ્ઠાઇ, અઠ્ઠમ આદિ તપશ્ચર્યા સારી થએલ. પૂ. સા. મ. શ્રી સૂર્યકાંતાશ્રી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે તથા તપશ્ચર્યા નિમિત્તે ભા. સુ. ૬ થી અઠ્ઠાઈ મહોત્સવ થએલ. બે નવકારશી થયેલ. પૂ. તપસ્વી શ્રી સાધ્વીજી મ. ના પગલાં ૫૦૧ મણ ઘી બોલી શ્રી જીવણલાલ લક્ષ્મીચંદે પારણા કરાવવાનો લાભ લીધેલ. પૂજામાં સુરતના સંગીતકાર દીનાનાથની મંડળીએ સારો રસ જમાવેલ.

**સુરત :** નેમુભાઇની વાડીના ઉપાશ્રયે પૂ. આ. મ. શ્રી દેવેન્દ્રસાગરજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના અપૂર્વરીતે થઇ હતી. ચાર ઉપવાસથી માસખમણના તપસ્વીઓના પારણાની ભકિત વાડીના ઉપાશ્રયે થયેલ. તપસ્વીઓને હાર પહેરાવી રૂપીઓ અને શ્રીફળની પ્રભાવના થયેલ. શુદ ૫ ના રથયાત્રાનો વરઘોડો થએલ. અને શુદ ૬ ના ગોપીપુરા સંઘનું જમણ થયેલ. વડા ચૌટા ખાતે પૂ. મુ. શ્રી દોલતસાગરજી મ. ની નિશ્રામાં, નવાપુરા ખાતે પૂ. મુ. શ્રી નંદિવર્ધનસાગરજીની નિશ્રામાં તેમજ સગરામપુરા ખાતે પૂ. મુ. શ્રી નરેશસાગરજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સુંદર રીતે થઈ હતી. વડાચૌટા સંઘ તરફથી પૂ. આચાર્ય દેવશ્રીની નિશ્રામાં ઉપધાન તપની આરાધના કરાવવાનું નક્કી થયું છે, જેનું શુભ મુહૂર્ત આસો શુદ ૧૦નું રાખવામાં આવેલ છે.

**બારશી :** પૂ. પં. શ્રી રંજન વિજયજી ગણિવરશ્રી તથા પૂ. મુ. શ્રી ભદ્રાનંદવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણામહાપર્વની આરાધના સુંદર થઇ હતી, બહારગામથી ઘણા ભાઇઓ આવ્યા હતા. ૬૪ પહોરી પૌષધ, ૧૭, ૧૬, ૧૫, ૧૦ અઠ્ઠાઈ તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઈ હતી. શ્રી રામચંદ ભાઈચંદે ગુરૂ. પૂજન તથા સંઘ પૂજન કર્યા બાદ ભકિતપૂર્વક સંઘને પારણા કરાવ્યા હતા. શ્રી રામચંદભાઈ, ઝુમરલાલ ગાંધી તેમજ દેવીચંદભાઈ એમ ત્રણ તરફથી નવકારશી થઇ હતી. શ્રી નેણશીભાઈ તરફથી આસો શુદ ૧૦ના ઉપધાનની શરૂઆત થશે.

**ચાણસ્મા :** પૂ. મુ. શ્રી જયવિજયજી મ. ની શુભ નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઇ છે. તપશ્ચર્યા નિમિત્તે ભા. શુદ ૧૦ થી અષ્ટોત્તરી સ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ થયેલ. જેમાં જુદા જુદા ગૃહસ્થો તરફથી દરરોજ પૂજા અને પ્રભાવના થતી હતી. ભા. વ. ૨ ના અષ્ટોત્તરી સ્નાત્ર તથા સ્વામિવાત્સલ્ય થએલ.

**શિવાનગઢ :** (રાજસ્થાન) પૂ. પ્રવર્તક શ્રી ગુમાનવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ભવ્યાનંદ વિજયજી મ. ની શુભ નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઇ હતી. ૬૪ પહોરી પૌષધ, માસખમણ, દસ, આઠ આદિ તપશ્ચર્યા સારી થઇ હતી. દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય અને જ્ઞાન દ્રવ્યની ઉપજ સારી થઇ હતી. તપશ્ચર્યા નિમિત્તે આસો માસમાં શાંતિસ્નાત્રનું આયોજન થનાર છે.

**રાધનપુર :** પૂ. આ. મ. શ્રી વિજય કનક-

**મુંબઈ લાલબાગ જૈન ઉપાશ્રયમાં પૂ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની પવિત્ર નિશ્રામાં નિમ્ન ભાઈ-બહેનોએ કરેલી ઉત્કટ તપશ્ચર્યા.**



મનોરમાબહેન જયંતીલાલ (ખંભાત), ૧૬ વર્ષની નાની વયમા જેમણે માસમખમણની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી.



વર્ષાબહેન બાબુભાઈ પટવા. (સુરત), જેમણે ૧૨ વર્ષની નાની ઉંમરમાં અઠ્ઠાઈની તપશ્ચર્યા આદરી હતી.



શા. જયંતીલાલ વિઠ્ઠલદાસ વોરા જેમણે માસખમણની ઉત્કટ તપશ્ચર્યા આદરી હતી.

સૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે સાગરગચ્છના ઉપાશ્રમાં પૂ. મુ. શ્રી હર્ષવિજયજી મ. ની શુભ નિશ્રામાં જૈન સંઘની જાહેર સભા મળી હતી. જેમાં સ્વ. પૂ. સૂરિદેવશ્રીના જીવન પ્રસંગો અંગે શ્રી પન્નાલાલ મશાલિયા આદિએ મનનીય વક્તવ્ય કરેલ. તે મહાપુરૂષના સ્વર્ગવાસથી જૈન સંઘને મહાન ખોટ પડી છે, તેમ જણાવેલ અને તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિ સ્નાત્ર માટે સારી રકમ એકત્ર થએલ.

**મુંબઈ :** લાલબાગ જૈન ઉપાશ્રય ખાતે પૂજ્ય પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં સુંદરરીતે પર્યુષણા પર્વની આરાધના થવા પામી છે. વીસ હજારની ટીપ આયંબીલ ખાતાની તેમજ અન્ય ખાતાઓમાં હજારોની ટીપ, તેમજ ૩૨૦૦ મણ ઘીની ઉપજ, ૮૧ ચોસઠ પ્રહોરી પૌષધ અઠ્ઠાઇ ને તેથી અધિક-બધી થઇ ૮૪ તપશ્ચર્યા, બે માસખમણો. મુનિરાજ શ્રી માણેકવિજયજીને ૨૪ ઉપવાસની તપશ્ચર્યા થયેલ. દરરોજ હજારો સ્ત્રી-પુરુષોએ વ્યાખ્યાન વાણીનો લાભ લીધો. તેમજ સંવત્સરી પ્રતિક્રમણ ખૂબજ શાંતિથી થયું હતું. સુદ ૬ ના રથયાત્રાનો વરઘોડો ૩-૪ બેન્ડ, રથ, ઈન્દ્રધ્વજા, સાંબેલા વિ. ભવ્ય સામગ્રીથી ચઢ્યો હતો. ભા. સુ. ૧૩થી મુંબઇના જિનમંદિરોના દર્શનાર્થે ચતુર્વિધ સંઘ સહ ચૈત્ય પરિપાટી થઇ હતી. પૂજા, પ્રભાવના વ. કાર્યો ઘણીજ સારી રીતે થયા હતા.

**વાર્ષિક પ્રકાશન :** જૈન સમાજના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શતાવધાની શ્રીયુત ધીરજલાલ ટોકરશી શાહના સંપાદન તળે 'સ્વસ્તિક' નામનું વાર્ષિક પ્રકાશન દિવાળી લગભગ પ્રકાશિત થશે. ગુજરાતી તેમજ હિન્દી ભાષાના લેખો તેમાં પ્રસિદ્ધ થશે. ક્રાઉન આઠ પેજી સાઈઝના ૧૦૦ પેજના આ પ્રકાશનની કિંમત રૂા. ૧) એક રહેશે. પોષ્ટેજ ૦-૫૦ ન. પૈ. થશે. આને અંગેની વિશેષ હકીકત માટે શ્રી જૈન સાહિત્ય પ્રકાશન મંદિર, લાધાભાઇ ગણુપત બીલ્ડીંગ, બીજે માળે, ચીંચબન્દર મુંબઈ-૯ એ સિરનામે પત્રવ્યવહાર કરવાથી જાણી શકાશે.

**સાવરકુંડલા :** પૂ. મુ. શ્રી ચંદ્રયશવિજયજી મ. તથા સાધ્વી શ્રી જ્યોતિપ્રભાશ્રીજીની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાઇ. એનોમાં તપશ્ચર્યા સારી થયેલ. તપશ્ચર્યા નિમિત્તે મહોત્સવનું આયોજન થનાર છે.

**બોટલી :** પૂ. મુ. શ્રી જિનભદ્રવિજયજી મ. ની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સારી રીતે થયેલ. તપશ્ચર્યામાં સોળ, આઠ આદિ થયેલ. રથયાત્રાનો વરઘોડો સુંદર રીતે નીકળેલ. અને ઝાંખાપુરામાં પૂ. મુ. શ્રી ઓંકારવિજયજી મહારાજે પર્યુષણાની આરાધના કરાવેલ.


**ધાનેરા :** પૂ. પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મ.ની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર તે ઉજવાઇ. આઠે દિવસ વ્યાખ્યાનમાં જૈન-જૈનેતરની હાજરી સારી હતી. કલ્પસૂત્ર તેમજ સ્વપ્નાના ચડાવા સારા થયા હતા. ત્રણે દેરાસરજીઓમાં દરરોજ ભારે આંગી રચાવવામાં આવતી હતી. બે મુનિરાજોએ અઠ્ઠાઇ કરેલ અને બીજી પણ તપશ્ચર્યા સારી થઇ હતી. દરરોજ જુદી જુદી પ્રભાવનાઓ તેમજ પાંચ પાંચ શ્રીફળની પ્રભાવનાઓ થયેલ. તપશ્ચર્યા નિમિત્તે તેમજ પૂ. આ. મ. શ્રી કનકસૂરિ મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે ભા. શુ. ૬ થી વ. ૧ સુધી અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયેલ. મહોત્સવમાં ૭ નવકારશીઓ થયેલ. ૬૪ પહોરી પૌષધ સારા થયા હતા. એકંદર શાસન પ્રભાવના સારી થઇ હતી.

**નરોડા :** પૂ. મુ. શ્રી જયભદ્રવિજયજી મ. આદિની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાઈ હતી. તપશ્ચર્યાઓ સારી થયેલ. દેવદ્રવ્ય, સાધારણ અને જીવદયાની ટીપ સારી થઇ હતી. ભા. શુ. ૫ ના રથયાત્રાનો વરઘોડો ભવ્ય રીતે નીકળેલો. જુદા જુદા ગૃહસ્થો તરફથી તપસ્વીઓને પ્રભાવનાઓ થયેલ.

**મુંબઇ લાલબાગ જૈન ઉપાશ્રયમાં બિરાજતા પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં**



પં. શ્રી કીર્તિવિજયજી ગણિ. ના શિષ્ય પૂ.મુ. શ્રી માણેકવિજયજીએ ૨૪ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.



મહેશકુમાર હઠીભાઇ જામનગર વાળાએ નાની ઉંમરમાં અઠ્ઠાઇની તપશ્ચર્યા કરી હતી.

**ચોપાટી-મુંબઈ :** શતાવધાની પૂ. પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં આ વર્ષે ઘણી જ સુંદર રીતે આરાધના થવા પામી છે, ૧/૧૬, ૧/૧૧, ૧૪/૮ તેમજ ૩૦૦૦ મણુ ઘીની ઉપજ દાદર જ્ઞાનમંદિરના આયંબીલ ખાતા માટે લગભગ રૂ. ૪) હજાર તેમજ કુંભારટુકડાના આયંબીલ ખાતા માટે અઢી હજાર, અન્ય હજારોની ટીપ, વિવિધ પ્રભાવનાઓ, ભાવનાઓ અને સુંદર અંગરચનાઓ રચાવાતી હતી. પૂ. મુનિ શ્રી પ્રસન્નચંદ્રવિજયજીએ પણ વ્યાખ્યાનો આપ્યા હતા. હસમુખભાઈએ ૧૧ ઉપવાસ કર્યા હતા. શ્રી સંઘે રૂ. ૧૦૧) અર્પણ કરી તેમનું બહુમાન કર્યું હતું, વાજતે-ગાજતે ચૈત્ય પરિપાટી અને સાધર્મિક વાત્સલ્ય પણ રખાયું હતું, એકંદર યાદગાર પર્યૂષણા પર્વની ઉજવણી થઈ હતી.

**દાદર જૈન જ્ઞાનમંદિર :** પૂ. મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મ. શ્રીની શુભ નિશ્રામાં ખૂબ જ સુંદર રીતે આરાધના થવા પામી છે. ૩૧૦૦ મણ ઘી થયું હતું. જે કેટલાય વર્ષો પછી આટલી ઉપજ થઈ હતી. દરરોજ જુદી જુદી પ્રભાવનાઓ, ચોસઠ પ્રહોરી પૌષધો ૯૦ ની સંખ્યામાં હતા, તથા ૪૫ અઠ્ઠાઈઓ હતી. એકાસણા વગેરે વચ્ચે કરાવવામાં આવતા હતા. સંવત્સરી પ્રતિક્રમણ સમયે ઉપરનો વિશાળ હોલ ભરચક થઈ ગયો હતો. સુદ ૭ ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢયો હતો. અને સુદ ૧૩ ના સ્વામી વાત્સલ્ય થયું હતું. અન્ય ટીપોમાં પણ સારી રકમો ભરાઈ હતી. એકંદરે ખૂબ જ ઉત્સાહથી પર્વની ઉજવણી થઈ હતી.

**તારદેવ : મુંબઈ :** તારદેવ સંઘની વિનંતિથી મુનિ શ્રી પૂર્ણભદ્રવિજયજીએ શ્રી બારસા સૂત્રનું વાંચન કરેલ પાઠશાળા-આયંબીલ ઈ.માં ઘણી મોટી રકમો ટીપમાં ભરાઈ હતી.

**યાત્રા વેરો રદ થયો :** જૈનોના પવિત્ર યાત્રાધામ શ્રી શંખેશ્વરજી તીર્થના યાત્રાળુઓ પાસેથી યાત્રા વેરો લેવાનું ત્યાંની ગ્રામપંચાયતે જે નક્કી કરેલ, તેની સામે સમસ્ત જૈનસંઘ તરફથી સખ્ત વિરોધ થયેલ હોવાથી, ગ્રામપંચાયતે યાત્રા વેરો લેવાનું બંધ કરેલ છે. આ રીતે જૈન સંઘની ધાર્મિક લાગણીને માન આપી ગ્રામપંચાયતે યાત્રાવેરો રદ કર્યો છે તે માટે તેમને અભિનંદન. વારંવાર જૈન તીર્થો ઉપર આ રીતે યાત્રા વેરાની ધાક આવી રહે છે, તેના માટે જૈન સંઘના આગેવાનોએ ખૂબ જાગ્રત બની હંમેશને માટે આ ભય ટળે તે માટે પ્રયત્ન કરવાની જરૂર છે.

**માંડવડા (રાજસ્થાન) :** પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી મ. ની શુભ નિશ્રામાં અત્રે પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થઈ હતી. અઠ્ઠાઈ આદિની તપશ્ચર્યા સારી થઈ હતી.

**પાલીતાણા :** શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમની બહેનોએ પર્યુષણાપર્વની આરાધના નિમિત્તે ૧૫, ૧૧, ૧૦, ૯, અઠ્ઠાઈ, ૭, પાંચ ચાર અને અઠ્ઠમ આદિ તપશ્ચર્યા કરેલ. પૂ. આ. મ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ.ને વિનંતિ કરતાં પૂ. મુ. શ્રી વિનોદવિજયજી મ.ને મોકલેલ, તેઓશ્રીએ બારસાસૂત્ર સુંદર રીતે વાંચેલ હતું. ભા. શુ. ૫ના દિવસે પૂ. આ. મ. શ્રી આદિ સંસ્થામાં પધાર્યા હતા અને માંગલિક સંભળાવી વાસક્ષેપ નાંખ્યો હતો. અમદાવાદ નિવાસી સારાભાઈ મણિલાલ નવાબે રૂા. ૧૦૦૧ આપી તેમના ધર્મપત્ની લીલાવંતીબેનને સંસ્થાના પેટ્રન બનાવવાની જાહેરાત કરેલ. શ્રી ધરમશી જાદવજી વોરાએ તેમની સુપુત્રીની તપસ્યા નિમિત્તે સંસ્થાને રૂા. ૧૦૧ ભેટ આપેલ. સંસ્થાની બેનોની તપશ્ચર્યા નિમિત્તે અનેક ભાવિક યાત્રિકો તરફથી પૂ. આચાર્યદેવની પ્રેરણાથી પ્રભાવનાઓ થયેલ. તપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે ભા. શુ. ૮ ના રોજ સંસ્થાના દેરાસરે પૂજા, આંગી તથા ભાવના થયેલ.

**સુરેન્દ્રનગર :** પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી તથા પૂ. મુ. શ્રી મહિમાવિજયજી મ. ની શુભ નિશ્રામાં અત્રે પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. અષ્ટાન્હિકા વ્યાખ્યાન તેમજ કલ્પસૂત્રના વ્યાખ્યાનો પૂ. પંન્યાસજી મહારાજશ્રી

સરળ તેમ જ સુબોધ શૈલિયે વાંચતા હતા. જેનો લાભ સૌ કોઇ શાંત ચિત્તે લેતા હતા. માસખમણ સોળ, અગ્યાર, દસ, નવ, આઠ, સાત, છ, પાંચ, આદિ તપશ્ચર્યાઓ ૩૫૦ ઉપરાંત થઈ હતી. બધા તપસ્વીઓને પારણા તેમ જ શ્રીફળની પ્રભાવના રાંધેજાવાળા શ્રી નાથાલાલ મોહનલાલ તરફથી થયેલ. દેવદ્રવ્ય. જ્ઞાનદ્રવ્ય, સાધર્મિક ભક્તિ તથા પાઠશાળા ફંડમાં પૂ. પન્યાસજી મહારાજની શુભ પ્રેરણાથી સારી ઉપજ થઇ હતી. રથયાત્રાનો વરઘોડો ભવ્ય રીતે ચડેલ હતો. ભા. શુ. ૫ ના સાધર્મિક વાત્સલ્ય સંઘ તરફથી થયેલ. છઠના દિવસે શ્રી નંદલાલ મનસુખલાલના ધર્મપત્ની શ્રી ધનલક્ષ્મીબેનના અઠ્ઠાઇ તપ નિમિત્તે રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચડેલ તેમ જ તેમના તરફથી સાંજે સ્વામિવાત્સલ્ય થયેલ. એકંદરે પૂ. પંન્યાસજી મહારાજની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના અભુતપૂર્વ રીતે ઉજવાઇ. દેવદ્રવ્યની આવક રૂા. ૮૦૦૦, પાઠશાળા ૬૫૦૦ સાધર્મિક ભક્તિ ૪૫૦૦ તથા જ્ઞાનદ્રવ્ય ૧૫૦૦ આ રીતે અભૂતપૂર્વક ઉછામણીનો રેકર્ડ થયેલ છે. ૬૪ પહોરી પૌષધોની સખ્યા ભાઇ-બહેનોમાં સારી થયેલ અને તેમને જુદાજુદા ગૃહસ્થો તરફથી એકાસણાં કરાવવામાં આવેલ.

**મોમ્બાસા :** (આફ્રિકા) અત્રે શ્રાવણ સુદ ૬ ના શુભ દિવસે ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠાનો મહોત્સવ ખૂબ જ ધામધૂમ પૂર્વક ઉજવાયો. દેવદ્રવ્યની ઉપજ લગભગ ૬ લાખ શીલીંગ થઈ હતી. બહારગામથી લગભગ ૧૫૦૦ સાધર્મિક ભાઇબહેનો પધાર્યાં તા. અત્રે પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થયેલ. તેઓની જમવાની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી ઉત્તમ રીતે થઈ હતી. પાઠશાળાના ધાર્મિક શિક્ષક શ્રી રમણીકલાલ ચંદુલાલ પારેખ રાધનપુર વાળાએ ૧૨ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી અને પર્યુષણના આઠે દિવસોમાં સુંદર વ્યાખ્યાનો આપ્યા હતા. અઠ્ઠાઇ અને તેથી વધારે તપશ્ચર્યા ૩૭ લગભગ થઈ હતી. દરેક તપસ્વીઓને જુદાજુદા ભાગ્યશાળીઓ તરફથી સ્ટીલના થાળી તપેલા આદિની ૨૭ પ્રભાવનાઓ થઇ હતી તપસ્વીઓના બહુમાનાર્થે જાહેર સમારંભ ઉપાશ્રયના હોલમાં ભા. સુદ ૩ ના યોજવામાં આવેલ હતો. સંઘના પ્રમુખ શ્રી મેઘજીભાઇ ધનાણીએ જૈન શાસનમાં તપ અને ત્યાગના મહત્ત્વ ઉપર મનનીય વક્તવ્ય કરેલ. પાઠશાળાના શિક્ષક શ્રી રમણિકભાઈનું પારણું શાહ વાઘજી વેલજી ગુઢકાને ત્યાં થયું હતું. તપસ્વી બેનોમાં સૌભાગ્યવતી યશોદાબેન લખમશી ગોવિંદજી શાહને નવ ઉપવાસની તપશ્ચર્યા હતી. સુખપૂર્વક



**સૌ. યશોદા બેન લખમશી શાહ**

તપ પૂરો થયા પછી શાંતિથી પારણું કર્યું હતું. તેઓ શનિવારે રાતનો ૩-૨૦ મિનીટે નમસ્કાર મહામંત્રનો જાપ કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. શ્રી યશોદાબેને નવપદજીની ઓળી અઠ્ઠાઈ આદિ ઘણી તપશ્ચર્યા કરી હતી. તે પુણ્યવાન આત્મા આરાધના કરી તેમનું કલ્યાણ સાધી ગયા. તેમની અગ્નિસંસ્કાર યાત્રામાં ઘણો મોટો જનસમુદાય આવેલ હતો અને બધા વૈરાગ્યના પદો ગાતા હતા. ધાર્મિક શિક્ષક શ્રી રમણિકભાઇએ વૈરાગ્ય પ્રેરક મનનીય વક્તવ્ય કરેલ. સ્વર્ગસ્થના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

**પાલીતાણા** : અત્રે સિદ્ધગિરિજીની પુન્ય છત્રછાયામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાઇ હતી. એક ૪૫ ઉપવાસની તપશ્ચર્યા હતી. નવ માસખમણુ અને ૨૮ સોળભત્તા અને ૧૧૮ અઠ્ઠાઈની તપશ્ચર્યા થઇ હતી. પૂ. સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીના શિષ્યા હર્ષરેખાશ્રીજીને ૧૬ ઉપવાસ તથા જયપ્રજ્ઞાશ્રીજીને ૧૦ ઉપવાસની તપશ્ચર્યા હતી. સાધ્વી શ્રી સુનંદાશ્રીજીના શિષ્યા શ્રી સુલોચનાશ્રીજીને સિદ્ધિતપની તપશ્ચર્યા હતી અને તેઓના શિષ્યા શ્રી ઇન્દ્રયશાશ્રીજીને તથા સત્યરેખાશ્રીજીને ૧૬ ઉપવાસની તપશ્ચર્યા હતી. આ તપશ્ચર્યા નિમિત્તે અરીસાભુવનમાં ભા. શુ. ૬ થી અષ્ટાન્હિકા મહોત્સવ થયેલ.

**ગારીઆધાર** : અત્રે પૂ. સાધ્વી શ્રી ત્રિલોચનાશ્રીજી મ. ની શુભ નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઈ હતી. તપશ્ચર્યા સારી થયેલ. પૂ. આ.મ. શ્રી વિજયકનકસૂરિ મ.ના સ્વર્ગારોહણ નિમિત્તે સંઘ તરફથી પૂજા, ભાવના, આંગી થયેલ. રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢેલ.

**પૂ. તપસ્વી મુ. શ્રી સુભદ્રવિજયજી મ.**



**ભુજ** (કચ્છ) : અત્રે પૂ. તપસ્વી મુનિરાજ શ્રી સુભદ્રવિજયજી મ. ને માસખમણની તપશ્ચર્યા હતી. તે નિમિત્તે તેમજ ચતુર્વિધ સંઘમાં થયેલ બીજી તપશ્ચર્યા નિમિત્તે ભા. શુ. ૮ થી અઠ્ઠાઈ મહોત્સવ થયેલ. આઠે દિવસ પૂજા, ભાવનામાં સંગીતકાર શ્રી રસિકલાલની મંડળીએ સારી જમાવેલ.

**પૂ. પં. શ્રી માનતુંગવિજયજી મ. ની નિશ્રામાં (રાજકોટ)**



આઠ વર્ષની વયના બાળવયસ્ક શ્રી યશવંતરાય કાંતિલાલ શાહે ચોસઠ પહોરી પૌષધ કરેલ.

**માલીયા** (મિંયાણા) : અત્રે પૂ. પં. શ્રી ભુવનવિજયજી ગણિવર્ય તથા પૂ. મુ. શ્રી મહિમાવિજયજી મ. ની શુભ નિશ્રામાં પર્યુષણા મહાપર્વની આરાધના સારી થઈ હતી. શ્રી પ્રભાશંકરભાઈએ કલ્પસૂત્રની ઉછામણી બોલી પોતાને ઘેર રાત્રીજગો કરેલ. તેમજ કલ્પસૂત્ર વહોરાવીને જ્ઞાનપૂજન ગુરૂપૂજન કર્યું હતું. સંવત્સરીના દિવસે બારસાસૂત્રના વાંચન બાદ ચૈત્યપરિપાટી થઇ હતી અને પ્રભાવના થઈ હતી. શુદ ૫ ના રથયાત્રાનો વરઘોડો ધામધૂમપૂર્વક નીકળેલ. શ્રી રાજપાળ ઝીણાભાઈના પુત્રવધુ પુષ્પાબેનના અઠ્ઠાઇતપ નિમિત્તે સાધર્મિક વાત્સલ્ય થયેલ. સાતમના શ્રી સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. જૈન-જૈનેતર ભાઈઓએ સારો લાભ લીધેલ. મહેતા મગનલાલ હરજીવનભાઇએ ૧૬ ઉપાવાસ કરેલ. બીજી પણ તપશ્ચર્યાઓ સારી થઇ હતી.

**વાપી** : પૂ. ઉ. મ. શ્રી જયંતવિજયજી મ. તથા પૂ. પં. શ્રી વિક્રમવિજયજી મ. ની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થઇ હતી. ૨૫ અઠ્ઠાઈ અને ચાર દસ અને ચાર સિદ્ધિતપ થયા હતા. ૯૫ ભાઈ-બહેનોએ ૬૪ પહોરના પૌષધ કરેલ. દેવદ્રવ્યની ઉપજ સારી થઈ હતી. દમણથી તપસ્વીઓ પૂ. મહારાજશ્રીનાં દર્શનાર્થે આવતા સંઘ તરફથી સામૈયું થયું હતું. તપસ્વીઓના પારણા તેમજ પ્રભાવના થયેલ. ભા. શુ. ૫ ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચડેલ. અને સાધર્મિકવાત્સલ્ય થયેલ.

**પૂ. પંન્યાસજી મ. શ્રી ધુરંધરવિજયજી મ ની નિશ્રામાં (ભાયખલા)**

ભાઈ સુનીલ રજનિકાંત મશરૂવાલા (ઉ. વ. ૮) એ પવિત્ર ચોસઠ-પહોરી પૌષધ તથા બ્હેન સ્મૃતિ રજનિકાંત મશરૂવાલા (ઉ. વ. ૧૧) એ અઠ્ઠમ તપની ઉત્તમ આરાધના કરેલ.







ધ્રાંગધ્રા શ્રી અન્દરબાઈ જૈન પાઠશાળાના વિદ્યાર્થી કાંતિલાલ મણિલાલે વર્ષની નાની વયે અઠ્ઠાઈ તપની આરાધના કરેલ છે.

**સુરત :** અત્રે પૂ. શ્રી મોહનલાલજી મ. ના ઉપાશ્રયે બિરાજમાન પૂ. પં. શ્રી નિપુણમુનિ મ.ની નિશ્રામાં તથા પૂ. મુ. શ્રી લલિતમુનિ મ.ની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે થઇ હતી. પંન્યાસજી મહારાજશ્રીએ ૭૯ મી ઓળી પુરી કરીને ૮૦ મી ઓળી શરૂ કરી છે. એક જૈનેતર ભાઇ શ્રી બાબુલાલે માસખમણની તપશ્ચર્યા કરેલ.

**અમદાવાદ :** શામળાની પોળમાં બિરાજમાન પૂ. મુ. શ્રી રૈવતસાગરજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સુંદર થઇ છે. ૧ માસખમણ તથા ૧ સોલભતુ, અઠ્ઠાઇ ૧૫ તથા અઠ્ઠમ ૧૦૦ થયા છે.

**ઝાંઝમેર :** પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. કલ્પસૂત્ર, બારસા અને સ્વપ્નાની ઉપજ સારી થયેલ. શ્રા. વ. ૧૧, ભા. શુ. ૧ તથા ભા. શુ. ૫ ના સ્વામિવાત્સલ્ય થયેલ. પૂ. મહારાજશ્રીએ અઠ્ઠાઇ તપ કરેલ તે નિમિત્તે તેમના સંસારી પિતાશ્રી પોપટલાલ તરફથી પૂજા તથા શ્રી સંઘ તરફથી પાંચ ગામનું સાધર્મિક વાત્સલ્ય થયેલ.

**વગડીયા :** પૂ. મુ. શ્રી માનતુંગવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. વરઘોડો, રાત્રીજાગરણ તથા પ્રભાવના અને ઉપજ સારી થયેલ છે.

**સાબરમતી :** અત્રે આત્મવલ્લભ જ્ઞાનમંદિરમાં પૂ. ઉ. શ્રી ઉદયરત્નવિજયજી મ. ની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. પૂ. ઉપાધ્યાયજી મહારાજે અઠ્ઠાઇની તપસ્યા કરેલ. પારણું શેઠ ભીખાલાલ તરફથી લઈ જવામાં આવેલ અને રાત્રી જાગરણ કરવામાં આવેલ.

**ઝીંઝુવાડા :** અત્રે પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઇ છે. ૬૪ પહોરી પૌષધો તથા બે વરઘોડા તથા તપ જપ આદિ સારા થયા હતા. વ્યાખ્યાન 'કલ્યાણ' ના આરોગ્ય અને ઉપચાર વિભાગના લેખક શ્રી શાહ કાંતિલાલ દેવચંદે દરરોજ સારી રીતે વાંચ્યા હતા.

**દુઃખદ સ્વર્ગારોહણ :** નાના આસંબીયા (કચ્છ) ખાતે પાર્શ્વચન્દ્ર ગચ્છીય પૂ. મુનિપ્રવર શ્રી બાલચંદ્રજી મ. ભા. શુદ ૯ બુધવારના રોજ ૯ા વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓની અંતિમ સંસ્કાર યાત્રા ભવ્ય રીતે નીકળી હતી. તેઓશ્રી વિદ્વાન તેમજ પ્રશાંતમૂર્તિ હતા. ૧૫ વર્ષની વયે સં. ૧૯૭૦ ની સાલમાં દીક્ષા ગ્રહણ કરી હતી. ૫૦ વર્ષનો દીર્ઘ ચારિત્ર પર્યાયપાળી ૬૬ વર્ષની વયે આ રીતે કાળધર્મ પામતા શ્રી પાયચંદ ગચ્છને તેમજ શ્રી કચ્છના જૈન સંઘને તથા સમસ્ત જૈન સંઘને ભારે ખોટ પડી છે. તેઓશ્રીનો પવિત્ર આત્મા જ્યાં હો ત્યાં સદ્‌ગતિગામી બનો એ શાસનદેવને પ્રાર્થના.

**વઢવાણી :** પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણા મહાપર્વની આરાધના સુંદર રીતે થયેલ છે, ૧૨ વર્ષથી માંડી ૭૫ વર્ષ સુધીના ૩૦ ભાઇ-બેનોએ અઠ્ઠાઇ કરી હતી. એક ભાઇએ અઠ્ઠાઇ કરેલ. ૧૮ ભાઇ-બેનોએ ૬૪ પહોરી પૌષધ કરેલ. પૂ. મુ. શ્રી હરિષેણવિજયજી મહારાજે અઠ્ઠાઈ કરી હતી. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યની ઉપજ સારી થઈ હતી. તપસ્વીઓને શા. અંબાલાલ ઉગરચંદ તરફથી પારણા કરાવાયા હતા. તેમના તરફથી શુદી ૫ ના સ્વામીવાત્સલ્ય થયેલ. શુદિ ૬ ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચડયો હતો, શુદિ ૭ થી તપશ્ચર્યા નિમિત્તે ઉત્સવ ઉજવાયેલ.

**ખંભાત :** અત્રે લાડવાડાના ઉપાશ્રયે પૂ. મુ. શ્રી પદ્મવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. સાધારણ, પાઠશાળા, જીવદયા આદિની ટીપ સારી થયેલ. ભા. શુ. ૫ ના ભવ્ય ઠાઠમાઠપૂર્વક રથયાત્રાનો વરઘોડો નીકળેલ હતો. અઠ્ઠાઇની તપશ્ચર્યા સારી થઇ હતી. ભટ્ટીબાઈ સંસ્કૃત પાઠશાળાનાં બાળક-બાળિકાઓને સંઘપતિ શ્રી હીરાભાઈના હસ્તે ઇનામો અપાયા હતા. તપશ્ચર્યા નિમિત્તે શ્રી નવાણું અભિષેકની પૂજા ઠાઠપૂર્વક ભણાવાઈ હતી. ઓસવાલના ઉપાશ્રયે પૂ. મુ. શ્રી હેમચંદ્રવિજયજી મ. ની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાઇ હતી. અઠ્ઠાઇની તપશ્ચર્યા સારી સંખ્યામાં થઈ હતી. તેમજ સમવસરણ તપની આરાધનામાં આરાધકો સારી સંખ્યામાં જોડાયા હતા. ચૈત્યપરિપાટી શ્રી સંઘ તરફથી કરાવાયેલ.


**તમારી કિંમતી ફાઉન્ટન પેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

ફ્લ્યુડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.
શાહી : લખવા માટે સુંદર છે.
ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

હરેક વેપારીને ત્યાં મળશે.
એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

**બનાવનાર : હરિહર રીસર્ચ વર્કસ**
**ઠે. માંડવીપોળ. અમદાવાદ.**

**શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન ઉપકરણ ભંડાર.**

**[અમદાવાદ-૭]**

જૈન જનતાને ધર્મસાધનામાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ અમારા ત્યાંથી કીફાયત ભાવે મળશે. વસ્તુઓ સારી અને સસ્તી ખરીદવા માટે અમારી સાથે પત્ર વ્યવહાર કરો અથવા રૂબરૂ મળો.

**વસ્તુઓનાં નામ:** કેસર, સુખડ, સોના-ચાંદીના વરખ, બાદલો, અગરબત્તી, કટાસણાં, ચરવળા, સુંવાળી સાવરણીઓ...વગેરે.

સરનામું : **જૈન ઉપકરણ ભંડાર, 'મુક્તિદ્વાર'** દશાપોરવાડ જૈન સોસાયટી : **અમદાવાદ-૭.**

**જોરાવરનગર** : પૂ. આ. મ. શ્રી કનકસૂરીશ્વરજી મ. ના કાળધર્મ નિમિત્તે અત્રે પૂ. સાધ્વી શ્રી ચરણશ્રીજી મ.ની શુભપ્રેરણાથી ભા. શુદ ૧૩ થી શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ, દરરોજ જુદા જુદા ભાઇઓ તરફથી પૂજા, પ્રભાવના, આંગી થએલ. ભા. વ. ૩ ના રથયાત્રાનો વરઘોડો ચડેલ. વદી ૫ ના પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીનું સવારે ૯ વાગે સ્વર્ગસ્થ પૂ. આચાર્યદેવશ્રીના જીવન પ્રસંગો ઉપર મનનીય પ્રવચન થયેલ. બપોરે શાંતિસ્નાત્ર ભવ્ય રીતે ભણાવાયેલ, પૂજા માટે આઠે દિવસ સંગીતકાર હીરાભાઈની મંડળી આવેલ ક્રિયા માટે વેલચંદભાઈ તથા માણેકલાલભાઈ આવેલ. જીવદયાની ટીપ રૂા. ૯૦૦ લગભગની થઇ હતી.

**બરલુટ** (રાજસ્થાન) : પૂ પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ચન્દ્રપ્રભવિજયજી મ. અત્રે ચાતુર્માસ બિરાજમાન છે. તેઓશ્રીની શુભ નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઇ છે. ભા. સુ. ૮ ની રાત્રે એક તોફાની ટોળું 'વરસાદ જૈન સાધુએ બાંધ્યો છે, છોડો વગેરે અવાજ કરતું અને અનોપદાસની જે' બોલતું ગામના જૈનોના ઘરોના બારી બારણા ઉપર લાઠીઓ પત્થર મારતું આવેલ. અને ત્યારબાદ પૂ. સાધ્વીજી મ.ના તથા સાધુ મ.ના ઉપાશ્રયે આવેલ અને ઉપાશ્રયના બન્ધ બારણા ઉપર ખૂબ પત્થરમારો કરેલ. જૈન સંઘના સદ્દભાગ્યે પૂ. સાધુ સાધ્વીજી મહારાજને કશી ઇજા થઇ નથી. પરંતુ શ્રાવકોને વાગ્યું છે તેમને શિરોહી હોસ્પીટલમાં દાખલ કરેલ છે. સવારે શિરોહીથી પોલીસપાર્ટી આવતાં તોફાનીઓ શાંત થયા હતા. જૈન મુનિમહારાજો ઉપર આવો અત્યાચાર કરવામાં ગામના ઇતર આગેવાનોનો મુખ્ય હાથ હોવાનું સંભળાય છે. સમસ્ત જૈન સંઘોને આ પ્રસંગે તાકીદની વિનંતિ કે આવા પ્રસંગો મારવાડ-રાજસ્થાનમાં નાના ગામોમાં વારંવાર બની રહ્યા છે, તો આ માટે રાજસ્થાન સરકારને ખાસ આગ્રહપૂર્વક દબાણ કરીને તેમજ આવા પ્રસંગોને અંગે સખ્ત વિરોધ કરીને કોઇપણ રીતે જૈન ધર્મ વિરોધી તત્ત્વોને દબાવી દેવા સખ્ત હાથે કામ લેવું જોઇએ.

**મઢડા** : શિહોર અને પાલીતાણા વચ્ચેના આ ગામમાં જૈન દેરાસર નહીં હોવાથી ભવ્ય જિનાલય તૈયાર કરવાનો સંઘે નિર્ણય કર્યો છે. રૂા. ૩૫ હજારનું ખર્ચ છે. જૈનોના ૧૬ ઘર છે સમસ્ત જૈન સંઘોને વિનંતિ છે કે દેવદ્રવ્યમાંથી કે બીજી રીતે આને જિનાલયના શુભ કાર્ય માટે સહાય કરે. નીચેના સરનામે નાણા મોકલવા વિનંતિ છે. શાહ ઇચ્છાલાલ બાલચંદ, (વાયા શિહોર જંકશન) મુ. મઢડા (સૌરાષ્ટ્ર)

**વાવ** : પૂ. મુ. શ્રી ધનપાલવિજયજી મ ની શુભ નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે થઇ હતી. વરઘોડો ભવ્ય નીકળેલ. સાધર્મિક વાત્સલ્ય થયેલ. પૂ. આચાર્યદેવશ્રી કનકસૂરિ મ.ના સ્વર્ગારોહણ નિમિત્તે શ્રી ચતુર્વિધ સંઘે દેવવંદન કરેલ. સારાય ગામમાં પાખી પાળવામાં આવેલ હતી.



કચ્છ રાજસ્થાન અને ગુજરાત અને પાકીસ્તાન બોર્ડર ઉપર આવેલ વાવ ખાતે શ્રી અજિતનાથ ભગવાનનું ત્રણ મજલાનું ભવ્ય જિનાલય.
(શ્રી અમૃતલાલ એચ. દોશાના સૌજન્યથી)

**શંખલપુર** : પૂ. મુ. શ્રી મહાનંદવિજયજી મ. આદિની શુભ નિશ્રામાં અત્રે પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે થઈ છે. ઘણા વર્ષે સાધુ

રાજનું ચાતુર્માસ થયેલ હોવાથી સંઘમાં ધર્મ-જાગૃતિ સારી આવેલ છે. વર્ધમાનતપની આંબેલની ઓળીના પાયા ૨૩ ભાઈબહેનોએ નાંખેલ. તેની ઉજવણી નિમિત્તે શ્રી સિદ્ધચક્રબૃહત્પૂજન થયેલ. અમદાવાદથી ક્રિયાકારક શ્રી ચીનુભાઇ આવ્યા હતા. અત્રે શ્રી જિનાલયમાં નવખંડા પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય ચમત્કારીક પ્રતિમા બિરાજમાન છે. પૂ. મુ. શ્રી ધુરંધરવિજયજી મહારાજે અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી હતી.

**અમદાવાદ :** અત્રે આશ્રમરોડ ઉપર આવેલ શાંતિનગર જૈન સોસાયટીનાં નૂતન જિનાલયમાં શ્રી સુમતિનાથ ભગવાન આદિ જિનબિંબોની પ્રતિષ્ઠાનો મહોત્સવ અષાડ વદ ૧૧ થી શ્રાવણ સુદ ૭ સુધી ભવ્ય રીતે પૂ. આ. દેવશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉજવાયો. ઉત્સવ દરમ્યાન દરરોજ સવારે પૂ. આચાર્યદેવશ્રીનું પ્રવચન તથા બપોરે પૂજા રાત્રે ભાવના તથા પ્રભુજીને સુંદર અંગરચના થયેલ, કુલ ઉપજ સવા લાખ રૂા.ની થઇ હતી. પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ ગયો.

**વાડાશિનોર :** પૂ. આ. મ. શ્રી જંબૂસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાઈ હતી. પૂ. પં. શ્રી વર્ધમાનવિજયજી ગણિવરે આઠ, પૂ. મુ. શ્રી મહાશાલવિજયજી મહારાજે દસ ઉપવાસ કર્યા હતા. સંઘમાં પણ દસ આઠ આદિ તપશ્ચર્યા સારી થયેલ. શા. રતિલાલ દલસુખભાઇને ત્યાં કલ્પસૂત્ર લઈ જવામાં આવેલ અને ત્યાં રાત્રી જાગરણ થયેલ. પૂજા અંગરચના તથા પ્રભાવના તેમજ તપસ્વીઓના રાત્રીજગા થયા હતા. સ્વપ્ના તથા સાધારણ ટીપ જીવદયા વગેરેમાં સારી આવક થઈ હતી. ભા. શુ. ૫ ના રોજ વરઘોડો ચઢેલ. સાંજે નવકારશી થયેલ. આગામી આસો શુદ ૫ થી નવછોડનું ઉદ્યાપન, શાંતિસ્નાત્ર તથા શ્રી સિદ્ધચક્ર બૃહત્પૂજન થનાર છે.

**સાધાર્મિક વાત્સલ્યમાં નવી પ્રથા :** સુરેન્દ્રનગર ખાતે પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર શ્રીની શુભ નિશ્રામાં પર્વાધિરાજની તપશ્ચર્યા નિમિત્તે ભા. શુ. ૫ તથા ૬ ના સાધર્મિક વાત્સલ્ય થયેલ. લગભગ ૩૫૦૦ ભાઈબ્હેનોએ લાભ લીધેલ. જેમાં થાળી ધોઇ પીનારને શાહ નાથાલાલ મોહનલાલ તરફથી પાંચમના પંચ ન. પૈ.ની પ્રભાવના કરવામાં આવી હતી. જેથી ૩૦૦૦ ભાઇબેનોએ થાળી ધોઈ પીધી હતી. શુદ ૬ ના શાહ ડાયાલાલ લલ્લુભાઈ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ અને તેમના તરફથી પણ થાળી ધોઇને પીનારને પાંચ ન. પૈ. ની પ્રભાવના થયેલ. જેમાં હજારો ભાઇબેનોએ થાળી ધોઇ પીધેલ. આથી ખૂબ જ સ્વચ્છતા જળવાઇ હતી, અને એઠવાડ થયેલ નહી. આવી પ્રથાનું અનુકરણ જો દરક ગામના સંઘો કરે તો સાધર્મિક વાત્સલ્યનું ગૌરવ જળવાઇ રહે.

**જામનગર :** શ્રી શાંતિભુવનના ઉપાશ્રયમાં પૂ. મુ. શ્રી ધર્મરત્નવિજયજી મ. ની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના રૂડી રીતે ઉજવાઇ હતી. સાતી મંડળની સ્થાપના તેમના ઉપદેશથી થયેલ. વર્ધમાન તપના થડા સારા થયા છે. પર્યુષણા પર્વમાં ૬૪ પહોરા પૌષધની આરાધના તેમ જ દેવદ્રવ્યની ઉપજ સારી થઇ છે, તપસ્વી ભાઇઓના પારણા પણ થયેલ. પૂ. આ. મ. શ્રી કનકસૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે ભા. શુ. ૯ ના મહોત્સવ થયેલ.

**મોટામાંઢા :** પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. શ્રી તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સુંદર થઈ છે. આજુબાજુના ગામોમાંથી ભાવિકો આરાધના માટે આવેલ હતા. ૬૪ પહોરી પૌષધવાળાને શાહ પુંજાભાઈ તરફથી પ્રભાવના થઇ હતી. કલ્પસૂત્ર શા તેજપાલભાઈના સુપુત્રોએ ૩૦૦ રૂપિયા ચડાવો બોલી પોતાને ઘેર પધરાવેલ. હંસરાજભાઇ તરફથી સંઘમાં વાટકાની પ્રભાવના થયેલ. ભા. શુ. ૭ ના સ્વામિવાત્સલ્ય થયેલ ગામમાં દુષ્કાળને અંગે રાહતનું કામ ચાલુ છે.

**વર્ષગાંઠની ઉજવણી :** શ્રા. વ. ૧ ના સુરેન્દ્રનગર ખાતે શ્રી વાસુપૂજયસ્વામિના જિનમંદિરની પ્રતિષ્ઠાની ૭૩ મી વર્ષગાંઠ નિમિત્તે સમારંભ ઉજવાયો હતો. ૪૯૧ મણ ઘી બોલી મહેતા ચુનિલાલ ઠાકરશી તરફથી ધ્વજ ચડાવવામાં આવેલ. અષ્ટપ્રકારી પૂજાનાં ચઢાવા થઇને ૬૦૦ મણની ઉપજ થઇ હતી. બપોરે પૂજા ઠાઠમાઠથી ભણાવાઈ હતી. શ્રી વાસુપૂજ્ય જિન મિત્રમંડળના ભાવિકોએ ભક્તિરસની જમાવટ કરી હતી. સાંજે સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય થએલ. પૂ. પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરની નિશ્રામાં ઉત્સવ શાનદાર રીતે ઉજવાયેલ.

**ચૈત્યપરિપાટી :** મુંબઈ-લાલબાગ તરફથી પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં આ વર્ષે ચૈત્યપરિપાટીનો કાર્યક્રમ એક સપ્તાહ ચાલ્યો હતો. ૩૫ જિનમંદિરોનાં દર્શનનો અનુપમ લાભ મળ્યો હતો. એક ભાવિકે હરેક જિનમંદિરે રૂ. ૧૦૧) સાધારણ ખાતામાં અર્પણ કર્યા હતા. માનવ સમુદાય ઘણી જ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેતો. સ્થળે સ્થળે સ્વાગતો શ્રીફળ-પતાસા ઈ.ના સંખ્યાબંધ પ્રભાવનાઓ થયેલ. પૂ. આચાર્યદેવશ્રી તથા પં. શ્રી કીર્તિવિજયજી ગણિનાં પ્રવચનો થતાં હતાં. જનતામાં અનેરો ઉલ્લાસ હતો. છેલ્લે દિવસે હજારો સ્ત્રીપુરુષોની મેદની અને સ્વામીભક્તિ થયેલ. થોડા દિવસ પછી સ્વ. પૂ. આચાર્યદેવ વિજયકનકસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગારોહણ નિમિત્તે તેમજ તપશ્ચર્યા નિમિત્તે એક મહોત્સવ ઉજવાશે.

**કડી :** પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવરની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના ખૂબજ ઠાઠપૂર્વક થવા પામી છે. તપશ્ચર્યા સોળ એક, તથા ૨૭ અઠ્ઠાઇઓ તથા ચત્તારી અઠ્ઠ દસ દોય ચાર, અને અક્ષયનિધિમાં ૧૧૯ ની સંખ્યા હતી. અક્ષયનિધિતપવાળાઓને જુદાજુદા ગૃહસ્થો તરફથી એકાસણા કરાવવામાં આવેલ. શા. સકરચંદ ડાયાભાઇએ રૂા. ૧૩૦૧ ની ઉછામણીથી પારણું ઘેર પધરાવેલ. ભા. શુ. ૫ ના રથયાત્રાનો વરઘોડો ભવ્ય ચઢેલ. પ્રભુજીને લઇને બેસવાનું તથા સારથિ બનવાનો લાભ અનુક્રમે ૮૦૧ તથા ૪૦૧ મણ બોલી સંઘવી ચીમનલાલભાઇએ લીધો હતો. ભા. શુ. ૫, ૬, તથા ૭ ના નવકારશી થયેલ. હાથી ઉપર કલ્પસૂત્ર લઈ બેસવાનો ચઢાવો રૂા. ૫૦૧ બોલી મણિયાર મહેન્દ્રકુમાર જેસંગલાલના ધર્મપત્ની નિર્મળાબેન બેઠા હતા. ભા. શુ. ૬ ના શ્રી રતિલાલભાઇ તથા બાપાલાલભાઇ તરફથી સિદ્ધચક્રબૃહત્પૂજન થયેલ. શુ. ૮ ના ગણધર દેવવંદન થયેલ. અને ૧૧ ના આયંબિલ સાથે અરિહંતપદનો જાપ થયેલ.

**લાતુર :** (મહારાષ્ટ્ર) અત્રે સુરેન્દ્રનગરના ધાર્મિક શિક્ષક શ્રી ચંપકલાલભાઈ સંઘની વિનંતિથી પર્વાધિરાજની આરાધના કરાવવા આવેલ. પર્યુષણનાં વ્યાખ્યાનો, પૂજા પ્રભાવના આદિ સુંદર થયેલ. સુપનાના ઘીની ઉપજ ૧૫૦૦ મણ થયેલ. પારણું શાહ અજિતલાલ દેવીદાસે લીધેલ. રાત્રે રાત્રીજગો કરેલ. તેમના સુપુત્ર કીર્તિકાંતે અઠ્ઠાઈ કરેલ હોવાથી જુદાજુદા ખાતામાં સારી રકમ જાહેર કરેલ. સુદિ ૧૩ ના તેમના તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. એકંદરે, પૂજા, પ્રતિક્રમણ તથા ભાવનામાં ધર્માનુરાગી શિક્ષક શ્રી ચંપકલાલભાઇએ ખૂબ રસ જમાવેલ. સ્તવન સજ્ઝાયો સાંભળવા માટે લોકો હોંશથી આવતા હતા. થોડા ઘરોમાં પણ આરાધના સારી થઇ છે.

**આણંદ :** પૂ. સાધ્વી શ્રી વિબોધશ્રીજી આદિ ઠા. ૩ તથા પૂ. સા. શ્રી કૈલાસશ્રીજી આદિની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. વ્યાખ્યાનોમાં સુંદર રસ આવેલ. શ્રી ચંદુલાલ ભોગીલાલના ધર્મપત્નીના અઠ્ઠાઇતપ નિમિત્તે ૧૩૦૧ મણ ઘી બોલી પારણું પોતાને ઘેર લઈ ગયા હતા. સ્વપ્નાની આવક ૨૦૦૦ મણ થઇ હતી. કરમસદના ૧૬ વર્ષના પાટીદાર વસંતબેને અઠ્ઠાઇની તપશ્ચર્યા કરી હતી. ભા. શુ. ૫ ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો.

આઠે દિવસ પૂજા ભાવનામાં સંગીતકાર રસીકલાલની મંડળી આવેલ. પૂજા-ભાવનામાં સારો રસ જમાવેલ. તપસ્વીઓના પારણા શ્રી શાંતિલાલ પંચાલે કરાવેલ. અઠ્ઠાઇ તપ નિમિત્તે શા. ચંદુલાલ તથા દોશી મણિલાલ નરશીદાસ તથા શા. ચીમનલાલ તરફથી ત્રણ દિવસ નવકારશી થયેલ.

**નાશિક :** પૂ. મુ. શ્રી લલિતવિજયજી મ.ની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર થઇ હતી. ૧૬ ઉપવાસથી પાંચ ઉપવાસ સુધી કુલે ૩૫ ભાઇ-બહેનોએ તપશ્ચર્યા કરેલ. ૬૪ પહોરી પૌષધમાં ૫૫ ભાઈ-બહેનો હતા. અષ્ટમહાસિદ્ધિતપ તથા અક્ષયનિધિતપમાં સારી સંખ્યા હતી. ભા. શુ. ૫ના સ્વામિવાત્સલ્ય શ્રી ચંપાલાલ રાયચંદ (સોમચંદ લાલચંદવાળા) તરફથી થયેલ. એકન્દરે આરાધના સુંદર થયેલ.

**દુઃખદ સ્વર્ગવાસ :** બેડકીહાલનિવાસી શ્રી રતનચંદભાઈ હીરાચંદભાઈ શાહ ૬૨ ઉપવાસની તપશ્ચર્યાની ભાવના સાથે પાલીતાણા ૩૬ ઉપવાસ કરીને નાશિક ખાતે પૂ. મુ. શ્રી લલિતવિજયજી મ.ની નિશ્રામાં આવેલ. ૫૧ ઉપવાસ પૂર્ણ થતાં સંઘની વિનંતિથી તેમણે પારણું કરેલ રૂા. ૫૦૧ પારણાનો ચઢાવો બોલી શ્રી ચંદુલાલ વીરચંદે પારણાનો લાભ લીધો હતો. શ્રા. વ. ૯ના શાંતિપૂર્વક પારણું થયું હતું. આઠ દિવસ સુધી તબીયત સારી રહી. ભા. શુ. ૧ના તબીયત બગડતાં ભા. શુ. ૨ સાંજે છ વાગે તેઓશ્રી સ્વર્ગવાસ પામ્યા છે. તપસ્વીનું બહુમાન જળવાય તે રીતે તેમની અગ્નિસંસ્કાર યાત્રા ઠાઠપૂર્વક નીકળી હતી. તપસ્વીના પુણ્યશાળી આત્માને શાસનદેવ શાંતિ આપો એજ પ્રાર્થના.

**જામનગર :** દિગ્વિજય પ્લોટ શાંતિભુવન ખાતે પૂ. મુ. શ્રી પ્રદ્યોતનવિજયજી મ.ની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે ઉજવાયેલ. તપશ્ચર્યા નિમિત્તે તથા પૂ. સાધ્વી શ્રી લાવણ્યશ્રીજીના અઠ્ઠાઇતપ નિમિત્તે અને પૂ. આ. મ. શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ.ના સ્વર્ગારોહણ નિમિત્તે ભા. શુ. ૧૩ થી મહોત્સવ શરૂ થયો હતો. ભા. વ. ૫ને રવીવારના સવારે સિદ્ધચક્રબૃહત્પૂજન થયેલ. મહોત્સવના આઠે દિવસ પૂજા, ભાવના, આંગી વગેરે થયેલ.




**પાલીતાણા** ખાતે પૂ. આ. મ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં (ડાબી બાજુથી) બેન **અંજનબાલા વસંતલાલ ઝવેરી** ઉ. વ. ૯ તથા (જમણી બાજુ) બેન **જ્યોતિબાળા શાંતિલાલ ઝવેરી** ઉ. વ. ૮ જેઓએ અક્ષયનિધિ તપ વિધિ સહિત કરેલ તથા બંનેએ ચોસઠ પ્રહોરી પૌષધ પણ કરેલ.

**દુઃખદ અવસાન :** લીચ નિવાસી શ્રી બબલભાઇ ડાયાભાઇ ભા. સુ. ૧ના સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ગામના આગેવાન કાર્યકર હતા. તેમના દુઃખદ અવસાનથી ગામને તથા સંઘને મોટી ખોટ પડી છે. ગામના વિશાળ ચોકમાં તેઓના સ્વર્ગવાસ નિમિત્તે શોક વ્યક્ત કરવા શુદ ૩ના બપોરના ત્રણ વાગે શોકસભા યોજાઇ હતી. ગામમાં સખ્ત હડતાલ પડી હતી. સ્વર્ગસ્થના આત્માની અમે શાંતિ ઇચ્છીએ છીએ.

**બાલી :** (મારવાડ) પૂ. મુ. શ્રી માનવિજયજી મ.ની નિશ્રામાં શ્રા. શુ. ૪ના રોજ અખંડ નવ-

કારમંત્રનો જાપ થયેલ. આઠમના આયંબીલની તપશ્ચર્યા થઈ હતી. શુદ ૧૪ના શ્રી સંઘ તરફથી શાંતિસ્નાત્ર થયેલ. શુદિ ૧૫ના ભવ્ય વરઘોડો નીકળ્યો હતો.

**પાલીતાણા** : પૂ. પં. શ્રી હીરમુનિજી મહારાજના સ્વર્ગારોહણ નિમિત્તે તથા તેમના સમુદાયના સાધ્વી શ્રી અચલશ્રીજીના પ્રશિષ્યા સાધ્વીજી કીર્તિપ્રભાશ્રીજીના ૧૬ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે પૂ. પં. શ્રી સુંદરમુનિ મ.ના ઉપદેશથી મોતિ સુખીયાની ધર્મશાળામાં પંચાહ્નિકા મહોત્સવ ઉજવયેલ પૂ. આ. મ. શ્રી વિજયકનકસૂરિ મ.ના સમાધિપૂર્વક કાળધર્મના સમાચારથી અત્રે વસતા વાગડવાસી જૈન ભાઇઓની શોક સભા તા. ૧૨-૮-૬૩ના યોજાતા પૂ. આ. મ.શ્રીના ગુણાનુવાદ અનેક વક્તાઓએ કરેલ. તે નિમિત્તે પૂજા આંગી ભાવના અને જીવદયાના શુભ કામો થયેલ.



પછેગામ નિવાસી શ્રી **અનોપચંદ રતિલાલ વોરા**-જેઓએ જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની પંડિત પરીક્ષા પાસ કરી છે. ૧૯૫૮ ની S.S.C. ની પરિક્ષામાં ભાવનગર કેન્દ્રમાં પ્રથમ આવેલ છે. વડોદરા યુનિવર્સીટીની ૧૯૬૩ની બી. ઇ. પરીક્ષા ફર્સ્ટકલાસ પાસ કરી છે.

**પાળીયાદ** : પૂ. પં શ્રી પ્રભાવવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી સ્વયંપ્રભવિજયજી મ.ની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થઇ હતી. તપશ્ચર્યા સારી થઈ હતી. દેવદ્રવ્યની ઉપજ સારી થયેલ. સ્વામીવાત્સલ્ય થયેલ. ઘણા વર્ષો બાદ સાધુ મહારાજનું ચાતુર્માસ પહેલ વહેલું હોઇ ગામમાં ઉત્સાહ સારો હતો.

**શોકસભા** : સુરેન્દ્રનગર ખાતે શ્રા. વ. ૧૧ ના દિવસે પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં જૈન સંઘની જાહેર સભા યોજાઇ હતી. જેમાં સંઘના માનદ મંત્રી શ્રી બાપાલાલભાઈ મનસુખભાઇએ પૂ. આચાર્યદેવ શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ.શ્રીના ભચાઉ મુકામે શ્રા. વ. ૫ના થયેલ સ્વર્ગારોહણને અંગે શોકદર્શક ઠરાવ રજુ કરેલ. પૂ. પન્યાસજી મહારાજે અધ્યક્ષ સ્થાનેથી આચાર્યદેવશ્રીના સરળતા, સંયમિતા, તેમજ આત્માર્થિપણું આદિ અનેક ગુણોને બિરદાવવા પૂર્વક તેઓશ્રીને ભવ્ય અંજલિ અર્પેલ તદુપરાંત ભારજા મુકામે પૂ. આ. મ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. આદિ મુનિરાજો તથા શ્રી સંઘ ઉપર ભીલોએ કરેલા આક્રમણને અંગે સખ્ત વિરોધ જાહેર કરેલ અને દેવનાર કતલખાનાની યોજનાને અંગે પણ વિરોધદર્શક ઠરાવ થયેલ.

**હૈદ્રાબાદ** : અત્રે સુલતાન બજારમાં બિરાજમાન પૂ. મુ. શ્રી પ્રીતિવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી તત્ત્વવિજયજી મ. ની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થઇ છે. અઠ્ઠાઇ ૧૧, સાત એક અને અઠ્ઠમ ૪૧ ની તપશ્ચર્યા થયેલ. લક્ષ્મીજીનું સ્વપ્ન ૬૦૧ મણમાં અને પારણું ૧૦૧ મણમાં ગયું હતું. કલ્પસૂત્ર તથા બારસાની ઉપજ સારી થઈ હતી. તેમજ દેવદ્રવ્યની ઉપજ પણ સારી થયેલ. જન્મ વાંચન તથા સંવત્સરીના દિવસે બારસાનું વાંચન ભવ્ય મંડપમાં થયું હતું. ૧૦૦૦ ઉપરાંત માણસોથી મંડપ ચિક્કાર હતો. સંવત્સરીના દિવસે સમગ્ર હૈદ્રાબાદમાં કતલખાના બંધ રખાયેલ. એકંદરે આરાધના સુંદર થઈ હતી.

**ટીંટોઇ:** પૂ. મુ. શ્રી નિર્મળવિજયજી મ. ચાતુર્માસાર્થે બિરાજમાન છે. પર્યુષણાપર્વની આરાધના સુંદર થઈ છે. પૂ. સાધ્વી શ્રી સૂર્યોદયાશ્રીજીએ ૧૧ ઉપવાસની તપશ્ચર્યા કરેલ. સંઘમાં ૧૬, ૮, ૫, આદિ તપસ્યા થઇ હતી. પાંચ નવકારશીઓ થઈ હતી. વરઘોડો ભવ્ય નીકળેલ. સુપનાની ઉપજ સારી થયેલ.

**જુનાડીસા :** પૂ. આ. મ. શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. મ. શ્રી વિજય ઓંકારસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની આરાધના સારી થઈ હતી. અઠ્ઠમતપની આરાધનામાં ૧૩૦ બેનોએ ભાગ લીધેલ. ત્રણેય દિવસ પૂજા, આંગી, ભાવના તથા નવકારમંત્રનો જાપ થયેલ. અત્તરવાયણા શા. છોટાલાલ વેલશી તરફથી તથા પારણા શા. નાથાલાલ હાથીભાઈ તરફથી થયેલ.

**વિરોધ કરો :** દેવનારના યાંત્રિક કત્તલખાનાની યોજના ભારતમાં કટોકટી હોવા છતાં સત્તાધીશો આગળ વધારી રહ્યા છે, તો સંસ્કૃતિના કાળા કલંકરૂપ નિર્દોષ પ્રાણીઓની ક્રૂર કત્લેઆમ કરનાર આ કતલખાનાનો વિરોધ જોરશોરથી કરવો અનિવાર્ય બને છે. 'કલ્યાણ' પણ પોતાનો વિરોધ સખ્ત રીતે જાહેર કરે છે, અને ભારતના સંસ્કૃતિપ્રેમી મહાનુભાવોને આનો વિરોધ કરવા નમ્ર વિનંતિ કરે છે.

**વાંદરા :** (મુંબઇ) પૂ. મુ. શ્રી શશીપ્રભવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણા મહાપર્વની આરાધના સુંદર રીતે થઇ છે અક્ષયનિધિ તપમાં જોડાયેલા ભાઈ-બહેનોને જુદાજુદા ભાઇઓ તરફથી એકાસણાં કરાવેલ. દેવદ્રવ્યની ઉપજ સારી થઈ છે પારણું ૧૦૧ મણ ઘી બોલી અત્રેના ટ્રસ્ટી યશોપાલજીએ લીધેલ. વરઘોડો ભવ્ય ચઢેલ.


**પાલીતાણા :** અત્રે પંજાબી ધર્મશાળામાં ચાતુર્માસાર્થે રહેલ શાહ રતિલાલ ચુનીલાલ ઓલપાડવાળાએ પર્યુષણાપર્વની આરાધના નિમિત્તે ૪૫ ઉપવાસની તપસ્યા શાતાપૂર્વક કરેલ. પારણું સુખશાતાપૂર્વક થયું છે. સં. ૨૦૧૭ની સાલમાં સિદ્ધગિરિની નિશ્રામાં તેઓએ માસખમણ કરેલ. તપસ્યામાં તેઓને શક્તિ સારી રહેલ.

**આકોલા :** પૂ. આ. મ. શ્રી માણેકસાગરસૂરિ મ.ની શુભ નિશ્રામાં પર્વાધિરાજની આરાધના ઉત્સાહપૂર્વક ઉજવાઇ હતી. બે માસખમણ ૧૬ અઠ્ઠાઈ અને સંખ્યાબંધ અઠ્ઠમોની તપશ્ચર્યા થઈ હતી. માસખમણ કરનાર બે તપસ્વી ભાઇઓનું સંઘ તરફથી સન્માન કરવામાં આવેલ.

**દાંતા :** (હાલાર) પૂ. મુ. શ્રી મહાસેનવિજયજી મ.ની નિશ્રામાં તેમના શુભ ઉપદેશથી અત્રે શ્રી સપ્તવ્યસન નિષેધક મંડળની સ્થાપના થઇ છે. અને આખાએ ગામે સાતે વ્યસનનો સ્વેચ્છાથી ત્યાગ કરવાની પ્રતિજ્ઞા કરી છે. ગામના સરપંચ કેશરજી પ્રાગજીનું સંઘ તરફથી સન્માન થયું હતું.

**ચુડા :** અત્રે પૂ પં. શ્રી જયાનંદવિજયજી ગણિવર આદિ ઠા. ૩ ચાતુર્માસાર્થે બિરાજમાન છે, તેઓશ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા ઉપદેશમાળા વ્યાખ્યાનમાં વાંચે છે. તિથિની પ્રભાવના વ્યાખ્યાનમાં શેઠ શાંતિલાલ ચુનીલાલ કપાસી તરફથી થતી હતી. અક્ષયનિધિ તપની આરાધના થઇ હતી. અઠ્ઠમથી ૨૧ ઉપવાસ સુધીની તપશ્ચર્યા ૫૫ ભાઇબહેનોએ કરી હતી. જેમાં ૨૧ ઉપવાસની તપશ્ચર્યા પૂ. મહારાજશ્રીના સંસારી બેને કરેલ પર્વાધિરાજની આરાધના નિમિત્તે કુલ ૮ સંઘ જમણ તથા બે નવકારશી થઈ હતી. પારણાના દિવસે ૫૫ તપસ્વીઓને શ્રી શાંતિલાલ કપાસીએ પારણા કરાવી ઉપવાસ દીઠ ૧ રૂપીયાની પ્રભાવના કરી હતી. ભા. શુ. ૫ ના રોજ જળયાત્રા વરઘોડો ઠાઠથી નીકળ્યો હતો, જે માટે ભાવનગરથી મીઠું બેન્ડ બોલાવાયેલ. ચુડાના ના. શ્રી ઠાકોર સાહેબ વ્યાખ્યાનોમાં આવતા હતા. ૫૫ તપસ્વીઓને રૂપીયાની પ્રભાવના તેમણે કરી હતી. મહારાજશ્રીના ઉપદેશથી રાજકુટુંબના જન્મ દિવસોમાં અને પર્યુષણના દિવસોમાં હિંસા ન કરવાનું તેઓએ નક્કી કરેલ છે.

**નવા ડીસા :** પૂ. મુ. શ્રી કીર્તિસેનવિજયજી મ. આદિ ઠા. ૩ અત્રે બિરાજમાન છે. વ્યખ્યાનમાં ધર્મબિન્દુ તથા ધન્ય ચરિત્ર વંચાય છે. રવીવારે બપોરે મોટી પૂજા ભણાવાય છે. નમસ્કાર મહામંત્રની આરાધના નવ દિવસ એકાસણા તપથી થયેલ તેમાં ૮૦ આરાધકો જોડાયા હતા. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના તથા ચંદનબાળાના અઠ્ઠમમાં ૫૦ ભાઇ-બેનો જોડાએલ સિદ્ધગિરિ મહાતીર્થની આરાધના ત્રણ દિવસ આયંબિલ તપથી થયેલ. જેમાં ૧૨૫ ભાઇ-બેનો જોડાયા હતા. અક્ષયનિધિ તપની ૧૬ દિવસની આરાધનામાં ૮૫ ભાઈ-બેનો જોડાએલ. પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થઈ છે. એક બેને માસખમણની તપશ્ચર્યા કરેલ.



નવાડીસા ખાતે વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરનાર ભાગ્યશાલી બાળકો.

**સાબરમતી :** અત્રે પૂ. આ. મ. શ્રી રામસૂરીશ્વરજી મ. (ડેલાવાળા) તથા પૂ. મુ. શ્રી ભુવનવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ગુણચંદ્રવિજયજી મ. ની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની આરાધના સુંદર રીતે ઉજવાઇ હતી. ૬૪ પહોરી પૌષધ, અઠ્ઠાઇ, અઠ્ઠમ આદિ તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઈ હતી. દરરોજ પ્રભાવના તેમજ આકર્ષક અંગરચના થયેલ. દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય તેમજ જ્ઞાન દ્રવ્યમાં ઉપજ સારી થઇ હતી. ભા. શુ. ૫ ના શ્રી રતિલાલ ચુનીલાલ તરફથી તપસ્વીઓને પારણા તથા સાધર્મિક વાત્સલ્ય થયેલ. પૂ મુ. શ્રી ભુવનવિજયજી મ. આદિ ત્રણ ઠાણાને તથા પૂ. સાધ્વીજી મ. ને સુખશાતાપૂર્વક યોગોદ્વહન ચાલે છે.

**ઇંડાનો પ્રચાર :** પંજાબ સરકાર તરફથી સ્કુલોમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે દૂધની યોજનાને બદલે ઇંડા આપવાની યોજના વિચારાઈ હતી, તેનો વિરોધ થતાં પંજાબ સરકારે ઇંડા ન લેનારને માટે દૂધની યોજના જાહેર કરી છે, પણ અમારો એ સામે વિરોધ છે કે ઇંડા આપવાનું બંધ કરી સર્વ કોઇને દૂધ આપવું જોઇએ. આ માટે પંજાબ પ્રદેશમાં હોશિયારપુર ખાતે બિરાજમાન પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ. પ્રયત્ન કરી રહ્યા છે, અમે તેમની સફળતા ઇચ્છીએ છીએ કે પંજાબ સરકાર ઇંડા આપવાનું સદંતર બંધ કરે.

**સ્થળાભાવના કારણે :** કલ્યાણમાં અનેક વિષયોની ચાલુ લેખમાળા પ્રગટ થતી રહે છે, જેને અંગે વાચકોને સારૂં એવું આકર્ષણ રહ્યું છે, પણ કેટલાક અગત્યના લેખો તથા સમાચાર લેવાના હોવાથી ચાલુ લેખમાળા જૈન ભૂગોળ, પંચતીર્થી યાત્રા પ્રવાસ, વહેતાં ઝરણાં, મધપૂડો, જ્ઞાનગોચરી ઈત્યાદિ લેખો પ્રસિદ્ધ થઇ શક્યા નથી. તેમજ ગયા વખતે કંપોઝ થયેલ મેટર 'સાભાર સ્વીકાર' પણ લેવાઇ શકાયું નથી. નવા પ્રકાશનો 'પાર્શ્વવલ્લભ પ્રતિષ્ઠા મહોત્સવ અંક', 'મહેન્દ્ર જૈન પંચાગ સં. ૨૦૨૦-૨૧', 'જૈન ગૂર્જર સાહિત્ય રત્નો ભા. ૨' તથા 'શુશીલની સંસ્કાર કથાઓ' 'ભારતને કલંકરૂપ દેવનાર કતલખાનું' 'પંચાંગકારો મેં દો મત' સાભાર સ્વીકાર માટે અમને મળેલ છે. આગામી અંકથી નિયમિત અમારી ઉપર આવેલા નવા પ્રકાશનોનું અવલોકન પ્રસિદ્ધ થતું રહેશે. સમાચાર વિભાગમાં પણ કેટલાક સમાચારો સ્થળાભાવના કારણે તેમજ મોડા આવ્યા હોવાથી રહી જવા પામ્યા છે, તે ઉપયોગી સમાચારો આગામી અંકે પ્રસિદ્ધ કરવા અમે પ્રયત્ન કરીશું. પર્વાધિરાજના પુણ્ય પ્રસંગે ભારતભરના સંઘો તરફથી થયેલ આરાધનાની અમો અનુમોદના કરીએ છીએ.

તા. ૧૧-૯-૬૩


પુનાના આનંદ પ્રચારક

**શ્રી બાબુલાલ રેવચંદ પારેખ**

૨૧૦, ગુરૂવાર પેઠ, પૂના-૨

જેમણે અન્તરની લાગણીપૂર્વક કલ્યાણનું પ્રચારકાર્ય સંભાળ્યું છે.

# આજ આજ ભાઇ અત્યારે !

જૈન શાસન, સંસ્કૃતિ, સંસ્કાર તથા શિક્ષણ અને શ્રદ્ધાના એક માત્ર પ્રચારક 'કલ્યાણ' ની લોકપ્રિયતા માટે અમારે કશું કહેવાનું ન હોય !

વિવિધ વિષયોથી સમૃદ્ધ અનેકવિધ સાહિત્યના રસથાળરૂપ 'કલ્યાણ' આજે ૪૫૦૦ નકલો પ્રસિદ્ધ કરે છે, જૈન સંઘમાં આ રીતે કેવલ સાહિત્ય સેવાના ઉદ્દેશથી ધાર્મિક ટ્રસ્ટ દ્વારા સેવાભાવી સંચાલકોની આત્મીયતાથી પ્રસિધ્ધ થતું આ એક જ માસિકપત્ર છે.

**આવા સેવાભાવી માસિકના તમે ગ્રાહક બની,**
**બીજાને ગ્રાહક બનવા જરૂર પ્રેરણા કરો !**

જ્ઞાનવિજ્ઞાનની તેજછાયા, વહેતાં ઝરણું, પ્રશ્નોત્તર કર્ણિકા, દેશ અને દુનિયા, જ્ઞાન ગોચરી, મધપૂડો, અનુભવની એરણ પરથી, જૈન ભૂગોળ, શંકા સમાધાન, મહામંગલ શ્રી નવકાર ઈત્યાદિ લોકપ્રિય વિભાગો તેમજ ચાલુ બે વાર્તાઓ, તથા અન્ય રસપ્રદ વાર્તાઓ, અને મનનીય લેખો ઉપરાંત રશીયન રોકેટ જેવો કિલ્લોલ કરાવતો, બાલ, યુવાન, પ્રૌઢ તેમજ વૃદ્ધોને એકસરખી રીતે જ્ઞાન સાથે ગમ્મતના ફુલગોટા ઉછાળતો 'બાલ જગત' નો લોકપ્રિય વિભાગ આ બધું તમને આનંદ તથા આરામ આપશે !

જેમાં આગામી અંકે 'વિના પ્રવેશ ફી-અંક હરિફાઇ' રજૂ થશે, જેનો લાભ લઇ શોધ સાથે બોધ અને સ્વાર્થ સાથે પરમાર્થ મેળવો !

**જૈન શાસનના એકમાત્ર પ્રતિષ્ઠિત પત્ર 'કલ્યાણ' ના**
**આજે જ આજ આજ ભાઈ અત્યારે જ ગ્રાહક બનો !**

વાર્ષિક લવાજમ રૂા. ૫—૫૦ (પોષ્ટેજ સાથે)

## શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ

વઢવાણ શહેર :: (સૌરાષ્ટ્ર)

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ માટે વઢવાણ શહેરથી પ્રકાશિત કર્યું.